ભાગ-૩

# જૈનશાસનના જ્યોતિર્ધરો



પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૮

# જૈનશાસનના જ્યોતિર્ધરો

## ભાગ-૩

જિનશાસનના ઉદ્યાનને મહેકાવતા ૧૬ પારિજાતો


શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-3**
**Jain Shasana's Jyotirdharo Part-3**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

સાહિત્યસેવા : ૪૦-૦૦

પૃષ્ઠ : ૮ + ૧૨૦

પ્રતિ : ૨૦૦૦


મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન

(૧) **જિતેન્દ્ર જ્વેલર્સ** ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462

(૩) **ગૂર્જર પ્રકાશન** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663

(૪) **પ્રવચન શ્રુતતીર્થ** વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ

સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિક્તાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

## સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

# લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઇઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ભૂલનું પ્રાયશ્ચિત્ત : પાંજરાપોળનો પાયો | ૧ |
| ૨ | અપેક્ષાથી અધિક દાન | ૮ |
| ૩ | જીવદયાની જાગતી જ્યોત | ૧૨ |
| ૪ | જીવદયા કાજે શહીદી | ૧૯ |
| ૫ | અદશ્ય અક્ષરો વાંચવાની કળા | ૨૬ |
| ૬ | આનું નામ પર્યુષણ ઊજવી જાણ્યા | ૩૧ |
| ૭ | ખસી જઈને ખોરડાએ સંઘને સત્કાર્યો ! | ૩૬ |
| ૮ | ભાગ્ય આડેનું પાંદડું | ૪૩ |
| ૯ | ધનને નહિ પહેલી સલામ તો ધર્મને ! | ૪૯ |
| ૧૦ | મહાજનની માનાર્હતા | ૫૫ |
| ૧૧ | ભાવનાનું વિસ્તરતું જતું વર્તુળ | ૬૬ |
| ૧૨ | કોઈ કાર્ય અકારણ ન હોઈ શકે | ૭૨ |
| ૧૩ | વિરલ વિશેષતા ધરાવતું એકમાત્ર મંદિર | ૭૬ |
| ૧૪ | પૂર્વભવના પડદે પ્રતિબિંબિત અભયકુમાર | ૮૨ |
| ૧૫ | સાધર્મિક ભક્તિનો સદેહાવતાર | ૮૯ |
| ૧૬ | સાધુ એટલે ખુમારીનો ખજાનો | ૯૭ |
| ૧૭ | અહિંસા/અભયનો અવતાર | ૧૦૩ |
| ૧૮ | આંસુના અક્ષર | ૧૧૩ |

૧

## ભૂલનું પ્રાયશ્ચિત્ત : પાંજરાપોળને પાયો

ભૂલ એનું જ નામ કે, એક વાર થઈ ગયા પછી વારંવાર એનું પુનરાવર્તન ઇચ્છાય નહીં. સામાન્ય રીતે ભૂલ માટે આવી અપેક્ષા રાખી શકાય, પરંતુ ક્યારેક નાનકડી ભૂલની વેલડી પર મસમોટું પુણ્ય ફળ લચી પડેલું જોઈને, મનમાં એવો વિચાર આવી જાય કે, આવી ભૂલ વારંવાર થતી રહે અને એના ફળનો આસ્વાદ સૌ માણતા રહે! આમ તો જો કે વાહિયાત લાગે, એવી આ વાત છે. પણ સદી પૂર્વેના રામપુરામાં બનેલી એક સત્યઘટના જાણીશું, તો આજે પણ નગરશેઠ ચકુભાઈ દ્વારા થયેલી ભૂલ પરિવર્તિત થતી રહે, તો કેવું સારું, આ જાતનો વિચાર ઝબૂકી ગયા વિના નહીં જ રહે.

૧૦૦ વર્ષ પુરાણા રામપુરા-ભંકોડામાં જૈનત્વની અનેરી જાહોજલાલી જોવા મળતી. ૨૦૦ જેટલા જૈન પરિવારોનો વસવાટ હોવાથી મંદિર-ઉપાશ્રય ભક્તો ને આરાધકોથી ભર્યા ભર્યા રહેતા, ત્યારે જો કે આજે જોવા મળતી પાંજરાપોળ

જેવી સંસ્થાનો પાયો પણ પુરાયો ન હતો, પણ ઘરઘરમાં જીવદયાની જ્યોત એવી રીતે જલતી હતી કે, જાતદયા તરીકે જીવદયાનું પાલન ચીવટપૂર્વક થતું જોઈ શકાતું. મોટા મોટા આચાર્ય ભગવંતો ત્યારે ચાતુર્માસનો લાભ આપતા. અમુક અમુક નિયત થયેલા દિવસોમાં જૈનો પાખી પાળીને આખો દિવસ ધર્મધ્યાનમાં વિતાવતા. એમાંય પર્યુષણના ખાસ ખાસ દિવસોમાં તો અચૂક પાખી પાળવામાં આવતી. એ દિવસે બજારો સૂમસામ ભાસતાં. આવા દિવસોમાં પાખીનું પાલન સૌ કોઈ અચૂક કરતા. ત્યારે ગામની નગરશેઠાઈ ચકુભાઈ શેઠ શોભાવતા હતા.

નગરશેઠ ચકુભાઈ એટલે જાણે તાજ વિનાના રાજા! પૂરા નગરમાં એમની ધાકહાક વાગતી. શેઠ શાહુકારો અને શાહ-સોદાગરો જ નહીં, બહારવટિયા જેવા ખૂનખાર બહારવટિયા પણ એમની આમન્યા અને અદબ જાળવતા. નગરને લૂંટવા આવેલા લૂંટારા પણ શેઠનું મન જાળવવા લૂંટ કર્યા વિના જ ચાલ્યા જતા. એક પ્રસંગ પરથી આની પ્રતીતિ થઈ જવા પામશે.

એક વાર કોઈ નામચીન બહારવટિયો લૂંટ કરવાના ઈરાદા સાથે રામપુરાની નજીકના એક ગામમાં રોકાયો અને એણે જાસાચિઠ્ઠી પાઠવવા દ્વારા એક દિવસ પછી રામપુરાને લૂંટવાનો ઈરાદો જાહેર કર્યો. આ વાતની જાણ થતાં જ નગરશેઠ ૫૦ હજાર રોકડા લઈને કાળી રાતે એકલપંડે એને મળવા ચાલી નીકળ્યા. એમની ધારણા એવી હતી કે, ગામના નિર્દોષ લોકો લૂંટાય નહીં, એ માટે ૫૦ હજારની થેલી ધરી લઈશ, તો લૂંટારો એક તરણું પણ તોડીને લીધા વિના ચાલ્યો જશે.

રાતના સમયે બહારવટિયો આડો પડ્યો હતો, રામપુરાને કઈ રીતે લૂંટવું, એની યોજના ઘડાઈ રહી હતી, ત્યાં જ

નગરશેઠને એકલપંડે આવેલા જોઈને તો એ આશ્ચર્યમગ્ન બનીને શેઠની સામે જોઈ જ રહ્યો. એક વણિકમાં આવી બહાદુરી જોઈને જ એ ઓળઘોળ બની ગયો, શેઠે જરાય ડર્યા વિના એવો પ્રસ્તાવ મૂક્યો કે, રામપુરાને લૂંટ્યા વિના જ તમે ચાલ્યા જાવ, એવી મારી ઇચ્છા છે. આ માટે જે કંઈ માંગો, એ માંગણી પૂરી કરવાની તૈયારી સાથે જ રોકડા રૂપિયા લઈને હું આવ્યો છું. નગરશેઠ તરીકે નગરની રક્ષા કરવાની જવાબદારી અદા કરવા જતાં ગમે તેટલા રૂપિયા જતા કરવાની મારી તૈયારી છે, એથી મને વિશ્વાસ છે કે, મારો પ્રસ્તાવ હું તમારી પાસે અવશ્ય માન્ય રખાવી શકીશ.

અંધકારથી ભેંકાર મધરાત! એકલપંડે આગમન! એ પણ પાછું રોકડા રૂપિયાની થેલી સાથે ! આશ્ચર્ય પર આશ્ચર્ય અનુભવતો બહારવટિયો નગરશેઠની આ જાતની બહાદુરી, નિર્ભયતા તથા કર્તવ્યપાલનની તત્પરતા પર ઓવારી ઊઠ્યો. એણે કહ્યું કે, આવું નીડર, નિર્ભય અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ મને આજે જ આ પળે જ જોવા મળ્યું છે. આપનાં દર્શનથી મને લાખોની લક્ષ્મી મળી ગયા જેવો આનંદ થઈ રહ્યો છે. માટે આપનો પ્રસ્તાવ હું બિનશરતી રીતે શિરોધાર્ય કરું છું. આપની મરજી મુજબ હું રામપુરાની ધરતી પરથી તણખલું પણ તોડ્યા વિના જ રવાના થઈ જઈશ.

શેઠની આ વાત સ્વીકારીને બહારવટિયો 'બિન-શરતી'નો બોલ ફોક કરવા તૈયાર ન હતો. શેઠે આભાર વ્યક્ત કર્યો કે,મારો આ પ્રસ્તાવ તમે માન્ય રાખ્યો. એથી આભાર અને આનંદ! હવે મને વધુ આનંદિત કરવા તમારે મારી બીજી એક વાત સ્વીકારવી જ પડશે. નાણાંની કોથળીનો આ ભાર વેંઢારીને મારે પાછા જવું નથી. આ ભાર ઉતારીને તમે મને આભારી બનાવશો.

સાચેસાચ રામપુરાના આકાશે લૂંટફાટનાં ઘેરાયેલાં વાદળ બીજે દિવસે વરસ્યા વિના જ વિખેરાઈ ગયાં. 'બિનશરતી'નો બોલ સાચો ઠરાવવા એ બહારવટિયો નગરશેઠનાં નાણાંને 'શિવનિર્માલ્ય' ગણીને વહેલી સવારે વિદાય થઈ ગયો.

નગરશેઠની આમન્યા આ રીતે ચોરલૂંટારા પણ જાળવતા હોય, ત્યાં રામપુરા-મહાજન તો એમનો પડ્યો બોલ ઝીલવા તૈયાર જ હોય, એમાં આશ્ચર્ય શું ? મહાજને આંકેલી મર્યાદાઓનું ચાલુ દિવસોમાં પણ બરાબર પાલન થતું, ત્યાં પર્યુષણ જેવા પર્વના દિવસોમાં તો મર્યાદાભંગ કરવાની કોની હિંમત ચાલે ? પણ કહેવાય છે ને કે, મોટાને હાથે કોઈવાર મોટી ભૂલ થઈ જતી હોય છે.

એક વાર પર્યુષણ દરમિયાન નગરશેઠની પેઢી દ્વારા જ પાખીનો ભંગ થયો. એક નોકર દ્વારા થયેલા થોડાક વેચાણની વાત ખાનગી ન રહી, અને રામપુરામાં ચોરે ને ચૌટે આ જ વાત ચર્ચાઈ રહી. પર્યુષણના દિવસો હતા. એથી નગરશેઠની પેઢી દ્વારા જ લોપાયેલી મર્યાદાએ સૌને મુખરિત બનાવી દીધા. ચાતુર્માસ બિરાજમાન મુનિરાજના કાને પણ આ ચર્ચાના પડઘા પડતાં એમણે વિચાર્યું કે, ઊગતો વ્યાધિ તરત જ શાંત કરી દેવો જોઈએ! રામપુરામાં આ રીતે પહેલી વાર જ મહાજનની મર્યાદા લોપાઈ, અને એ પણ નગરશેઠ દ્વારા! માટે બપોરના વ્યાખ્યાનમાં આ વાત રજૂ કરીને નગરશેઠને ખુલાસો કરવાની તક આપવાપૂર્વક એમને પ્રાયશ્ચિત્ત આપવું જ જોઈએ.

સ્વપ્નવાચનનો દિવસ હોવાથી બપોરના પ્રવચનમાં બધા જ જૈનો ઊમટ્યા હતા. નગરશેઠની બેઠક તો સૌની મોખરે જ હોય. મુનિરાજે સ્વપ્નવાંચનના પ્રારંભે સમજાવ્યું કે, મહાજને આંકેલી મર્યાદાઓનું મહત્ત્વ તો ઘણું ઘણું છે. માટે નાના કે મોટા સૌએ મર્યાદાપાલન માટે કટિબદ્ધ જ રહેવું જોઈએ.

આજે પાખીનો દિવસ હોવા છતાં એવું સાંભળવામાં આવ્યું છે કે, કોઈની પેઢી થોડી વાર માટે ખૂલી હતી. માટે હું એમ ઇચ્છું છું કે, જેના હાથે આ મર્યાદાભંગ થયો હોય, એ વ્યક્તિ જાતે જ પોતાની ભૂલને જાહેરમાં કબૂલ કરે અને સંઘ પાસે મર્યાદાભંગ કરવા બદલ પ્રાયશ્ચિત્તની માંગણી મૂકે.

સભામાં સન્નાટો છવાઈ ગયો. મૌનના પડદાને ચીરતા નગરશેઠ તરત જ ઊભા થઈ ગયા. નતમસ્તકે એમણે ભૂલની કબૂલાત કરતાં કહ્યું કે, મારી જ પેઢી પરથી આજે નોકર દ્વારા થોડુંક વેચાણ થયું છે, એ હું કબૂલ કરી લઉં છું તેમજ પાખીના ભંગ બદલ જે પ્રાયશ્ચિત્ત સંઘ ફરમાવે, એ તો મારે શિરોધાર્ય જ કરવાનું હોય. આમ છતાં હું સંઘને એટલી વિનંતી કરું છું, કે, હું જાતે જ મર્યાદાભંગ બદલ સંવત્સરીના દિવસે પ્રાયશ્ચિત્ત-દંડ જાહેર કરવા માંગું છું. સંઘ મારી આટલી માંગણી જરૂર સ્વીકારે. હું જે દંડ જાહેર કરીને સ્વીકારીશ, એ ઓછો જણાતો હોય, તો સંઘ એમાં જે પણ, જેટલો પણ વધારો સૂચવશે, એને હું સહર્ષ સ્વીકારી લઈશ. સકળ સંઘ મારી આટલી વિનંતી સ્વીકારવાની કૃપા કરે!

પૂરા રામપુરામાં સવારથી જ જાગેલી ચર્ચા અને ચકચાર જલદી શમે, એમ લાગતું ન હતું, પણ નગરશેઠની નમ્રતાપૂર્વકની આટલી કબૂલાત, અને આ પછીની વિનમ્ર વિનંતી સાંભળીને સભા એકદમ દિંગ બની ગઈ. તેમજ એ ચર્ચા અને ચકચાર પર એવો પોલાદી પડદો પડી ગયો કે, જાણે કોઈ ચકચાર કે ચર્ચા જાગી જ ન હોય ! શેઠની વિનંતી સંઘ દ્વારા સ્વીકૃત થઈ જતાં એક તરફ સ્વપ્ન દર્શન અંગેનો કાર્યક્રમ અનેરા ઉલ્લાસપૂર્વક આગળ વધવા માંડ્યો, બીજી તરફ સૌના દિલદિમાગમાં એ જ પ્રશ્ન પડઘાવા માંડ્યો કે, પોતાની ભૂલ બદલ નગરશેઠ પોતે કેવો પાપ-દંડ જાહેર કરશે અને સંઘ એને માન્ય રાખી

લેશે ખરો ? સંવત્સરીના દિવસે આ પ્રશ્નનો પ્રત્યુત્તર મળવાનો હતો.

દિવસો વીતતાં ક્યાં વાર લાગે? એમાંય પર્વના દહાડા તો ફાંકડા હોવા છતાં સાંકડા જણાય અને જલદી જલદી વીતવા લાગે, એમાં શું આશ્ચર્ય ? સંવત્સરીનો સૂર્યોદય થતાંની સાથે જ રામપુરાનો સંપૂર્ણ જૈન સંઘ ઉપાશ્રયમાં ઊમટવા માંડ્યો. બારસાસૂત્રના શ્રવણની સાથે સાથે નગરશેઠ પોતે જ પોતાના ન્યાયાધીશ બનીને જે ફેંસલો જાહેર કરવાના હતા, એને સાંભળવાની સૌને અદમ્ય ઉત્કંઠા હતી. બારસાસૂત્રનું શ્રવણ-પ્રવચન શરૂ થાય, એ પૂર્વે જ નગરશેઠ ખડા થઈ ગયા. એમણે વિનમ્ર વાણી વહાવતાં કહ્યું કે સકળ સંઘનો મારે સૌ પ્રથમ ઉપકાર માનવાનો છે કે, મારી વિનમ્ર વિનંતી સ્વીકારીને સંઘે મને ઉપકૃત કર્યો હતો. એ ઉપકૃતિને પુનઃ શિરોધાર્ય કરીને પાખીભંગના પ્રાયશ્ચિત્ત અથવા તો દંડ રૂપે હું જાહેર કરું છું કે, મારા તરફથી ૭૦૦ વીઘા જમીન સંઘને સમર્પિત થશે. સંઘ આ જમીનનો સ્વીકાર કરે અને આની પર પાંજરાપોળના નિર્માણ માટે આપણે સૌ આજના દિવસે જ સંકલ્પ-બદ્ધ બનીએ ! સંઘને જ્યારે એ વિગત જાણવા મળી કે, બે ત્રણ દિવસના ગાળામાં જ નગરશેઠે આટલી બધી જમીનની નવી ખરીદી કરી હતી, ત્યારે તો સંઘનાં હૈયાં આશ્ચર્યાનંદથી છલકાઈ ઊઠ્યા વિના ન રહી શક્યાં.

નગરશેઠનું આ સમર્પણ જરાય ઓછું ન હતું. ભૂલના પ્રમાણમાં તો આ દંડ-દાનની મોટાઈ એટલી બધી હતી કે, કોઈ માપદંડે એ મપાઈ જ ન શકાય. રામપુરા ભંકોડાની સદી-પુરાણી એ રોનક-રમ્યતા આજે જોવા મળતી નથી, પણ સંવત્સરીના દિવસે જેનો પાયો પડ્યો, એ પાંજરાપોળ તો આજે

અડીખમ ખડી છે, એની રોનક અને રમ્યતા જોનારના મોઢામાંથી એવા ઉદ્‌ગાર સરી પડ્યા વિના નથી રહેતા કે, નગરશેઠના જેવી ભૂલનું પુનરાવર્તન થયા કરે, તો કેવું સારું ! એ ભવ્ય ભૂતકાળની સામે વર્તમાનનું વરવું વાતાવરણ જોતાં એમ કબૂલ્યા વિના ચાલે એમ જ નથી કે, આજના સંઘ કે ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પાસે ભૂલની કબૂલાતની જ જ્યાં આશા ન રાખી શકાય, ત્યાં આ જાતના પ્રાયશ્ચિત્તની તો સ્વપ્નેય સંભવિતતા કઈ રીતે ઘટી શકે ? આવી સંભાવના અને સિદ્ધિની આશા હજી રાખવી હોય, તો ભૂતકાળના નગરશેઠિયાઓ પાસેથી રાખી શકાય !

●

## ૨

# અપેક્ષાથી અધિક દાન

રોકડા રૂપિયા જેવી ખણખણતી દાનભાવનાનાં દર્શન દોહ્યલાં ગણાય. 'લઉં-લઉં'ની લાહ્ય ચોતરફ ભભૂકી ઊઠી હોય, એવા આજના કાળમાં 'દઉં-દઉં'ની જ્વલંત-જ્યોતિનું પુણ્યદર્શન થતાં જ મસ્તક ઝૂકી ગયા વિના ન રહે. આપવાની પ્રવૃત્તિ તો દૂર રહી, આ જાતની વૃત્તિ જાગવી પણ કઠિન ગણાય, આવી વૃત્તિનું જાગરણ થયા બાદ પ્રવૃત્તિશીલ દાતાર સામાની અપેક્ષાની પૂરેપૂરી પૂર્તિ કરે, એ પણ ઓછું સંભવિત હોવાથી અપેક્ષાથી પણ અધિક પૂર્તિ કરનારા દાનવીરોનું ધન્ય દર્શન થતાં કોનું મસ્તક નત ન થઈ જાય અને બે હાથ 'નમો'ની મુદ્રામાં જોડાઈ ન જાય ? નજીકના જ ભૂતકાળમાં આવા દાતારનાં દર્શન કરવા અમદાવાદ બડભાગી નીવડ્યું હતું.

શાસનસમ્રાટ પૂ. આ. શ્રી નેમિસૂરિજી મહારાજાની અમીભરેલી દૃષ્ટિ-વૃષ્ટિના પૂર્ણપાત્ર બની જનારા એ દાતાર અમદાવાદ ઉપરાંત ગુજરાતમાંય શ્રી માકુભાઈ શેઠના નામે-કામે જાણીતા અને માનીતા હતા. શ્રી માણેકલાલ મનસુખભાઈના

નામે પ્રતિષ્ઠિત આ પરિવારે ધર્મદાતા પૂજ્યશ્રીની પ્રેરણા પામીને ઘણા ઘણા શાસનપ્રભાવક ધર્મપ્રસંગો ઊજવી જાણ્યા હતા. એથી એ પરિવાર દ્વારા આયોજિત પુણ્ય-પ્રસંગોના માધ્યમે અદ્‌ભુત શાસન પ્રભાવના સરજાયા વિના ન રહેતી. આ કારણે એમના અભંગ દ્વારે દાનાર્થીઓની અવરજવર સતત ચાલુ રહેતી અને માકુભાઈ શેઠના હાથમાંથી દાનધારાય વહેતી રહેતી.

એક વાર શેઠ સમક્ષ પાંજરાપોળનું કાર્ય લઈને થોડાક કાર્યકર્તાઓ આવ્યા. છત્રીસેક હજારનું દાન મળે, તો ચાલતી પાંજરાપોળમાં પ્રાણ પુરાઈ જાય, એવી ઘણીબધી પ્રવૃત્તિઓ ધબકતી બની જાય. કાર્યકરો એવી આશા સાથે આવ્યા હતા કે, આ શેઠ એવા દાતાર છે કે, આટલી રકમ માટે હવે બીજા કોઈના સામે હાથ લંબાવવાની જરૂર નહિ જ પડે. આવી આશા લઈને આવેલા કાર્યકરોએ પોતાની રજૂઆત વિગતવાર અને ખૂબ ખૂબ આશાભર્યા અંતરે કરીને છેલ્લે એટલું જ કહ્યું કે,

'શેઠ ! આપના માટે તો આ રકમ ઘણી જ મામૂલી ગણાય. માત્ર ૩૬ હજારનો ખર્ચ અંદાજ્યો છે. પણ આટલું કાર્ય પતી જાય, તો પાંજરાપોળની બીજી બીજી અનેક પ્રવૃત્તિઓમાં પ્રાણ પુરાઈ જતાં સંપૂર્ણ પાંજરાપોળ પ્રગતિના પંથે જાણે દોડતી થઈ જાય.'

કાર્યકર્તાઓની આવી રજૂઆત સાંભળ્યા પછી તો શેઠની દાનભાવના ઝાલી ન રહી. એમને થયું કે, એકી સાથે રકમ ભરી દઉં, તો પુણ્યબંધ પણ એકસામટો જ થઈ જાય. એમણે જોયું, તો સાતેક હજાર જેટલી જ રોકડે ચૂકતે થઈ શકે એટલી રકમ હાથવગી હતી, જ્યારે હૈયું સંપૂર્ણ લાભ લેવા થનગની રહ્યું હતું. એથી શેઠ વિમાસણ અનુભવી રહ્યા હતા, ત્યાં જ એમની નજર પોતાના હાથની આંગળી પર કેન્દ્રિત થઈ.

આંગળીને શોભાવતી વીંટી-મુદ્રિકામાંથી વેરાતાં તેજકિરણો પૂરા પંજાને પ્રકાશિત કરી રહ્યાં હતાં. તેજકિરણો વેરતી વીંટી પર કેન્દ્રિત થયેલી નજર જ્યારે ઊંચી થઈ, ત્યારે મનોમન એક અકલ્પિત નિર્ણય લેવાઈ ગયો હતો. એ મુજબ હર્ષિત હૈયે શેઠજીએ કાર્યકર્તાઓ તરફ જોઈને કહ્યું કે,

'પાંજરાપોળની વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રાણ પૂરવાનો મને લાભ મળશે, એ બદલ તમારો બધાનો આભાર! આ વીંટી હું તમને સમર્પિત કરી રહ્યો છું. ખર્ચના અંદાજિત આંકડા કરતાં ઓછું મૂલ્ય તો આ વીંટીનું નહિ જ અંકાય! ૩૬ હજારના અંદાજ સામે આનું અંદાજિત મૂલ્ય હું ચાલીસેક હજારનું આંકું છું. તેથી તમે જે નિર્માણ-કાર્ય કરવા ધારો છો, એમાં જરાય કરકસર ન દાખવતા.'

ગદ્‌ગદિત કંઠે આટલું કહીને શેઠજીએ પોતાની આંગળીમાંથી અળગી કરીને એ વીંટી કાર્યકર્તાના હાથમાં મૂકી. અંદાજ કરતાંય અધિક દાનનું દિલપૂર્વક અર્પણ કરી રહેલા શેઠજીની આ દાનભાવનાને ક્યા શબ્દોમાં આવકારવી, એ પ્રશ્ન હતો, કાર્યકર્તાઓએ કહ્યું કે, ખર્ચનો અમે જે અંદાજ મૂક્યો છે, એ કસીકસીને નહિ, હસીહસીને મૂક્યો છે, માટે અંદાજ કરતાંય ખર્ચ ઓછો આવશે, એ નક્કી છે. એથી રકમ મોડી મળે, તોય ચાલે એમ છે. અમને એમ થાય છે કે, આ વીંટી ભલે આપની આંગળીને જ અજવાળતી રહી. દાનની રકમ અમે પછી લઈ જઈશું. આપ આ વીંટી એમ ને એમ રાખો, એવી અમારી વિનંતી છે.

આ વિનંતીનો માર્મિક જવાબ વળતાં માકુભાઈ શેઠે જે પ્રતિભાવ આપ્યો, એ તો કાળજે કોતરાઈ જાય એવો સચોટ હતો. શેઠે કહ્યું કે, જે આપ્યું એ હવે પાછું લેવાતું હશે? આ વીંટી કંઈ મારી આંગળી પર કાયમ માટે શોભવાની નથી.

મરતાં સુધી હું એને કદાચ જાળવી શકું, પણ અંતે તો પરિવારજનો આ વીંટીને કાઢી લીધા વિના નથી જ રહેવાના. કદાચ એવું પણ બને કે, આંગળીમાંથી વીંટી સહેલાઈથી નીકળી શકે એમ ન લાગે તો આંગળી પર કાપો મૂકીનેય પરિવાર વીંટીને તો અખંડ રાખવાનું જ પસંદ કરવાના ! એના બદલે આ રીતે દાનમાં અર્પિત વીંટી હજારો પશુઓ માટે પ્રાણદાતા બને, એ વધાવી લેવા જેવું ન ગણાય શું!

કાર્યકર્તાઓને મળેલા હૈયાસોંસરવા આ જવાબની જાણકારી જેને જેને મળતી ગઈ, એ સહુના હૈયામાંથી એવો નાભિ-નાદ જાગ્યો કે, અપેક્ષાથી અધિકના દાતાર તો આવા વિરલા જ જોવા મળે !

આવા દાતારનું કલ્પનાદર્શન પણ જો કરીશું, તો આપણા કૃપણ કાળજે દાનની ભાવના કાજેનો મનોરથ તો અવશ્ય જાગ્યા વિના નહિ જ રહે. આ મનોરથનો પ્રભાવ અંતે ભાવનાના એ છોડને પ્રાયઃ ફૂલ-ફળથી પ્રફુલ્લિત પણ બનાવશે જ.

•

## ૩

# જીવદયાની જાગતી જ્યોત

અમદાવાદમાં જેનો વસવાટ છે, એના માટે 'ઘીકાંટા' વિસ્તારનું નામ તો અપરિચિત નહિ જ હોય, અને ઘી કાંટામાં વસનારા જૈનો માટે જેસિંગભાઈની વાડી પરિચિત ન હોય એવું બને જ નહિ. જેમના નામના કારણે એ વાડી વિખ્યાત બની જવા પામી, એ જેસિંગભાઈના જીવનના અનેક પ્રસંગોમાંનો જીવદયાની જાગતી જ્યોત સમો એક પ્રસંગ તો ખરેખર જાણવા જેવો છે.

એ અરસામાં વડોદરામાં ગાયકવાડ સરકારનું સામ્રાજ્ય હતું. આગળ-પાછળનો વિચાર કર્યા વિના એમણે એક દહાડો એવો હુકમ જાહેર કરાવ્યો કે, વડોદરા જિલ્લાનાં તમામ ગામોમાં આજ સુધી ગોચર તરીકે જે ભૂમિ ઓળખાય છે અને જેની પર ગામેગામ આજ સુધી તમામ પશુઓ ચરતાં રહ્યાં છે, એ ભૂમિ પર હવેથી માત્ર રાજ્યનાં પશુઓ જ ચરી શકશે. રાજ્ય સિવાયનાં બીજાં પશુઓ માટે આ ગોચરોનાં દ્વાર આજથી બંધ જાહેર કરવામાં આવે છે.

આ હુકમની ગામોગામ જાહેરાત કરવામાં આવી. જેણે જેણે આ હુકમ સાંભળ્યો, એનું જીવદયાપ્રેમી ધર્મદિલ હલબલી ઊઠ્યું. સૌને થયું કે, ગોચર ભૂમિના આધારે તો પશુઓ જીવી શકે છે. જો આ હુકમ મુજબ રાજ્ય સિવાયનાં પશુઓ માટે ગોચરનાં દ્વાર બંધ થઈ જાય, તો બિચારાં અબોલ પશુઓ ક્યાં ચરવા જાય?

વડોદરા જિલ્લાનાં ગામેગામના જીવદયા પ્રેમીઓએ પોતપોતાની રીતે આવો હુકમ રદ કરાવવા માટેના પ્રયત્નો કરવામાં પાછું વળીને જોયું નહિ. પણ પરિણામ જ્યારે શૂન્યમાં જ આવ્યું, ત્યારે સૌની નજર અમદાવાદ ભણી અને સવિશેષ તો જેસિંગભાઈ ભણી લંબાઈ.

વડોદરા જિલ્લાના થોડાક આગેવાનો ભેગા થઈને અમદાવાદ પહોંચ્યા, જેમનું વ્યક્તિત્વ મોભાદાર ગણાતું, એવા જેસિંગભાઈની સમક્ષ ખડા થઈ જઈને એ આગેવાનોએ પશુઓ પર તોળાયેલા સંકટની વાત ગળગળા સાદે રજૂ કરી. બધાનાં કથનનો સાર એ જ નીકળતો હતો કે,

'શેઠ ! ગાયકવાડ સરકારને આવો હુકમ રદ કરવા અને પાછો ખેંચી લેવા સમજાવવું જ જોઈએ. હજારો પશુઓની ભૂખ ભાંગતી, પશુઓ માટે માતા અને પિતા સમી ગોચરની ભૂમિમાંથી જ જો એ પશુઓને જાકારો મળશે, તો નિરાધાર, અબોલ, બિચારાં એ જીવો કઈ રીતે જીવી શકશે ? દરેક ગામોનો ખેડૂત બહુબહુ તો બે-ચાર દિવસ માટે પોતાનાં ખેતર પશુઓને ચરવા માટે ખુલ્લાં મૂકી શકે, પણ કાયમ માટે તો કોઈ ખેડૂત આવી ઉદારતા ન જ દર્શાવી શકે ને ? વર્ષોથી ગામડે ગામડે આવી વિશાળ ગોચર-ભૂમિ આવેલી છે, જ્યાં છૂટથી પશુઓ ચરતાં રહે છે. અમારો અવાજ વડોદરાની

સરકાર સુધી નથી પહોંચી શક્યો, માટે જ અમે અમારો અવાજ આપના સુધી પહોંચાડવા આવ્યા છીએ. આજ સુધી ક્યારેય આવો હુકમ બહાર પડ્યો નથી. માટે અત્યારથી જ વિના વિલંબે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ એવું અમને લાગે છે.'

જેસિંગભાઈએ જે રીતે દિલચસ્પી દર્શાવીને આ વાત સાંભળી, એ જોઈને એ આગેવાનોને એવી આશા બંધાઈ કે, આપણે યોગ્ય સ્થળે આવ્યા છીએ. એથી વિદાય થતા પૂર્વે સૌએ સમસ્વરે પુનઃ એ જ વાત દોહરાવી કે, અમને એમ લાગે છે કે, આપ અમારી વાતના હાર્દને બરાબર સમજી શક્યા છો, એથી અમે એવા વિશ્વસ્ત બનીએ છીએ કે, હવે આ વાત ગાયકવાડને આપ બરાબર સમજાવી-જચાવી શકશો.

જેસિંગભાઈએ જવાબમાં કહ્યું કે, તમે પાયો જ નથી રચી આપ્યો, તમે ઠીકઠીક મહેનત કરી છે, તમારી જહેમતના પાયા ઉપર મારે હવે તા ચણતર કરવાનું જ રહે છે. હું મારી રીતે આ વિષયમાં પ્રયત્ન કરીશ. ચોક્કસ દિવસ તો કહી શક્તો નથી, પણ થોડા જ દિવસોમાં તમારી મહેનત સફળ થશે એમ મને લાગે છે. એથી થોડા દિવસો તો વડોદરા-રાજ્યના ખેડૂતોએ પશુઓ માટે પોતાનાં ખેતર ખુલ્લા મૂકી દેવાં પડશે.

વડોદરા રાજ્યના આગેવાનોને વિદાય આપીને જેસિંગભાઈ વિચારમગ્ન બન્યા કે, હવે આ પ્રશ્ને કઈ રીતે આગળ વધવું ? ગાયકવાડને સમજાવવાની ઠીકઠીક મહેનત થઈ ગઈ હતી, એથી હવે સરકારને સમજાવવાની મહેનત કરવા કરતાં બીજો જ કોઈ ઉપાય વિચારવો પડે એમ હતો. એઓ વિચારમગ્ન બન્યા, થોડી જ પળોમાં આશાના એક કિરણ તરીકે એમની નજર સમક્ષ રાજમાતાએ પ્રારંભેલી તીર્થયાત્રા ખડી થઈ ગઈ અને એઓ પ્રસન્ન બની ઊઠ્યા.

એ દિવસોમાં ગાયકવાડ-સરકારનાં માતાજી ગુજરાતનાં અમુક અમુક તીર્થસ્થળોની યાત્રાર્થે નીકળ્યાં હતાં. હજી થોડાં જ તીર્થો થયાં હતાં, ઘણા તીર્થોની યાત્રા રાજમાતાને બાકી હતી. આ યાત્રા-પ્રવાસને તક તરીકે ઝડપી લેવાનો નિર્ણય લઈને જેસિંગભાઈ તરત જ એ યાત્રામાં જોડાઈ ગયા. એમણે વિચાર્યું કે, મારે એવું કોઈ કાર્ય કરવું જોઈએ કે, આ રાજમાતા મારી પર પ્રસન્ન બની ગયા વિના ન જ રહે.

જેસિંગભાઈએ યાત્રાની વ્યવસ્થા સંભાળનારાઓને બોલાવીને વિનંતી કરતાં કહ્યું કે, રાજમાતા તો યાત્રાનો લાભ લઈ રહ્યા છે, મારી ઇચ્છા એવો લાભ લેવાની છે કે, જ્યાં જ્યાં રાજમાતા રોકાણ કરે, ત્યાં ગામ-જમણનું આયોજન કરવું! યત્કિંચિત આ લાભ મને જ મળવો જોઈએ.

યાત્રાના આયોજકો જેસિંગભાઈની આ ભાવના સાંભળીને ખુશ થઈ ગયા. આવું આયોજન થાય, તો તો ગામેગામ મહોત્સવ જેવા માહોલ સરજાઈ જવા પામે અને એથી ગાયકવાડ-સરકાર અને રાજમાતાનું ગૌરવ પણ વધે. જેસિંગભાઈ યાત્રામાં જોડાયા અને ગામ જમણનું આયોજન ઉમેરાયું, એ જ દિવસથી યાત્રાપ્રવાસનું આખું વાતાવરણ જ પલટાઈ ગયું. આ પૂર્વે જે આયોજનમાં સરકારી અધિકારીઓ જ જોડાતા હતા એ આયોજનમાં આખા ગામને હર્ષભેર જોડાયેલું જોઈને રાજમાતાના આનંદનો પણ પાર ન રહ્યો. બે ત્રણ દિવસ બાદ એમણે આયોજકોને પૂછ્યું કે, થોડા દિવસોથી યાત્રા-પ્રવાસનો આખો માહોલ જ બદલાઈ ગયો હોય એમ લાગે છે. આનું કારણ શું?

માહોલ બદલાઈ જવાના કારણ તરીકે આયોજકોએ અમદાવાદના અગ્રણી જેસિંગભાઈને આગળ કરતાં કહ્યું કે, થોડા દિવસથી આ શેઠ યાત્રામાં જોડાયા છે અને ગામજમણનો

લાભ એઓ લઈ રહ્યા છે. એનો જ આ પ્રભાવ છે કે, આ યાત્રા માત્ર આપની અનેરાજ્યના અધિકારીઓની ન રહેતાં, આપણે જે જે ગામે પડાવ નાખીએ છીએ, એ આખું ગામ આપની યાત્રાને પોતાની માનીને આમાં જોડાયેલું જોવા મળે છે.

આયોજકોના માટે આ વાત સાંભળીને રાજમાતાના આશ્ચર્યનો અને સાથે સાથે આનંદનો પણ પાર ન રહ્યો. એમણે તરત જ જેસિંગભાઈનાં દર્શન કરીને એમનો આભાર માનવાની ઇચ્છા વ્યક્ત કરી. જે તકની જેસિંગ- ભાઈ રાહ જોઈ રહ્યા હતા, એ તક મળતાં જ તેઓ રાજમાતા સમક્ષ ખડા થતાં બોલ્યા કે, મને યાદ કરવા બદલ આનંદ. ફરમાવો શી સેવા છે ?

રાજમાતાએ સહર્ષ જણાવ્યું : પુણ્યશાળીનાં પગલાં પડે અને જંગલમાં મંગળ સરજાઈ જાય. તેમ તમે આ યાત્રા પ્રવાસમાં જોડાયા અને આખો માહોલ જ બદલાઈ ગયો. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મેળા જેવું વાતાવરણ જોવા મળે છે, એ પ્રતાપ તમારો છે, એવું આયોજકોના મોઢેથી સાંભળવા મળ્યું અને તમારાં દર્શન કરવાનું મન થતાં તમને બોલાવ્યા.

જેસિંગભાઈએ વિનમ્રતા દર્શાવી : આ બધો પુણ્ય-પ્રભાવ તો રાજમાતા તરીકે આપનો જ ગણાય. આપ તીર્થયાત્રાએ પધારી રહ્યાં છો. એટલે પ્રજા ખેંચાઈને દર્શને આવે જ, એમાં વળી મારો શો પ્રભાવ ?

રાજમાતાએ જરાક મજાકમાં જણાવ્યું : હા. તમારો નહિ, તમારા દ્વારા થતા ગામજમણનો પ્રભાવ બસ!

જેસિંગભાઈ વધુ વિનમ્ર બન્યા : 'આપ તીર્થયાત્રાનું પુણ્ય ઉપાર્જી રહ્યાં હો, ત્યાં મારો આટલો ભાગ તો બિંદુ આગળ સિંધુ પણ ગણાય કે કેમ એ શંકા છે.'

'આટલો લાભ મળ્યો, એમાં પણ આપની કૃપા જ કારણ છે.' આટલું કહીને જેસિંગભાઈ રાજમાતા સમક્ષ જાણે વધુ કૃપા ઝંખતી મુદ્રામાં જ્યારે ખડા રહ્યા, ત્યારે રાજમાતાએ સામેથી કહ્યું કે, 'શેઠ ! યાત્રાનો આવો અદ્ભુત-માહોલ જોઈને, આવા માહોલના સર્જક તમને એમ કહેવાનું મન રોકી શકતી નથી કે, મને કંઈક એવું કાર્ય ભળાવો કે, જેથી તમારા આ ઋણમાંથી કંઈક મુક્ત થયાનો આનંદ અનુભવી શકું.

રાજમાતાના આ બોલ સાંભળીને જેસિંગભાઈની આંખમાં હર્ષાશ્રુ ઊભરાઈ આવ્યાં. એમણે કહ્યું : રાજમાતા ! આપની એવી કૃપા વરસી રહી છે કે, મારે મારા માટેનું કોઈ જ કાર્ય ભળાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

આ શબ્દો પકડી લઈને રાજમાતાએ કહ્યું : તો બીજા માટેનું કોઈ કાર્ય ભળાવો. મારે તો તમારા મોઢેથી કોઈ કાર્ય સાંભળવું છે. એ કાર્ય તમારું પોતાનું હશે, તો તો મારા આનંદને અવધિ જ નહિ રહે, પણ એ કાર્ય બીજાનું હશે, તોય મારો આનંદ હૈયામાં સમાશે નહિ.

જાણે કંઈક વિચારીને યાદ કરતા હોય એવી મુદ્રામાં થોડી પળો વિતાવીને અને પછી એ યાદ આવી ગયું હોય, એવી હર્ષાનુભૂતિ વ્યકત કરતાં જેસિંગભાઈએ કહ્યુંઃ રાજમાતા ! હા એક કામ યાદ આવ્યું. આ કામ મુખ્યત્વે ગાયમાતાનું છે, અને ગૌણ રીતે અબોલ-નિરાધાર ગણાતી પશુસૃષ્ટિનું પણ છે. વડોદરા-રાજ્યના ગામડે ગામડે આવેલા ગોચર તરીકે ઓળખાતાં ચરિયાણોમાં પહેલાંની જેમ જ પશુઓ ચરતાં રહે અને પેટ પૂરતો ઘાસચારો આરામથી ખાતાં રહે, એવી વ્યવસ્થા ચાલુ રાખવાની અરજ હું વડોદરા-રાજ્યમાં વસતી ગાયમાતા વતી ગુજારી રહ્યો છું. મને સો ટકા વિશ્વાસ છે કે આ અરજ આપ સ્વીકારશો જ.

જેસિંગભાઈની વાત સાંભળતાં જ રાજમાતાને ગાયકવાડ-સરકારે નજીકના જ દિવસોમાં બહાર પાડેલો હુકમ યાદ આવ્યો અને એઓ બધી જ પરિસ્થિતિ પામી ગયાં. વળતી જ પળે એમણે કહ્યું :

'શેઠ ! સરકારની આ ભૂલ તરત જ સુધરી જશે. રાજ્યનાં ઢોર અને પ્રજાનાં ઢોર, આવો ભેદ પાડી જ ન શકાય. ઢોર એટલે બસ ઢોર. રાજા-પ્રજા સૌનાં ઢોર ચરી શકે, એ માટે તો ગામડે ગામડે ગોચરની પ્રણાલિકા ચાલી આવે છે. હું અત્યારે જ વડોદરા સંદેશો પાઠવી દઉં છું કે, ગામડે ગામડે આવેલાં ગોચરોનાં દ્વાર તમામ પશુઓ માટે ખુલ્લાં રાખવાં.'

રાજમાતાની આંખમાં હરખનાં આંસુ ઊભરાઈ આવ્યા. આવી જ ધન્ય દશા શેઠ જેસિંગભાઈની પણ હતી. આ આંસુ જાણે ગાયકવાડ સરકારની ભૂલનું પ્રક્ષાલન કરી રહ્યાં. એ દહાડે ગામજમણમાં ભાગ લેનારા તમામના આનંદનો પાર ન હતો. ગામ-જમણના માધ્યમે જાણે વડોદરા-રાજ્યના પશુઓનાં પેટ ઘાસચારાથી સંતૃપ્ત થઈ રહ્યાં હોય અને પશુઓ તૃપ્તિનો ઓડકાર લઈ રહ્યાં હોય, એવી અનોખી અનુભૂતિ સવિશેષ તો જેસિંગભાઈ શેઠે અને તમામ ગ્રામ-વાસીઓએ એ દહાડે માણી.

જેસિંગભાઈના જીગરમાં જલતી જીવદયાની એ જ્યોત, જેસિંગભાઈની વાડી રૂપે આજે પણ ઝગમગી રહી છે. એનાં અજવાળાંમાં કર્તવ્યની કેડી નિહાળીએ અને કદમ કદમ આગે બઢીએ.

●

# ૪

## જીવદયા કાજે શહીદી

મુંબઈ જેવી મહાનગરીમાં વર્ષો પૂર્વે પાંજરાપોળનો પાયો નાખનારા શેઠ મોતીશાહના જીવનના ઘણા ઘણા પ્રસંગો પ્રસિદ્ધ હોવા છતાં જ્યારે જ્યારે પણ વાંચીએ/ સાંભળીએ, ત્યારે ત્યારે ચિત્તને ચમત્કૃત કરી જાય, એવા અજબગજબના પ્રસંગો છે. એમાંય ઓછો પ્રસિદ્ધ એક પ્રસંગ તો એટલી બધી અજબતા અને ગજબતાથી ભરપૂર છે કે, એ પ્રસંગનો રંગ માણ્યા પછી તો શેઠ મોતીશાહની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તેમજ જીવદયા કાજે જાનફેસાની વહોરી લેવાની એમની જ્વલંત જવાંમર્દી પર ઓળઘોળ બની ગયા વિના ન જ રહેવાય.

શેઠ એક દહાડો ઘોડાગાડીમાં બેસીને ભાયખલા તરફ જઈ રહ્યા હતા, લગભગ રોજ ભાયખલા જઈને સ્વદ્રવ્યથી નિર્મિત શ્રી આદિનાથ જિનાલયમાં પ્રભુભક્તિની મસ્તી માણવી, આ તેઓનો રોજનો ક્રમ હતો. તેઓના હૈયે પ્રભુભક્તિ અને અબોલ જીવો તરફની દયાનું ઝરણું જે રીતે

વહેતું હતું અને એથી એમણે જે યશસ્વી કાર્યો કર્યાં હતાં, એના કારણે આમ જનતાય એમના તરફ એ જાતનો અહોભાવ ધરાવતી અને અદબ જાળવતી કે, ભાયખલાના રસ્તે આવતી પેઢી-દુકાનોમાં બેઠેલા શેઠિયાઓ પણ ઊભા થઈ જઈને શેઠને નમ્યા વિના ન રહેતા. આ રીતે સૌનાં આદરમાન ઝીલતા ઝીલતા શેઠ આગળ વધી રહ્યા હતા. ત્યાં જ એમની નજર એ જાતના એક દૃશ્ય પર સ્થિર થઈ ગઈ કે, હૈયું હલબલી ઊઠતાં એમણે ઘોડાગાડીને એકાએક અટકાવી દીધી અને પોતાના ચોકીદારને આદેશ કર્યો કે, આ ગાય કોઈ પણ હિસાબે મરવી ન જોઈએ.

એક કસાઈ ગાયને ઢસડીને લઈ જઈ રહ્યો હતો. ગાયને લઈ જવાની એની રીત-રસમ જોતાં જ શેઠને ખ્યાલ આવી ગયો કે, કસાઈના હાથમાંથી આ ગાયને જો છોડાવવામાં નહીં આવે, તો એનું મોત નક્કી જ ગણાય. એમણે કસાઈને ઊભા રહી જવાનો સાદ પાડ્યો અને પડકાર્યો કે, આ રીતે ગાયને લઈ જતાં તને શરમ નથી આવતી ? મારી નજરે હું આ ગાયને આવી નિષ્ઠુરતાથી લઈ જવાતી અને અંતે મોતને હવાલે થતી જોઈ શકું એમ નથી.

શેઠનો ચોકીદાર વફાદાર હતો. એણે કસાઈ પાસે જઈને કહ્યું કે, શેઠ કોઈ પણ હિસાબે આ ગાયને બચાવી લેવા માંગે છે. માટે રાજીખુશીથી આ ગાયને છોડી દે, તો સારી વાત છે. આ ગાયના પ્રાણ કરતાં પૈસા વધુ વહાલા હોય, તો મોં માગ્યા પૈસા આપવાનીય શેઠની તૈયારી છે.

કોઈ પણ રીતે ગાયને સોંપવાનીય કસાઈની તૈયારી ન જોતાં શેઠે હુકમ કર્યો કે, જેવા પડશે એવા દેવાશે. આ કસાઈ માને એમ નથી લાગતું. માટે ગાયને કસાઈ પાસેથી ઝૂંટવી લઈને બચાવી લઈશું તો જ એ જીવી શકશે.

શેઠના હુકમ પ્રમાણે બળવાન ચોકીદારે કસાઈના હાથમાંથી ગાયને ઝૂંટવી લીધી. પછી તો એ ગાયને બચાવનારાઓનો ક્યાં તોટો હતો ! એક તરફ કસાઈ અને ચોકીદાર વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બન્યો, બીજી તરફ જીવદયા-પ્રેમીઓ મોતના મોંમાંથી બચાવી લેવાયેલી એ ગાયને સુરક્ષિત સ્થાન તરફ દોરી ગયા. એથી ગાય તો આબાદ બચી જવા પામી, પરંતુ કસાઈ અને ચોકીદાર વચ્ચેની ઝપાઝપીમાં કસાઈને ખાસી ઈજા થવા પામી, એટલું જ નહિ એ ઈજા અંતે જીવલેણ સાબિત થતાં મામલો અંતે કોર્ટમાં પહોંચ્યો. ચોકીદારનો તો ગાયને બચાવી લેવાનો જ ઈરાદો હતો, એના મનના કોઈ ખૂણે એ જાતની મેલી મુરાદ ન હતી કે, કસાઈને જીવલેણ ઈજા પહોંચાડવી ! પણ નતીજો કસાઈના મોતમાં પરિણમતા મામલો કોર્ટના કાંગરે પહોંચ્યો. ગુનેગારનો બચાવ કરવા કોઈ સમર્થ બની શકે એમ ન હતું. કાયદા કાનૂનની લડાઈના અંતે એવો ચુકાદો આવ્યો કે, જેથી ગુનેગાર ચોકીદારને ફાંસીના માંચડે ચડવું પડે!

આ જાતનો ફેંસલો ફાડવામાં આવતાંની સાથે સન્નાટો છવાઈ ગયો. શેઠ મોતીશાહ પણ ત્યાં હાજર જ હતા, ગાયની હત્યાની કલ્પનાય જેમના હૈયે હલચલ મચાવી જાય, એમનું હૈયું પોતાના ચોકીદારને ફાંસીના માંચડે થોડું જ ચડવા દે! ચોકીદારને બાલબાલ બચાવી લેવા એમણે કોર્ટ વચ્ચે જ ધડાકો કર્યો કે, આ ચોકીદાર જો ગુનેગાર ગણાતો હોય, તો ખરો ગુનેગાર તો હું જ છું. આ તો ચિઠ્ઠીનો ચાકર ગણાય. મારા હુકમથી એણે ગાયને બચાવવા કસાઈની સામે સંઘર્ષ ખેલ્યો હતો. માટે પડદા પાછળના ગુનેગાર તરીકે ફાંસી મને જ થવી જોઈએ, મારી આ વાજબી લાગણી અને માંગણી પર નામદાર કોર્ટને વિચાર કરવા હું ભારપૂર્વકની અરજ ગુજારું છું.

ગુનેગાર માટે ફાંસીનો ફેંસલો ફડાતાં જે સન્નાટો છવાયો હતો, એથી કેઈગણો વધુ સન્નાટો મોતને પોતાના માથે વહોરી લેવા સજ્જ બનેલા મોતીશાહ શેઠની આ અરજ સાંભળીને કોર્ટમાં છવાઈ ગયો. ગુનેગારના માથે ફટકારાઈ ગયેલી સજાનો ફેંસલો તો હવે ફેરવાઈ શકે, એ શક્ય જ ન હતું. શેઠ મોતીશાહ જ્યારે સામેથી ગુનો કબૂલી રહ્યા હતા, ત્યારે ન્યાયતંત્ર માટે બીજો કોઈ વિચાર કરવાનો અવકાશ જ ક્યાં રહેતો હતો! શેઠની અરજ સ્વીકારી લેતાં કોર્ટે સાચા ગુનેગાર તરીકે શેઠ મોતીશાહને ફાંસીપાત્ર જાહેર કર્યા. ચોકીદાર ફાંસીને લાયક જાહેર થયો, ત્યારે એની આંખના આંસુ ખાળી શકાયા હતા. પણ શેઠે જ્યારે સામેથી કરેલ અરજી મુજબ ન્યાયતંત્રે શેઠને સજાપાત્ર જાહેર કર્યા, ત્યારે ખાળી રાખેલો એ અશ્રુપ્રવાહ ધડધડ કરતો વહી નીકળ્યો. ફાંસીનો ફંદો શેઠ મોતીશાહની જીવનલીલા ખતમ કરી નાખે, એ ચોકીદારને મંજૂર ન હતું, એણે શેઠને ઘણીઘણી કાકલૂદી સાથે વિનંતી કરી કે, આપ લાખોના તારણહાર છો, આપનું જીવન અમૂલ્ય છે. માટે મને જ મરવા જવા દો. પણ શેઠ એકના બે ન થયા. ફરિયાદી પક્ષ સજાનો અમલ તરત જ ઇચ્છતો હોવાથી ન્યાયના કાનૂન મુજબ શેઠની અંતિમ ઇચ્છા પૂછવામાં આવી કે તમારી અંતિમ કોઈ ઇચ્છા હોય, તો જણાવી શકો છો. સજાનો અમલ કરતાં પૂર્વે આવી ઇચ્છાપૂર્તિ કરવા ન્યાયતંત્ર બંધાયેલું છે.

શેઠ મોતને તો વધાવી લેવા તૈયાર જ હતા. ભાયખલા જઈને પ્રભુભક્તિનો ક્રમ અખંડિત રાખવાની ભાવનાને જણાવતાં એમણે કહ્યું કે, ભાયખલા જઈને ભગવાનની પૂજા કરવાની અધૂરી ભાવનાની પૂર્તિ જ મારી અંતિમ ઇચ્છા છે. ભગવાનની ભક્તિના પ્રભાવે બધાં જ સારાં વાનાં થશે અને

હું મૃત્યુની પળોમાં પણ પ્રસન્ન રહી શકીશ, એવો મને વિશ્વાસ છે.

કોર્ટે આ વાત માન્ય રાખતાં શેઠ મોતીશાહ ભાયખલા પહોંચી ગયા. ફાંસીની ફરમાવાઈ ગયેલી સજાને જાણે એઓ વીસરી ગયા અને ભગવાનની ભક્તિમાં તલ્લીન બની ગયા. એમના અંતરમાં એ જાતનો આનંદ છલકાઈ રહ્યો હતો કે, થોડી જ પળો પછી સર્જાનારી ભીષણતાની કલ્પનાય જાણે ભૂંસાઈ જવા પામી હોય, એમ એમના મોં પર છવાઈ ગયેલી પ્રસન્નતા જોતાં જણાતું હતું. અંતિમ પૂજાની જેમ અંતિમ આરાધના કરીને શેઠ મંદિરમાંથી બહાર નીકળ્યા. ફાંસીનો માંચડો એમની રાહ જોઈ રહ્યો હતો. જીવદયા કાજે શહીદી વહોરવાપૂર્વક ચોકીદાર પર તોળાયેલું મોત પોતાને માથે મોલી-વહોરી લેવાનો સ્વામી ધર્મ અદા કરવા શેઠ ફાંસીના માંચડા પાસે આવી ઊભા.

દેવ-ગુરુ-ધર્મનું શરણ સ્વીકારવાપૂર્વક નવકારમંત્રનો નાદ જગવતાં શેઠ મોતીશાહ ફાંસીના માંચડે ચડી ગયા. એ જમાનામાં મુંબાદેવીના જાહેર ચોકમાં ફાંસી આપવામાં આવતી. આ પૂર્વે તો અપરાધીની હત્યા પર હાસ્ય વેરવા આ ચોકમાં લોકોનું ટોળું જામતું, પણ આજે જીવદયા કાજે શહીદી વહોરવા સજ્જ થયેલા શેઠ મોતીશાહને વળાવવા અને જાણે શોકસભામાં ભાગ લેવા મેદની ઊમટી હતી. શેઠ ફાંસીના માંચડે ચડ્યા અને મેદનીની આંખ બંધ થઈ ગઈ. હવે પછીનું દૃશ્ય જોવા કોઈ આંખની તૈયારી ન હતી.

બધાની આંખો બંધ હતી, પણ શાસનદેવ જાગ્રત હતા. શેઠ હસતે હૈયે ફાંસીના માંચડે ચડ્યા, ફાંસલો તંગ કરવાનો પ્રયત્ન જલ્લાદોએ કર્યો, પણ એ નિષ્ફળ નીવડ્યો. જલ્લાદોએ વધુ જોર અજમાવતાં સફળતા તો ન મળી, ઉપરથી

નિષ્ફળતાનો જ નતીજો મળવા પામ્યો. ફાંસલાનું એ દોરડું જ તૂટી જતાં શેઠનો જીવનદોર અખંડ રહ્યો. જેને જીવતો-જાગતો ચમત્કાર ગણી શકાય, એવી આ જાતની ઘટના પ્રથમ વાર બનવા પામી હતી.

આ સમાચાર બધે ફેલાઈ જતાં સહુ કોઈ આશ્ચર્યચકિત હૈયે શેઠની ધર્મ તરફની આસ્થા અને જીવો પ્રત્યેની એમની દયા-ભાવનાને નમી રહ્યા, એ જમાનાનું અંગ્રેજી માનસ આસ્થા અને દયા જેવાં ગેબી તત્ત્વોને સ્વીકારવા તૈયાર ન હતું, મોતીશાહને ફરી વાર ફાંસી આપવાનો પ્રયાસ થયો, પરંતુ એ પણ સફળ ન નીવડ્યો, ત્રીજી વાર ફાંસી આપવા જતાં પણ જ્યારે ફાંસલો ફસક કરતો ફસકી ગયો, ત્યારે અંગ્રેજ અફસરોને પણ એ સ્વીકારવા મજબૂર બનવું પડ્યું કે, ધર્મ જેવું કોઈ અગમ્ય અગોચર ગેબી છતાં શક્તિશાળી તત્ત્વ હોવું જ જોઈએ! એના વિના સ્વપ્નેય અસંભવિત આવી ઘટના સાક્ષાત સંભવિત કઈ રીતે બની શકે? આ જાતના ચમત્કારે શેઠ મોતીશાહને કોઈ સામાન્ય માણસ નહિ, પણ દેવતાઈ અવતાર તરીકે સાબિત કર્યા. અંગ્રેજ અફસરો પણ નતમસ્તકે શેઠને વીનવી રહ્યા કે, અમને માફ કરજો. આપ તો પ્રભુના બંદા છો. ફરમાવો ! આપનું મનગમતું અમે શું કરીએ ? શેઠનો જવાબ હતો : મને ગમતી ચીજ તો જીવદયા છે. એટલું વચન આપો કે, મુંબાદેવીના આ ચોક પર કોઈને ફાંસી અપાવાની હોય અને હું જો અહીંથી પસાર થતો હોઉ ને એ ગુનેગાર પર મારી નજર જાય, તો એ ગુનેગારને ફાંસીની સજામાંથી મુક્તિ આપવામાં આવે !

અંગ્રેજ અફસરો શેઠ તરફ એટલા બધા અહોભાવિત બની ઊઠ્યા હતા કે, એમની આ માંગણી પણ તરત જ

સ્વીકૃત બની જવા પામી. આ ઘટના બન્યા બાદ શેઠની ભગવદ્ભક્તિ, ધર્મશ્રદ્ધા અને જીવો પ્રત્યેની દયા ભાવના અનેકને માટે અનુકરણીય બની જવા પામી.

કહેવાય છે કે, આ ઘટના બન્યા બાદ કોઈને ફાંસીની સજા જાહેર થાય, ત્યારે એના સ્વજનો શેઠને વિનવણી કરે અને જો ગુનેગાર ખરેખર દોષિત ન હોય, એવો શેઠને વિશ્વાસ થાય. તો શેઠ મુંબાદેવીના એ ચોક તરફથી પસાર થવા દ્વારા એવા ગુનેગારને ફાંસીમાંથી મુક્તિ અપાવતા !

ફાંસીમાંથી મુક્તિ અપાવવાના આ રીતના અનેક કિસ્સાઓ બનવા પામ્યા. એમાં કોઈ વાર એવું પણ બની જતું કે, ખરેખર ગુનેગાર હોય, એ પણ છટકી જવા માંડ્યો ઘણાખરા કિસ્સાઓમાં તો નિર્દોષ ગુનેગાર જ શેઠની અમીનજર પામી સજા-મુક્તિ મેળવતો. આથી અંગ્રેજ અધિકારીઓ મૂંઝાયા. શેઠને આપેલ વચનનો ભંગ જેમ એમને ઈષ્ટ ન હતો, એમ ગુનેગારો છટકી જાય, એ પણ જરાય ઈષ્ટ ન હતું, અંતે એ અધિકારીઓએ ફાંસીના માંચડાનું સ્થળ બદલી નાખવાનો રસ્તો પસંદ કર્યો. પરંતુ મોતીશાહ શેઠને આપેલી વચનબદ્ધતા તો અંગ્રેજ અફસરોએ બરાબર જાળવી જાણી.

આવી હતી મોતીશાહ શેઠની જીવો તરફની દયાભાવના અને આશ્રિત નોકર-ચાકર ઉપર પણ વહેતી રહેતી વત્સલતા !

●

# ૫

# અદૃશ્ય અક્ષરો વાંચવાની કળા

મુંબઈ જેવા શહેરમાં વર્ષોથી મહાલનારાઓ માટે 'ભાયખલા'નું નામ અપરિચિત અને અજાણ્યું હોય એ જેમ સંભવિત ન ગણાય, એમ ભાયખલાના એક રાજમાર્ગને અપાયેલા 'મોતીશાહ લેન' આ નામ પાછળના ઇતિહાસથી મોટાભાગના મુંબઈવાસીઓ અપરિચિત જ હોય, એ એટલું જ સંભવિત ગણાય. ઘણાઘણાની કલ્પના એવી હોઈ શકે કે, કોઈ જૈન અગ્રણીનો અનુરોધ સફળ નીવડ્યો હશે, એથી જ ભાયખલાના રાજમાર્ગનું 'મોતીશાહ લેન' આવું નામકરણ થવા પામ્યું હશે ? કોઈનું અનુમાન એવું પણ હોય, તો એ નવાઈ ન ગણાય કે, શેઠ મોતીશાહે ઠેર ઠેર જે દાનની ગંગા વહેવડાવી, એથી અહોભાવિત પ્રભાવિત થઈને જ અધિકારીઓએ શેઠ મોતીશાહને આ રીતે માન-સન્માન આપવા 'મોતીશાહ લેન' આવું નામકરણ કરવાની ઉદારતા દર્શાવી હશે! પણ આવી કલ્પના પાયા વિનાની અને આવું અનુમાન આધારવિહોણું ગણાય, કેમ કે એક ખ્રિસ્તી ડોક્ટરની નામના

અને કામનાથી પર રહેવાની વૃત્તિ અને શેઠ મોતીશાહ ઉપરની હાર્દિક પ્રીતિના ફળરૂપે જ ભાયખલાના ‘લવ લેન’ તરીકે ઓળખાતા એ રાજમાર્ગને ‘મોતીશાહ લેન’ આવું નામાંતર મળવા પામ્યું હતું.

ઈતિહાસ બનીને લગભગ ભૂલાઈ ગયેલી એ ઘટના કઈ રીતે ઘટિત બનવા પામી હતી, એ ઘટનાને જાણીશું, તો એક ખ્રિસ્તી ડોક્ટરની મોતીશાહ શેઠ પ્રત્યેની ભક્તિ પર ઓવારી ઊઠવાની સાથે, જૈન યુગના સર્જક શાહ સોદાગર શેઠ મોતીશાહનાં નામકામને અમર રાખવા તરફ જૈન હોવા છતાં આપણે દાખવેલી ઉપેક્ષા આપણા અંતરને આજે ડંખ્યા વિના નહિ જ રહે.

વર્ષોનાં વર્ષો પૂર્વે ભાયખલાનો એ રાજમાર્ગ ‘લવ લેન’ તરીકે જ ઓળખાતો હતો. આ જાતના નામકરણ પાછળનું કારણ તો કોઈ જાણતું ન હતું. પણ ઘણા સમય બાદ એક એવું વાતાવરણ વેગ પકડવા માંડ્યું કે, ‘લવ લેન’ ના બદલે કોઈ બીજું સારું નામ આપીને માર્ગની મહત્તાની સાથે કોઈ મહાપુરુષના નામકામનેય અમરતા આપવાનો પ્રયાસ સફળ થાય, તો એથી વધુ રૂડું શું ગણાય ?

લવલેન તરીકે ઓળખાતા વિભાગમાં જ શેઠ મોતીશાહે એક એવા ભવ્ય જિનમંદિરનું નિર્માણ કરાવ્યું હતું કે, એથી જૈનજગત ભાયખલાને શત્રુંજય તરીકે જ ઓળખતું થઈ ગયું હતું. પણ આ તો જૈન જનતાની વાત થઈ. મોટાભાગની પ્રજા તો મોતીશાહ કે એમના મંદિરથી ક્યાંથી પરિચિત હોય ? એથી ‘લવલેન’ના નામપલટા અંગેનું વાતાવરણ જેમ જેમ વેગ પકડતું ગયું, એમ પ્રજામાંથી એક સેવાભાવી ડોક્ટરનું નામ વધુ ને વધુ આગળ કરાતું ગયું. એ વિસ્તારમાં વસતા એક ડોકટર ખૂબ ખૂબ લોકપ્રિય હતા. એમનું નામ હતું :

ડો. માસ્કેરાન, ધર્મે ખ્રિસ્તી હોવાથી ખ્રિસ્તી ડોક્ટર તરીકે ઓળખાતા. એમનો એક મુખ્ય ગુણ એ હતો કે, તેઓ દર્દ જોઈને નહિ, પણ દર્દીના દેદાર જોઈને ઓછાવત્તા પૈસા લઈનેય દર્દીને પૂરેપૂરો સંતોષ આપવા મથતા. દીનદુ:ખી પ્રત્યેની આવી કરુણાની ભાવનાને લીધે, તેઓ ખૂબ ખૂબ 'લોકલાડીલા' બની ગયા હોવાથી બધાને એવો જ વિશ્વાસ બંધાઈ ગયો હતો કે, આ ડોક્ટરનું નામ જ ભાયખલાના માર્ગ સાથે જોડાવા યોગ્ય હોવાથી આ નામ પર તો બધાની પસંદગી ઊતર્યા વિના નહિ જ રહે.

ડોક્ટર ખરેખર સદ્‌ગુણી હતા. એથી એમનું નામ માર્ગ સાથે જોડાય, એમાં કોઈનો વિરોધ તો હોય જ શાનો ? સર્વસંમત નામ જ પસંદ કરવાનું ધોરણ અપનાવાય, તો તો આ ડોક્ટરના નામ ઉપર જ સહુની સમસ્વરે સંમતિ સધાય એમ હતી. 'લવલેન' વિભાગમાં જ ડોક્ટરનું દવાખાનું ચાલતું હતું અને ગરીબ-ગુરબાં લોકોની અવરજવરથી એ દવાખાનું સતત ઊભરાતું રહેતું હતું.

મુંબઈના અધિકારી વર્ગ સમક્ષ ભાયખલામાં વસવાટ કરતી જનતાએ પોતાની ભાવના રજૂ કરતાંની સાથે જ આશાસ્પદ જવાબ મળતાં નામપલટાના વાતાવરણને ઓર વેગ મળ્યો. સૌને જ્યારે એવો વિશ્વાસ બેસી ગયો કે, હવે તો જનતાની જીત થઈને જ રહેશે. પરંતુ આ બધા સમાચાર ડોક્ટર સમક્ષ પહોંચતા જ એઓ વિચારમગ્ન બની ગયા. નામનાની કામનાથી પર રહીને બધી વૃત્તિ-પ્રવૃત્તિ કરતા રહેનારા એમની ભાવના તો કોઈ જુદી જ જાતની હતી. એઓ વિચારી રહ્યા કે, આ મુંબઈ નગરીમાં તો એવી એવી મહાનતાઓ પેદા થયેલી છે કે, એમનાં નામકામને કોઈ ભૂલવા માંગે, તોય ભૂલી ન શકે. એ મહાપુરુષોની સમક્ષ તો

મારું સેવાકાર્ય કોઈ ગણતરીમાં જ આવે એમ નથી. હું તો પૂરા ભાયખલામાં પણ પ્રસિદ્ધ નથી. જ્યારે શેઠ મોતીશાહ જેવા થઈ ગયેલા મહાપુરુષો જે સેવાકાર્ય કરી ગયા, એની સુવાસ તો સર્વત્ર ફેલાયેલી છે. માટે ભાયખલાના રાજમાર્ગનું ગૌરવ વધારવું હોય, તો મોતીશાહ જેવાનું નામ જ આપવું જોઈએ.

માત્ર આવો આટલો વિચાર કરીને જ ડોક્ટર બેસી ન રહ્યા. એમણે તો અધિકારી વર્ગ સમક્ષ પહોંચી જઈને પોતાનો મનોભાવ દર્શાવતાં જણાવ્યું કે, ભાયખલાના રાજમાર્ગને 'લવલેન'ના બદલે બીજું કોઈ નામ આપવાના વિચારચક્રો ગતિમાન થયાં છે. એના સંદર્ભમાં એટલું જ જણાવવા હું ઉપસ્થિત થયો છું કે,નાના માણસને મોટા પદ પર બેસાડી દેવાથી મોટું પદ લજવાય છે અને આમ છતાં નાના માણસને મોટાઈ મળી શકતી નથી, ઉપરથી એની લઘુતા જ જાહેરમાં વ્યક્ત થાય છે. માટે હું ઈચ્છું છું અને ભારપૂર્વક એવી ભલામણ કરવા માગું છું કે, 'લવલેન' નામ બદલવું જ હોય, તો 'શેઠ મોતીશાહ લેન' આ નામ પર જ પસંદગી ઉતારશો. શેઠ મોતીશાહે ભાયખલામાં ભવ્ય જિનમંદિરનું નિર્માણ કરીને 'શત્રુંજયતીર્થ' જેવો મહિમા આ ભાયખલાને અપાવ્યો છે, એની ઋણમુક્તિ માટેની આ તક ઝડપી લેશો, મોતીશાહની નામના કામના તો અજરામર છે, એને અમર રાખનારા આપણે તો વળી કોણ? આપણું તો કોઈ ગજું જ નથી કે, પૂર્વજોનાં નામ- કામને આપણે અમર બનાવી શકીએ, એ મહાપુરુષોનું નામાંકન માર્ગ સાથે કરવાથી ઉપરથી એ મહાપુરુષોના પ્રભાવે 'ભાયખલા'નું નામ જ ચિરંજીવી બની શકશે, માટે જનતાના અવાજને આવકાર આપવાના બદલે મારા એકના આત્માના આ અવાજને જ આવકાર્ય રાખશો, એવો હું વિશ્વાસ રાખું છું.

અધિકારી વર્ગે તો જનમતને લગભગ સ્વકાર્ય ગણીને ‘લવલેન’ને બદલે ‘ડો. માસ્કેરાન લેન’ આવું નામકરણ કરવાનો જોકે નિર્ણય લઈ જ લીધો હતો, પણ જ્યારે ખુદ ડો. માસ્કેરાનના આવા મનોભાવ જાણ્યા, ત્યારે એ એકના અવાજને અનેકના અવાજ કરતાંય વધુ વગદાર ગણીને અધિકારી વર્ગે એ જ ક્ષણે ‘શેઠ મોતીશાહ લેન’ આવું નામકરણ સહર્ષ સ્વીકૃત કરીને પછી એને શિલાંકિત પણ કર્યું. એથી જ આપણે આજે ‘શેઠ મોતીશાહ લેન’ આ જાતનું પ્રગટ-પ્રત્યક્ષ નામ વાંચવા ભાગ્યશાળી બની શકીએ છીએ. પરંતુ આ પ્રસંગના વાંચન બાદ તો આ જ નામની નીચે અદશ્ય અક્ષરોમાં ‘ડો. માસ્કેરાન લેન’ પણ વાંચવા સમર્થ બનીશું, તો આવા વાંચનને નવાઈ નહિ ગણી શકાય ! આ પ્રસંગનું વાંચન આપણને અદશ્ય અક્ષરો વાંચવાની કળા શીખવી જાય તો નવાઈ નહિ.

●

# ૬

## આનું નામ પર્યુષણ ઊજવી જાણ્યા

મોટાના મનમાં કદીક વેરની ગાંઠ એવી તો સજ્જડ બંધાઈ જતી હોય છે કે, કોઈ એને છોડવાનો પ્રયાસ કરે, તો ઉપરથી એ વધુ મજબૂત બનતી જાય. મોટાનું વાત્સલ્ય જેમ મોટું હોય છે, એમ કદીક મોટાનું વેર પણ મોટું હોય છે. જાતના જૈન શ્રી ડાહ્યાભાઈ ધોળશા ગુજરાતના એક પ્રિય નાટ્યકાર હતા, તો શ્રી દલપતરામ પ્રખ્યાત કવિરાજ હતા. આ બે મહાશક્તિઓએ સુમેળ સાધીને પોતપોતાના ક્ષેત્રે ખેડાણ કર્યું હોત, તો તો ગુજરાતી સાહિત્યનો આજનો ઈતિહાસ જ કોઈ ઓર હોત! પણ આવા ઈતિહાસ સર્જનના લેખ ભાવિને મંજૂર નહિ હોય, એથી બંને શક્તિ સંઘર્ષના મેદાનમાં પડીને વધુ ને વધુ નબળી પડી રહી હતી, ત્યારનો આ એક પ્રસંગ છે.

નાટ્યલેખક શ્રી ડાહ્યાભાઈ ધોળશા વાતવાતમાં કવિ દલપતરામને આંખમાં રાખીને કહેતા : જોડકણાં જોડવાં, એ તો મૂર્ખાઓનું કામ છે અને આવાં જોડકણાંઓને તો ડોશીઓ જ વધાવે !

કવિ દલપતરામ આની સામે સણસણતો જવાબ વાળતા : જે ના ટકે એવા નાટક પાછળ લાખેણી લેખિનીને ટકાના શેરના ભાવે વેચનારા નવરા નાટ્યકારોએ તો આ દુનિયાનું નખ્ખોદ વાળ્યું છે. આના સર્જન પાછળ એ જાતનો સમય તો વેડફે જ છે! પણ એ સર્જનને રંગભૂમિ પર લાવીને દુનિયાના સમયનો પણ એઓ દુરુપયોગ કરાવે છે. લખવું જ હોય, તો એવું લખવું જોઈએ કે, જેનો સ્રોત અંતરમાંથી વહેતો હોય! બાકી પારકાં પાત્રો પર કલમને ઘસી બોળવાથી શું વળ્યું !

આમ, વાતવાતમાં કવિ અને નાટ્યકાર વચ્ચે કલમની કટારીનો આવો સંગ્રામ ખેલાયા જ કરતો. માછલીને તરવાનું શિખવાડવું પડે, એનો શો અર્થ ? પંડિતને પ્રેમના પાઠ પઢાવવા પડે, તો એની પંડિતાઈની પછી વડાઈ શી ? કવિ અને નાટ્યકાર કલમની કટાર ઉગામીને અખબારોના આંગણે લડ્યા જ કરતા. એમના જેવાને પ્રેમનો મહિમા કોણ સમજાવે ? કોણ એમને ખ્યાલ કરાવે કે, બેનો આંકડો નજીક નજીક બેસે, તો એમાં બાવીસનું બળ જ ઊભરાય છે પરંતુ એ જ આંકડો જો સામસામો ટકરાઈ જાય, તો એમાં ચાર જેટલું જ બળ ટકે છે. માટે મૈત્રીનો મહિમા સમજો અને તમે બે સમાજને બાવીસનું બળ પૂરું પાડો.

'ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોઈ'ની વાણી દલપતરામ અને ડાહ્યાભાઈને ઘણી સાંભરતી અને માન મૂકીને એકબીજાની મોટાઈ કબૂલવા એઓ ઘણી વાર મનોમન તૈયાર પણ થઈ જતા. પરંતુ દિલના દરમાં સૂતેલી સ્વમાનની સાપણ ત્યારે લપલપ કરતી બહાર ધસી આવતી અને બંનેનાં હૈયાંમાં વેરનું ઝેર ફેલાઈ જતું.

મનની મટકીમાં વેરનાં ઝેર કંઈ સદાને માટે ભરાયેલાં જ નથી રહેતાં ! મનની માટલી એક વાર ઝેરથી ભરાયા પછી પાછી ખાલી જ ન થતી હોત અને એમાં મૈત્રીનાં મધ ભરાતાં જ ન હોત, તો તો આ દુનિયાના ઇતિહાસમાં સંગ્રામની લોહિયાળ કહાણીઓ જ કણસતી સાંભાળવા મળત ! પરંતુ ઇતિહાસનાં એ પૃષ્ઠો પર 'ક્ષમા વીરસ્ય ભૂષણં'નો નાદ ગજવતી ઠીક ઠીક કથાઓ સુવર્ણાક્ષરે લખાયેલી નજરે ચઢે છે, એથી એવો આશાવાદ જન્મે કે, તૂટેલાં દિલના દોરા ફરી સંધાઈ શકે છે, સૂતરનો સાંધો ભલે ગાંઠ રૂપે દેખાઈ આવે, પણ દિલનો સાંધો ન કળી શકાય, એવું જોડાણ પણ બની શકે અને ભંગાણ પછીનું એ જોડાણ ઘણું મજબૂત પણ હોઈ શકે ! કારણ કે ભંગાણનાં ભયસ્થાનોની ચેતવણી દેવાની એને પછી જરૂર જ રહે નહિ !

વેરના ઝેરથી ભરેલી મનની મટકીને પ્રેમના પાણીથી ધોઈને, એમાં અવેરનું અમૃત ભરવાની પ્રેરણા દઈ જતી અજબની એક ઘડી ડાહ્યાભાઈ ધોળશાના જીવનમાં ક્ષમાની છડી પોકારી ગઈ ! દિવસો પર્યુષણના હતા. પ્રવચનનો વિષય ક્ષમાનો હતો. એક જૈનત્વના નાતે પ્રવચન સાંભળવા આવેલા શ્રી ડાહ્યાભાઈ ધોળશાના કાળજામાં પર્યુષણની પ્રેરણાના બોલ પડઘો પાડી રહ્યા.

'આ માનવજીવન તો વિવેકનું જીવન છે પ્રેમનું આદાન પ્રદાન કરીને અજાતશત્રુ રહેવાના આ અવસરે, જે પાગલ પ્રેમનું પીયૂષ ઢોળી દઈને મનની માટલીમાં વેરનાં ઝેર જ ભરી રાખે છે, એની પાગલતાનો તો કોઈ જોટો નથી. જન્મ-જન્માંતરમાં વાવેલી વેરની વડવાઈઓને ઉખેડી નાંખીને, પ્રેમના પુષ્પછોડ વાવવાની આ વેળાએ જે ઉપરથી વેરની વડવાઈઓને વહાલથી ઉછેરે, એને પાગલ નહિ તો શું કહેવાય ?'

ડાહ્યાભાઈ ધોળશા આ પ્રેરણા-બોલ સાંભળી રહ્યા. એમના અંતરમાં એક આંદોલન આકાર લઈ રહ્યું. ભીતરમાંથી જ કોઈ વ્યક્તિ-શક્તિ જાણે એમને ચૂંટી ખણી રહી : ડા'યાનો ઢોંગ ધરાવતો તું શું પાગલ નથી ? પ્રેમની પરબો માંડીને, વાત્સલ્યનાં વારિ વહેંચવાના ઉપદેશ દેતો તું કવિ દલપતરામને પ્રેમનું ટીપું પણ નથી પાતો, આ શું તારી આત્મ-ઠગાઈ નથી ? મિત્રની સામે તો મૈત્રીના મધુકુંભ સહુ કોઈ ધરે ! એમાં કંઈ ઝાઝી વિશેષતા નથી. શત્રુના મોંમાં પ્રેમનું ટીપુંય રેડવું એ જ અઘરું છે. અને અઘરાની આરાધના માનવ નહિ કરે, તો પછી કરશે કોણ ?

વિચારનું આ આંદોલન એટલું બધું વેગીલું બન્યું કે, વિચારને આચારમાં પલટાવું જ પડે! ડાહ્યાભાઈ પ્રવચનની એ પ્રેરણા ઝીલીને સીધા જ કવિ દલપતરામના ઘરે જવા રવાના થયા. જેણે આ દૃશ્ય જોયું, એના આશ્ચર્યને અવધિ ન રહી. જેણે વાત જાણી, એના અચરજને આરો ન રહ્યો, ખુદ દલપતરામ પણ પોતાની સામે આવીને ઊભેલા ડાહ્યાભાઈને આશ્ચર્ય અને અહોભાવની આંખે નિહાળી જ રહ્યા. કવિ અને નાટ્યકારની વચ્ચે મૌનની ગંભીર પળો પસાર થઈ રહી. એ અબોલ આંખો ઘણું ઘણું બોલી ગઈ. એ બિડાયેલા હોઠ કેટલીય વાતો કરી ગયા. અંતે ગંભીરતાનો પડદો ઊચકતાં ડાહ્યાભાઈએ કહ્યું :

'કવિવર! ધોળો રંગ વાત્સલ્ય/પ્રેમનો પ્રતીક લેખાય છે. ધોળી ધજા યુદ્ધવિરામની સંદેશવાહક ગણાય છે. હું ધોળી ધજા લઈને આપની પાસે આવ્યો છું'

દલપતરામે વાતનો મર્મ પામવા પૂછ્યું : યુદ્ધ વિના વિરામ કેવો ? અને તમારા હાથમાં ધોળી ધજા જેવું તો કંઈ

દેખાતું નથી ! તમારા આગમનથી મને આશ્ચર્ય થાય છે, તો તમારી આ વાત સાંભળીને તો હું મહાઆશ્ચર્ય અનુભવું છું.

ડાહ્યાભાઈએ ચોખવટ કરવા, પોતાના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું : કવિવર ! વસ્ત્રમાંથી જ ધોળી ધજા બને, એવું કોણે કહ્યું ! વાળમાંથી પણ ધજા સર્જાઈ શકે છે. આપણા બંનેના મસ્તક પર સમ ખાવા જેવોય એકે કાળો વાળ રહ્યો નથી. ધોળા વાળની આ ધોળી ધજા કહે છે કે, હવે તો યુદ્ધવિરામ જાહેર કરો ! અખબારને આંગણે કલમની કટારી ઉગામીને આપણે આપણી કલમને કલંકિત જ કરતા રહ્યા છીએ, આ શું યુદ્ધ નથી ? આ ધોળી ધજા લહેરાતી થયા પછીય આ યુદ્ધથી આપણે વિરામ ન પામીએ, તો દુનિયા કહેશે કે, આમના ધોળામાં ધૂળ પડી ! માટે ભૂતકાળને ભૂલી જઈને, હવે આપણે દિલ્લગીના દોરે બંધાઈએ !

'યુદ્ધવિરામ'નો આ નાદ કવિવરના કાળજાને કૂણું બનાવી ગયો. એઓ વળતી જ પળે ઊભા થઈ ગયા અને ડાહ્યાભાઈને ભેટી પડતાં બોલ્યા કે, ખરેખર આજે તમે પર્યુષણ ઊજવી જાણ્યા! ધોળી ધજાનો આવો ઉપદેશ મને સમજાવવા બદલ તો હું તમારો ઋણી રહીશ જ ! પરંતુ સ્વમાનનું આવું સમર્પણ કરીને મારી વેરવૃત્તિને તમે ઠારી, એ બદલ સમાજ પણ તમારા ઋણમાંથી મુક્ત નહિ થઈ શકે ! યુદ્ધવિરામની આ વાત જેણે જેણે સાંભળી, એ બોલી ઊઠ્યા : આનું નામ પર્યુષણ ઊજવી જાણ્યા !

●

## ૭

# ખસી જઈને ખોરડાએ સંઘને સત્કાર્યો !

તીર્થ-યાત્રા ! અને એમાં પણ છ'રી'ના પાલનપૂર્વક કરાતી-કરાવાતી તીર્થ-સંઘયાત્રા ! આનો મહિમા તો જુગ-જુગથી પ્રતિષ્ઠિત છે. એથી નજીકના ભૂતકાળમાં તીર્થયાત્રાઓ અને યાત્રા-સંઘોનું આયોજન જેમ થતું રહેતું હતું, એમ વર્તમાનકાળમાં પણ સંઘયાત્રાની સરવાણી વહેતી જ રહી છે. એક દૃષ્ટિએ વિચારીએ, તો પૂર્વકાલીન આવાં આયોજનો ઝાઝા ઠાઠમાઠ વિના જ થતાં, તોય શાસનની શોભા વધારી જવા પૂર્વક અપૂર્વ લોકાદર પામતાં. ઘણા ઘણા ઠાઠમાઠ સાથેનાં આજનાં આયોજનો દ્વારા આ બે વાનાં કેટલા પ્રમાણમાં સિદ્ધ થતાં હશે, એ સણસણતો સવાલ છે, સવાલ જ નહિ, આને સમસ્યા પણ ગણી શકાય.

આ સવાલ અને સમસ્યાના કારણ-વારણમાં ઊંડા ઊતરીએ, તો સારાંશ રૂપે એટલું તથ્ય તો તારવી જ શકાય કે, આજે લગભગ શાસન પ્રભાવનાના નામે ઠાઠમાઠને પ્રધાનતા આપીને લખલૂટ લક્ષ્મી વેરવામાં આવતી હોય છે,

એવો લક્ષ્મી-વ્યય પૂર્વકાલીન સંઘનાં આયોજનોમાં એ એ સંઘોનાં જરૂરી કાર્યો ઉપરાંત અજૈનોનાં મોં મીઠાં કરાવવા-પૂર્વક ઔચિત્યને અનુરૂપ પ્રવૃત્તિ પાછળ કરવામાં આવતો, એથી એ સંઘોને સત્કારવા-આવકારવા જૈન સંઘો ઉપરાંત ગામલોકોમાં પણ અનોખી આતિથ્ય-ભાવનાથી પ્રેરિત થનગનાટ જોવા મળતો અને ઠેરઠેર સહુ કોઈ આવા સંઘોની કાગડોળે પ્રતીક્ષા કરતા તેમજ સંઘના આગમનને ઘર આંગણે મંડાયેલા મહોત્સવની જેમ વધાવી લેતા. જ્યારે આજે આનાથી સાવ જ વિપરીત વાતાવરણ જોવા મળતું હોય છે, ઠાઠમાઠ અને હજારોના ખરચે બોલાવાયેલાં બેંડો અને બ્યૂગલોનો દુંદુભિનાદ પણ આજે ગગનને તો ગજાવી શકે છે, પરંતુ જૈન-જગતનેય પ્રમાદની પથારીમાંથી બેઠા કરી શકતો નથી, એ વાસ્તવિકતા છે.

વર્તમાનકાળમાં લગભગ જોવા મળતી આવી વરવી વાસ્તવિકતાની સામે ભૂતકાળ કેવો અને કેટલો બધો ભવ્ય હતો, એની આપણે કલ્પના કરી શકીએ, એ જાતનો નજીકના ભૂતકાળનો જ એક પ્રસંગ જાણવા જેવો છે.

પાટણના પ્રાંગણમાં પંચાસર પાર્શ્વનાથના પ્રખ્યાત જિન-મંદિરની સામે જેમની નામના-કામનાની પતાકા 'નગીનદાસ પૌષધશાળા-મંડપ'ના માધ્યમે દિનરાત લહેરાતી જ રહે છે, એ નગીનદાસ કરમચંદ સંઘવી પરિવારે શતવર્ષાયુ પૂ. આચાર્યદેવ શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા પામીને પાટણથી પાલિતાણા સિદ્ધગિરિરાજના એક એવા અદ્ભુત સંઘનું આયોજન કરેલું કે, સમય અને સંપત્તિની સાચવણીને મુખ્યતા આપીને સીધા જ પાલિતાણા પહોંચવું હોય, તો પહોંચી શકાય એમ હોવા છતાં સમય અને સંપત્તિની સીમા કરતાં વિવિધ તીર્થોની યાત્રાને જ અગ્રિમતા આપીને પાટણથી

કચ્છની કીર્તિકલગી સમા ભદ્રેશ્વરતીર્થને ભેટીને અને સોરઠના સૌભાગ્યતિલક સમા ગિરનાર-ગિરિની યાત્રા કરાવવાપૂર્વક પાલિતાણા પહોંચાડતો સુદીર્ઘ માર્ગ પસંદ કરીને સંઘવીએ સંઘના પ્રારંભે જ જાણે ઉછાળા મારતી ઉદારતાની તેમજ વધુમાં વધુ તીર્થોની ભક્તિ કરવાની ભાવનાની ભરતીની પુણ્યપ્રતીતિ કરાવી દીધી. એથી શાસનસમ્રાટ પૂજ્ય આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં પ્રસ્થિત એ સંઘમાં વિવિધ સમુદાય અને ગચ્છવર્તી પૂ. આચાર્યદેવાદિ શ્રમણ-શ્રમણીગણનો તેમજ ગામેગામના સંઘના ભાવિકોનો એક મોટો મેળો જ સંમિલિત થઈ જવા પામ્યો, આવું સંમિલન એ પછી આજ સુધી નિહાળવા કોઈ ભાગ્યશાળી બન્યું નથી, એમ કહ્યા વિના ચાલે નહિ.

આ જાતની વિવિધ વિશેષતાઓના કારણે સ્વયં એક ઈતિહાસ બની જવાની સમર્થતા ધરાવતા એ સંઘને ગામેગામ અનેરો આદર-સત્કાર અને અંતરનો આવકાર મળી રહે, એમાં કોઈ નવાઇ ન ગણાય. જૈનજગત ઉપરાંત એક અજૈન-ખેડૂતના દિલમાં પણ એ સંઘે કેવો આદરભાવ જગવ્યો હતો, એનો સૂચક એક પ્રસંગ જાણવા જેવો છે.

નગીનદાસ કરમચંદ સંઘવી આયોજિત આ સંઘનું જ્યાંથી પ્રયાણ થતું, એ માર્ગ પરથી યાત્રિકોનો પ્રવાહ જાણે પાણીના પૂરની જેમ પસાર થઈ રહ્યો હોય, તેમજ સંઘનો જ્યાં પડાવ પડતો, ત્યાં માનવ-મહેરામણ જ છલકાતો હોય, એવું દશ્ય સરજાઈ જતું, આના કારણે સંઘ પ્રયાણ પૂર્વે જ માર્ગ અને મુકામનું અવલોકન કર્યા વિના જ આગળ વધવું શક્ય ન હતું. સંઘના નિર્ણીત માર્ગ મુજબ વચ્ચે વચ્ચે આવતાં ગામડાં દિવસોથી આ સંઘના આગમનની પ્રતીક્ષા કરતાં અને સંઘના દર્શને નાચી ઊઠતાં.

માર્ગનું અવલોકન કરવા નીકળેલા કાર્યકરો એક ગામડામાં પહોંચ્યા. ગામલોકોનો ઉત્સાહ અને થનગનાટ જોઈને કાર્યકરોએ પણ અનહદ આશ્ચર્ય અનુભવ્યું. જૈનનું એકાદ પણ ઘર ન હોવા છતાં જૈન સંઘ પરનો ગામ-લોકોનો અહોભાવ જોઈને કાર્યકરોને થયું કે, આવા ગામડામાં થઈને સંઘ આગળ વધે, તો ખૂબ ખૂબ સદ્ભાવ વધે. એથી આ ગામમાં થઈને આગળ વધવાનું લગભગ નક્કી કરીને કાર્યકરો વિદાય થયા. એથી એ સંપૂર્ણ ગામડું સંઘની સ્વપ્નસૃષ્ટિ દિનરાત નિહાળી રહ્યું. સંઘાગમનના દિવસો નજીક આવવા માંડ્યા, એમ ગ્રામ્યજનોનો આનંદોલ્લાસ વૃદ્ધિગત બનતો ચાલ્યો. પણ 'આડી રાત એની શી વાત' આના જેવો ઘાટ ઘડાયો. સંઘના નક્કી થયેલા દિવસના ત્રણ ચાર દહાડા પૂર્વે પુનઃ અવલોકન કરવા આવેલા કાર્યકરો જ્યાં એ ગામના રસ્તાઓનું અવલોકન કરવા નીકળ્યા, ત્યાં જ એક માત્ર જે માર્ગેથી ગામમાં પ્રવેશવું શક્ય હતું, એ માર્ગમાં જ આવતું એક મકાન જોઈને કાર્યકરોને લાગ્યું કે, આ મકાનને કારણે તો આ માર્ગ સંઘના પ્રવેશ માટે એટલો બધો સાંકડો ગણાય કે, સંઘ આગળ જ ન વધી શકે. ગાડાંઓની વણઝાર, યાત્રિકોના મહેરામણ અને સાજન-માજનથી ઉભરાતી પ્રવેશયાત્રા આ માર્ગેથી કઈ રીતે આગળ વધી શકે ? આ પૂર્વેના અનુભવો પરથી બોધપાઠ લઈને કાર્યકરો મનોમન એવા નિર્ણય પર આવી ગયા કે, આવા સાંકડા માર્ગના કારણે રસ્તો બદલીને બીજા કોઈ ગામમાં પડાવ રાખવા વિચારવું જ પડશે. અણગમતો પણ આવો નિર્ણય લેવા મજબૂર બનવું જ પડે, એમ હોવાથી ગામલોકોને આની જાણ કર્યા વિના રસ્તો કઈ રીતે બદલી શકાય ?

એકઠા થઈ ગયેલા ગ્રામજનો સમક્ષ કાર્યકરોએ પોતાની આ મૂંઝવણ રજૂ કરતાં જણાવ્યું કે, આજ સુધી તો આ ગામમાં થઈને જ સંઘની પ્રયાણ-યાત્રા આગળ વધારવાનું નક્કી જ હતું. પણ આજે જ્યારે ગામનું અવલોકન કર્યું, ત્યારે જ એમ લાગ્યું કે, આ સાંકડા માર્ગેથી સંઘ કોઈ પણ રીતે આગળ ન જ વધી શકે. માટે આ ગામ છોડીને બીજા માર્ગ માટે વિચારવું પડે, એમ લાગે છે.

કાર્યકરોની આ મૂંઝવણ સાંભળીને ગ્રામ્યજનોએ જાણે પગ નીચેથી પૃથ્વી જ ખસી જતી હોય, એવો કારમો આઘાત અનુભવ્યો, હોઠ સુધી આવી ગયેલી અમૃત-પ્યાલી જાણે ઝૂંટવાઈ જવાની હોય, એવી વ્યથાપૂર્વક ગ્રામ્યજનોએ પૂછ્યું કે, આ સિવાય બીજો તો કોઈ સવાલ સતાવતો નથી ને ? આ સવાલ પડઘાઈ જ રહ્યો હતો,ત્યાં એક ખેડૂતને ખ્યાલ આવી ગયો કે, પોતાનું ખોરડું જ નડતર રૂપ બનતું લાગે છે. એણે વિના વિલંબે ખોરડું ખસેડી લેવાનો પ્રસ્તાવ રજૂ કરતાં કહ્યું કે, હોઠ સુધી આવેલી અમૃતની આ પ્યાલીને કોઈ પણ હિસાબે જતી તો નથી જ કરવી. પ્રવેશના માર્ગમાં અવરોધક બનીને સંકડાશ સર્જવામાં કારણ બનતું મારું ખોરડું ખસી જઈને સંઘને આવકારવા-સત્કારવા તૈયાર છે. મારી આટલી તૈયારી છે. આમ છતાં બીજો કોઈ સવાલ સતાવતો હોય, તો જણાવો, તો આ ગામ એને સુલઝાવી આપવાની બાંયધરી આપે છે. બાકી તો ગારમાટીમાંથી બનેલું ખોરડું ખસેડી દેતા તો કેટલી વાર લાગવાની ? તમે હકાર ભણતા હો, તો એક રાતમાં જ મારું એ ખોરડું ખસી જશે.

ગામલોકો પણ ખેડૂતના સૂરમાં સૂર પુરાવતાં સમસ્વરે બોલી ઊઠ્યા કે, જેની માલિકીનું ખોરડું છે, એ ખેડૂતની આ વાત બરાબર છે. અમે બધા મંડી પડીશું, અને એ ખોરડાને

એક રાતમાં ખસેડી દેવામાં પૂરતો સહકાર આપીશું. બસ, હવે તો બીજો કોઈ સવાલ નથી ને ? બોલો, મહાવીર સ્વામીની જય! સંઘનું આગમન અને પડાવ આ ગામમાં જ હવે તો નક્કી ને ?

ખાટલા જેવી ચીજ હોય, તો ખસેડી શકાય, પણ ખોરડા જેવું ખોરડું કઈ રીતે ખસી શકે ? આનું આશ્ચર્ય કાર્યકરો દ્વારા વ્યક્ત થયા વિના ન રહ્યુંઃ ખોરડું વળી કોઈ પણ રીતે ખસેડાતું હશે ખરું ? સ્પષ્ટ જવાબ મળ્યો : ખોરડું ખસેડવું એટલે ખોરડાને ખેદાનમેદાન કરી દઈને સપાટ મેદાન સરજવું !

આ સાંભળીને કાર્યકરો અનહદ આશ્ચર્ય વ્યકત કર્યા વિના ન રહી શક્યા. એઓ બોલી ઊઠ્યાઃ આ રીતે ખોરડાને ખતમ કરી દઈને પણ સંઘને આવકારવાનો આવો વિક્રમ પ્રથમ વાર જ સ્થાપિત થશે. આવી તૈયારી દર્શાવવા બદલ આ ગામને, આ ગામની જનતાને અને સવિશેષતઃ તો ખમીરવંતા આ ખેડૂતભાઈને જેટલા બિરદાવીએ, એટલાં બહુમાન ઓછાં જ ગણાય ! બસ, હવે તમે બધા નિશ્ચિંત બની જઈને સંઘને સત્કારવાની તૈયારી કરી શકો છો.

પળ પૂર્વે વિષાદગ્રસ્તતાના ભોગ બનેલા ગ્રામ્યજનો અને સંઘના કાર્યકરો બીજી પળે જ પરમ પ્રસન્નતા અનુભવતા વિખરાયા, આ પછી ખેડૂત પોતાનું ખોરડું ખાલી કરવા મંડી પડ્યો અને ગ્રામ્યજનો એ ખોરડાને ખેદાનમેદાન કરી નાંખીને ત્યાં સપાટી સર્જવા મચી પડ્યા. આ સમાચાર સાંભળીને સંઘ ઉપરાંત અનેકાનેક ભાવિકો સંઘના પગલે સર્જાનારી આ અભૂતપૂર્વ એક ઘટના ઘરઘરમાં ગુંજી ઊઠે, એવી રીતના 'અહો અહો' ના નાદથી મનોમન ગ્રામ્યજનોને વધાવી રહ્યા. બે દહાડા બાદ સંઘ જ્યારે એ ગામડામાં થઈને પસાર થયો,

ત્યારે માર્ગની પહોળાઈ વિશાળતાની સાથે સાથે ગ્રામ્યહૈયાંની વધુ વિશાળતાનાં દર્શન પામીને તો ધન્ય ધન્ય બની ગયો.

વર્તમાનમાં થતાં સંઘનાં આયોજનોમાં જે કડી ખૂટે છે, એની પૂર્તિ જો થઈ જવા પામે, તો ભુલાઈ ગયેલો એ ભૂતકાળ વર્તમાનકાળમાં પલટાઈ જતા આજના સંઘોના પગલે પગલે વધુ શાસનપ્રભાવના તો થાય જ, પરંતુ લોકચાહના કે લોકલહાણીની સરવાણીનું સ્તર પણ ઊંચે આવ્યા વિના ન જ રહે, જેની આજે તો તાતી આવશ્યકતા ખડી થઈ જવા પામી છે.

●

## ૮

# ભાગ્ય આડેનું પાંદડું

નસીબ-ભાગ્ય નબળું હોય ત્યારે 'થપ્પડ' મારીને એ સંપત્તિની લૂંટ ચલાવે અને સબળું હોય, ત્યારે 'છપ્પર' ફાડીનેય એ સંપત્તિ વ઼રસાવે ! કહેવતાત્મક આવા કથનની પ્રતીતિ કરાવતા ઘણા ઘણા 'કરોડપતિ' બનીને પછી રસ્તે રઝળતા જોવા મળે, પરંતુ 'રોડપતિ'ને સબળા નસીબે 'કરોડપતિ' બનાવી દીધા હોય, એવું તો પ્રમાણમાં ઓછું જોવામાં આવે. વલભીપુર પાસેના ચોગઠ ગામમાં રહેલા 'મણિલાલ'ને ભાગ્યદેવે 'મણિલાલ શેઠ'માં કઈ રીતે પલટાવી દીધા, એની ઘટના જાણવા જેવી છે.

ચોગઠ ગામમાં જન્મેલા મણિલાલ માત્ર નામથી જ મણિ હતો, અને લાલાશ માત્ર એના લોહીમાં જ જોવા મળતી હતી, એનું જ પેટ માંડ માંડ ભરાતું, ત્યાં ચોગઠમાં રહીને એ પરિવારનું ગુજરાત તો ક્યાંથી ચલાવી શકે ? એથી ઝાઝું રોકાણ કર્યા વિના થોડોઘણો નફો થઈ શકે, એવા 'ચણા ગરમાગરમ અને મમરા મસાલેદાર' જેવી ફેરી પર એની

પસંદગી ઊતરી. ચોગઠની આસપાસનાં પાંચ સાત ગામડાંઓમાં ચણામમરા લઈને છોકરા સાથે છાશ પીવા ફેરીનો ધંધો એણે શરૂ કર્યો, ઉનાળામાં ગરમીની પરવા કર્યા વિના, શિયાળામાં ટાઢ વેઠીને અને ચોમાસામાં વરસતા વરસાદે મણિલાલે ગામેગામ ઘૂમવાનું શરૂ કર્યું, ત્યારે માંડ માંડ મણિલાલનો પરિવાર પેટની ભૂખ શમાવી શકવા સમર્થ બન્યો.

થોડા સમય સુધી તો મણિલાલની આ જાતની રખડપટ્ટી બરાબર ચાલી. એમાં પણ બાજુના ગામ ચમારડીમાં એનો ધંધો જરા જામ્યો. ચણા ગરમાગરમ અને મમરા મસાલેદાર હોવાથી ઘણા છોકરાઓ રોજ મણિલાલની પ્રતીક્ષા કરતા રહેતા. ફરતાં ફરતાં ચમારડીમાં આવવાનો એનો સમય બપોરનો હતો અને છોકરાઓનું બજાર જામવાનું સ્થળ દરબાર ચોક હતું.

બપોરના સમયે જમી પરવારીને દરબાર આડા થયા હોય અને જરાક ઊંઘ આવવા માંડી હોય, ત્યાં જ મણિલાલનો સાદ સંભળાય : ચણા.... મમરા ! અને છોકરાઓનું ટોળું ભેગું થઈ જાય. કોલાહલ અને અવાજ ન કરે, તો પછી એને છોકરાઓનું ટોળું કોણ કહે ? ઊંઘ ઊડી જતાં દરબાર જરા રોફ જમાવતા મણિલાલને કહે કે, આ રીતે બપોરના સમયે ન આવો તો સારું, જેથી મારી ઊંઘ ન બગડે.

દરબારના રોફ સામે મણિલાલ મૌન થઈ જાય. દરબાર સામે ગામનો શેઠ પણ જ્યાં બોલી ન શકે, ત્યાં પરગામ રહેતા મણિલાલનું તો શું ગજું કે, દરબાર સામે એક હરફ પણ એ ઉચ્ચારી શકે! દરબારનો ઠપકો સાંભળી લઈને મણિલાલ સમયમાં થોડો હેરફેર કરીને આવવાનો પ્રયત્ન કરે, પણ સવાર કે સાંજનો તો મેળ જ ખાય એમ ન હતો, એથી

જ્યારે દરબારને ઊંઘ આવી ગઈ હોય, અથવા ઊંઘ આવવાની તૈયારી હોય, ત્યારે જ મણિલાલને ચમારડી ગામના એ ચોકમાં આવવાનું થાય અને છોકરાઓનું જામેલું ટોળું દરબારની ઊંઘ ઉડાડ્યા વિના ન રહે. દરબાર મણિલાલને અવારનવાર આ બદલ ઠપકારે. એમની ફરિયાદ ચાલુ જ રહે. પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો ન થાય.

રોજની આ રામાયણથી કંટાળી જઈને એક દહાડો તો દરબારે મનોમન નક્કી જ કરી નાંખ્યું કે, હવે તો એવાં કડક પગલાં લેવાં કે, મણિલાલ આ ગામમાં પગ મૂકવાનું જ ભૂલી જાય અથવા બપોરના બદલે સવારે કે સાંજે જ આવવાનું પસંદ કરે. મનમાં ને મનમાં જ દરબાર ગણગણ્યા કે, લાતોં કે યોગ્ય ભૂત બાતોં સે નહીં માનતે, મેથીપાકને યોગ્ય મહેમાનની આગતાસ્વાગતા મેથીપાકથી જ થાય!

મણિલાલને બરાબરનો બોધપાઠ આપવાનો નિશ્ચય કરીને જમ્યા પછી વામકુક્ષી કરવા દરબાર આડા પડ્યા. થોડો સમય ગયો-ન-ગયો, ત્યાં જ મણિલાલનો સાદ સંભળાયો : ચણા ગરમાગરમ, મમરા મસાલેદાર!

આ શબ્દો કાને પડતાંની સાથે જ દરબાર પથારીમાંથી ઊભા થઈ ગયા, એમની આંખો લાલઘૂમ બની ચૂકી હતી. તમતમતા બે તમાચા ચોડી દેતાં એમણે મણિલાલને ગુસ્સાપૂર્વક કહ્યું કે, એ ગરમાગરમ ચણા અને મસાલેદાર મમરાવાળા! આજે તો તને માત્ર મેથીપાક જ ચખાડ્યો છે, પણ હવે કાલે પણ આ જ રીતે આવીશ, તો તારા ટાંટિયા ભાંગી નાખ્યા વિના નહિ રહું. ચણા મમરાનો નફો તારે મન જેટલો કીમતી છે, એટલી મારી ઊંઘની તારે મન કિંમત નથી ને ? વાણિયા ! તારા ચણા મમરાની મારે મન કેટલી કિંમત છે એ તારે જોવું હોય, તો જોઈ લે.

આમ કહીને દરબારે એક એવો જોરદાર પગપ્રહાર કર્યો કે, મણિલાલના બધા જ ચણા-મમરા ધૂળમાં મળી ગયા. આ પછી પગ પછાડતા દરબાર ઘરમાં પ્રવેશી ગયા. દરબારના આ જાતના પુણ્યપ્રકોપે મણિલાલને વિચાર કરતો કરી મૂક્યો, થોડાઘણા વિચારના અંતે એ એવા નિર્ણય પર આવ્યો કે, આ રીતે બદનામ બનીને રખડપટ્ટી કરવી, એના કરતા તો મુંબઈ જેવા શહેરમાં જઈને ભાગ્ય અજમાવવું શું ખોટું ? આવું અપમાનિત જીવન વેંઢારવા કરતાં તો મુંબઈ જઈને મજૂરી કરીશ, તોય થોડુંઘણું પણ સ્વમાન સાચવી શકીશ. આવા નિર્ણય સાથે ચોગઠ પહોંચી જઈને મણિલાલે પરિવારને પોતાનો મક્કમ નિર્ણય જણાવ્યો અને એકબે દિવસમાં જ એમણે મુંબઈ તરફ જતી રેલવેની ટિકિટ લીધી. મણિલાલે મુંબઈ તરફ પ્રયાણ કર્યું, ત્યારના ઘડીપળ શુભ હશે, એની પ્રતીતિ મણિલાલને મુંબઈ પહોંચ્યા પછીના થોડા જ દિવસોમાં થઈ જવા પામી. એની કલ્પના બહાર એક પેઢીમાં એને નોકરી મળી ગઈ.

ઉદયાચલની ટોચ લગી આવી ચૂકેલો ભાગ્યભાનુ કેટલીક વાર પાંદડા જેવા પોચા પડદાના આવરણથી આવરિત બની જતા પ્રકાશ પાથરી શકતો નથી હોતો. એ પાંદડું ખસી જવાની અણીએ આવીને યોગ્ય સમય અને સ્થળની પ્રતીક્ષા કરી રહ્યું હોય છે. માટે અપેક્ષિત સ્થળપળ મળતાંની સાથે જ એ પાંદડું ખસી જઈને અંતે ખરી પડતું હોય છે, એથી એ ભાગ્યભાનુ પ્રકાશી ઊઠતો હોય છે. મણિલાલનો ભાગ્યભાનુ આ રીતે યોગ્ય સ્થળ-પળની પ્રતીક્ષા જ કરી રહ્યો હતો, એમાં મણિલાલનું મુંબઈમાં આગમન થયા બાદ એ પ્રતીક્ષાની પૂર્તિ થતી ગઈ, એમ એમ મણિલાલનો ભાગ્યભાનુ પ્રકાશિત થવા માંડ્યો. કહેવતના

શબ્દોમાં એનું ભાગ્ય આડેનું પાંદડું ખસતું ગયું, એમ એની દશા અને દિશા સુધરતી ગઈ.

મુંબઈમાં ઠીક ઠીક પગભર બનેલો મણિલાલ ભાગ્યથી પ્રેરિત બનીને કલકત્તા અને ત્યાંથી પછી રંગૂન પહોંચ્યો. રંગૂનમાં તો મિલમાલિક તરીકે લાખ્ખો રૂપિયા કમાયા પછી મણિલાલ જ્યારે દેશમાં પાછા ફર્યા, ફેરીવાલા મણિલાલ મટીને મિલમાલિક મણિલાલ તરીકે પંકાયેલા એમની પ્રગતિ જોઈને ઘણાખરા લોકો બોલી ઊઠ્યા કે, આનું નામ ભાગ્યે યારી આપી અને ભાગ્ય આડેનું પાંદડું ખસી ગયું.

મણિલાલ માત્ર સંપત્તિના માલિક નહોતા બન્યા, સંસ્કાર અને સદાચારનું સ્વામીત્વ પણ એમણે મેળવીને દીપાવી જાણ્યું હતું. વતનભૂમિ ચોગઠને આવો સંસ્કાર- સ્વામી ક્યાંથી ભૂલી શકે? મિલમાલિક મણિલાલ ચોગઠની આસપાસનાં એ ગામડાંઓમાં જાતે ફરીને એ લોકો તરફ ઉપકાર અને આભારનો ભાવ વ્યક્ત કર્યા વિના ન રહી શક્યા કે, જેઓ ભીડ અને પીડના સમયે ભેરું બનીને પોતાની વહારે ધાયા હતા, જેમણે કદાચ પોતાને અપમાનિત ન કર્યા હોત, તો પોતે આજે પણ કોઈ ફેરિયા તરીકે જ ગામડાઓમાં ફરતા-રઝળતા-રખડતા હોત. આ બધાને મણિલાલ ભૂલ્યા નહોતા.

મણિલાલ ચમારડી પહોંચ્યા, ગામે એમને મિલમાલિક તરીકે સત્કાર્યા, એઓ દરબાર સમક્ષ ખડા થઈ ગયા. આંસુભીની આંખે અને ગળગળા અવાજે એમણે વીતી ગયેલા એ ભૂતકાળને તાજો કરાવીને દરબાર તરફ આભાર વ્યક્ત કર્યો કે, આપે ત્યારે ચાનક લાગે, એવા ચાબખા ન ફટકાર્યા હોત, તો હું આવી પ્રગતિ કઈ રીતે સાધી શક્યો હોત ? માટે આ પ્રગતિના પાયામાં મૂળ પીઠબળ તો આપનું જ ગણાય ને ?

આ વાક્ય પૂરું થતાંની સાથે જ દરબાર અને મિલમાલિક મણિલાલની આંખો આષાઢી વાદળી બનીને વરસવા માંડી. ચોગઠ અને ચમારડી ગામ આજેય અસ્તિત્વ ધરાવે છે. આ પ્રસંગ જાણ્યા બાદ આ ગામનાં નામ સાંભળતાની સાથે જ હવે તો રોડપતિમાંથી કરોડપતિ બનેલા મણિલાલ શેઠની સ્મૃતિ થયા વિના નહીં જ રહે !

•

૯

# ધનને નહિ પહેલી સલામ તો ધર્મને !

અર્થ અનર્થનું મૂળ હોવાથી અર્થની પ્રાપ્તિ માટે ક્યા ક્યા અને કેવા કેવા અનર્થોનો આશરો ન લેવાય, એ જ સવાલ ગણાય, એમ અર્જિત-અર્થના સહારે અનર્થની કેવી કેવી વણઝાર ન વહેતી થાય, એ પણ એટલો જ અણિયાળો પ્રશ્ન ગણાય. અનર્થોને આવકાર્યા બાદ અર્થપ્રાપ્તિ અને અર્થપ્રાપ્તિના આધારે અનર્થની પરંપરા! આ રીતે આગળ-પાછળ અનર્થનો ઘેરો હોવાથી જ 'अर्थमनर्थं भावय नित्यं' આવું સૂત્ર સમજાવીને જિનશાસને અર્થને જ અનર્થભૂત ગણાવ્યું છે. નીતિકારો હજી અનીતિને અનર્થ-પાપ ગણે છે, પણ નીતિપૂર્વકના અર્થને તો આવકાર જ આપતા હોય છે, જ્યારે જિનશાસન તો નીતિપૂર્વક કમાયેલાં આવાં નાણાંને પણ પરિગ્રહ નામના પાપમાં જ ખપાવે છે. પાયાની આ વાત સમજાઈ જાય પછી તો અનર્થમાત્રના મૂળસમા અર્થને જ સર્વસમર્થ ગણવાની ભીંત જેવી ભૂલ તો થાય જ કઈ રીતે ?

ચોમેર અનર્થથી ઘેરાયેલા અર્થને જ સર્વસમર્થ માનવા જેવી વૃત્તિ-પ્રવૃત્તિમાં આજે ઉછાળો આવેલો જોઈ શકાય છે, એથી અર્થ ખાતર પરસેવો પાડવાથી આગળ વધીને લોહી વહેવડાવવાની લોભાંધતાનો વ્યાપ જ્યારે કૂદકે - ભૂસકે વધી રહ્યો છે, એવા આ યુગ માટે દશકાઓ પૂર્વે ઓસવાલ વણિકોએ સિંધપ્રાંતને જે કારણોસર નવગજની સલામ ભરીને જે રીતે કચ્છ-હાલારને વહાલું વતન ગણ્યું હતું, એનો ઇતિહાસ તો ઠીક ઠીક બોધક અને પ્રેરક બની રહે એવો છે.

કોઈ એક જમાનામાં ઓસવાલ-વણિકો સિંધ-પ્રાંતમાં સ્થાયી થયા હતા, ધંધો-ધાપો અને વેપાર-વણજની એવી જોરદાર જમાવટ સિંધપ્રાંતમાં થવા પામી કે, ઓસવાલ વણિકોએ તો મનોમન જાણે એવો જ મક્કમ અને નક્કર નિર્ણય લઈ લીધો કે, સિંધપ્રાંતે આ રીતે આપણને બધી રીતે માલામાલ કરી દીધા હોવાથી હવે આ સિંધપ્રાંતને સલામ કરીને અન્યત્ર જવાનો વિચાર સ્વપ્નેય ન જ કરી શકાય. જન્મભૂમિ ભલે આપણી અલગ અલગ હોય, પણ મૃત્યુભૂમિ તો હવે સિંધ જ બની રહેશે.

જુદાં જુદાં ગામનગરોથી આવી આવીને ધંધાર્થે સિંધમાં સ્થાયી થયેલા ઓસવાલ-વણિકોની આર્થિક પ્રગતિ અને સમૃદ્ધિ જોતાં સ્થાયી પ્રજા પણ છક્ક બની જઈને એમની પુણ્યાઈની પ્રશસ્તિ ગાઈ રહી. એ વખતે સિંધપ્રાંત પર રાજવી હમીરનો સત્તાસૂર્ય ચમકી રહ્યો હતો. એ પોતે તો માંસાહારી હતો જ, પણ એને તો માંસાહારનો ફેલાવો વધુ ને વધુ વ્યાપક બને, એમાં પણ રસ હતો, એથી એણે દીર્ઘદૃષ્ટિને જાકારો આપીને એક વાર એવો ફતવો બહાર પાડ્યો કે, સિંધમાં માંસાહાર વ્યાપક હોવાથી દરેક દુકાનદારે અન્ય અન્ય

ખાદ્યસામગ્રીની સાથે માંસ-મચ્છીનું વેચાણ પણ ફરજિયાત કરવાનું રહેશે. જેથી પ્રજાને પૂરતી સવલત એક જ દુકાનમાંથી મળતી રહે ! સ્વપ્નમાંય લોહીમાંસનું દર્શન જેને માટે સંભવિત જ ન હોય, એવા ઓસવાલ-વણિકો હડહડતા અન્યાય સમો આ ફતવો સાંભળીને મનોમન સળગી ઊઠ્યા. એ બધાંનું હૈયું હલબલી અને હચમચી ઊઠ્યું. એમણે એકઠા થઈને અંદરોઅંદર એવો નિર્ણય લઈ જ લીધો કે, લોહીની લક્ષ્મી કમાઈને લીલાલહેર કરવી, એના કરતાં તો ભૂખનાં દુઃખ વેઠવાનો કાળો કેર સહી લેવો વધુ સારો ! માટે સત્તા સામે ઝૂકી ગયા વિના ઝઝૂમીને પણ આ ફતવો પાછો ખેંચાવી લઈને અને એને રદબાતલ કરાવીને જ જંપવું.

સિંધપ્રાંતની મોટા ભાગની જનતા માટે હમીરનો ફતવો ભાવતું ભોજન મળ્યા જેવો હોવાથી વ્યાપક વિરોધનો સૂર તો ક્યાંથી નીકળે? એથી ઓસવાલ-વણિકો પણ મનેકમને થોડોઘણો વિરોધ વ્યક્ત કરીને અંતે મૌન થઈ જશે, એવું હમીરનું અનુમાન હતું. એ અનુમાન મુજબ ઓસવાલ-વણિકો તરત જ રાજવી પાસે પહોંચી ગયા. દબાતે અવાજે એમણે વાત રજૂ કરવાની શરૂઆત કરી : માંસ-મચ્છીનો આહાર ઘણીબધી દૃષ્ટિએ આવકાર્ય નથી. છતાં વ્યક્તિગત રીતે આ માટે કોઈની પર દબાણ ન જ કરી શકાય. રાજા કે પ્રજા ક્યારેય આવાં ફરમાન માટે આગ્રહ ન સેવી શકે. પરંતુ માંસાહારને પીઠબળ મળે એવું ફરમાન તો કેટલે અંશે યોગ્ય ગણાય ?

ઓસવાલ-વણિકો તરફથી કરાયેલા આ પ્રશ્ન પરથી એમનું પેટ કળી ગયેલા હમીરે સામો સવાલ કર્યો : માંસ-મચ્છી ખાવાનો ફતવો હજી ન જ પાડી શકાય, એવો તમારો

આગ્રહ હોય, તો એની સાથે હું સર્વ રીતે સંમત છું. પણ પ્રજાને સવલત મળી શકે, એવો આ ફતવો જાહેર ન કરું, તો પ્રજાનો હિતચિંતક કઈ રીતે ગણાઉં ?

હમીરને વિશ્વાસ હતો કે, આ વણિકોને ધર્મ કરતાં ધન પર જ વધુ વહાલ હોવાનું ! માટે તેઓ મારા આ સવાલની સામે મૌનનો આશ્રય લઈને વિદાય થઈ જશે. પરંતુ ધંધા ખાતર ધર્મનો ભોગ આપવા તૈયાર થઈ જાય, એવા એ ઓસવાલો ન હતા, તેઓ તો ધર્મખાતર ધંધાને હોમી દેવાની અને જરૂર જણાય, તો સિંધપ્રાંતને પણ સલામ ભરી દેવાની સજ્જતા દાખવવામાં જરાય પાછા ન પડે, એવા ધર્મવીરો હતા. એમણે હમીરની હામાં હા દર્શાવ્યા વિના નકારનો નક્કર સૂર સુણાવતાં કહ્યું કે, અશક્તિ કે આસક્તિના કારણે પોતે ઓછુવત્તું ધર્માચરણ કરી શકે, એ હજી ક્ષંતવ્ય ગણાય, પણ આ રીતે અભક્ષ્ય ખાનપાનની હાટડીઓ ખોલવાનો હુકમ તો કોઈ જ ન કરી શકે. પછી એને શિરોધાર્ય કરવાનો તો સવાલ જ ક્યાં રહે છે ?

સત્તા સામેના આ ગર્ભિત આક્ષેપને મનોમન કળી જઈને હમીરે સત્તાવાહી સ્વરે જોહુકમીની અદાથી કટાક્ષભર્યો પ્રશ્ન પૂછ્યોઃ આવા હુકમને આવકાર અથવા તો દુકાનના દરવાજે તાળાં. આ બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનું કહેવામાં આવે, તો ક્યો વિકલ્પ તમે સ્વીકારો!

કાળજાને વીંધી જાય, એવા ગર્ભિત-ધમકીભર્યા આ પ્રશ્નનો જુસ્સાભેર જવાબ વાળતાં ઓસવાલોએ સ્પષ્ટ સંભળાવી દીધું કે, બેમાંથી એકે વિકલ્પ સ્વીકાર્ય બને, એવું આપને લાગે છે ખરું ? કમાણી માટે તો દૂરદૂરથી અહીં આવીને અમે વસ્યા છીએ, એથી દુકાનને તાળાં તો કઈ રીતે

મારી શકાય ? આથી પણ વધુ મહત્ત્વનો મુદ્દો તો એ છે કે, પહેલી સલામ ધર્મને, ધનને નહિ. ધર્મ પહેલો, ધન પછી. આ અમારો મુદ્રાલેખ હોવાથી સ્વીકાર્ય થાય, એવો વિકલ્પ રજૂ કરો, તો એને શિરોધાર્ય કરવાની અમારી તૈયારી જ છે.

હમીરે લાલ આંખ કરીને આગ વરસાવતાં કહ્યું : તમારે ધંધો ચાલુ રાખવો છે, પણ મારો હુકમ માનવો નથી, તો પછી ત્રીજો વિકલ્પ તો એ જ છે કે, સિંધપ્રાંતને સલામ કરીને તમે અન્યત્ર જઈ શકો છો. ત્યાં તમને રોકટોક કરવા કોઈ જ નહિ આવે ? દુકાનના દરવાજા ચોવીસે કલાક ખુલ્લા રાખીને પછી તમે ત્યાં ધર્મની ધૂમ કમાણી કરવા માંડી પડજો, આમાં અંતરાયભૂત થવા કોઈ ટપકી પડે, તો એને હડસેલી કાઢવાની જવાબદારી મારી !

આટલું સંભળાવીને પગ પછાડતા હમીર ઊભા થઈ ગયા અને ઓસવાલ-આગેવાનો અણનમ શિર રાખીને ખુમારીભેર ચાલતા થઈ ગયા. હવે તો બીજું કંઈ જ વિચારવા જેવું ન હતું. ધર્મની ટેક ખાતર ધીકતા ધંધા ઉપરાંત સિંધનેય સલામ ભરીને અન્યત્ર વસવાટ કરવા સુધીની એ બધાની તૈયારી હતી. આ વાત ફેલાતાં વાર ન લાગી, સિંધની પ્રજાને પણ લાગ્યું કે, ઓસવાલ-વણિકોની લાગણી-માંગણી સાવ સાચી ગણાય. રાજવીએ વણિકો વિરુદ્ધ આવું અત્યુગ્ર પગલું ઉઠાવવાની જરૂર નહોતી.

આગેવાનોના નિર્ણયને બધા જ ઓસવાલોએ શિરસાવંદ્ય ગણીને એક મતે અને એક સ્તરે આવકારી લીધો. ધંધાધાપા સમેટી લેવાપૂર્વક દુકાન-મકાન સાથે બંધાયેલા માયા-મમતાના તારને એક જ ઝાટકે તોડી નાખીને ઓસવાલોએ સિંધપ્રાંતનો થોડા જ દિવસોમાં ત્યાગ કર્યો, ધર્મ ખાતર ધંધાને

જતો કરવાની ખુમારીથી ભર્યાભર્યા એ ઓસવાલ-વણિકોને કચ્છ અને હાલાર-પ્રદેશ ભાવી ગયો અને આ પ્રદેશનો વસવાટ પણ એ વણિકો માટે ફળ્યો. દૂરંદેશી ધરાવતા એ વણિકોએ જામનગરના જામરાવળની અનુમતિ લઈને જ્યાં ધંધોધાપો વિકસી શકે, એવી જમીન ખરીદી લઈને એક નવું ગામ વસાવ્યું, જે થોડા વખતમાં જ નવાગામ તરીકે ઓળખાવા માંડ્યું.

ધર્મ અને ધનથી સમૃદ્ધ બનેલા ઓસવાલ વણિકોએ નવાગામમાં અનેક ભવ્ય જિનાલયોનાં નિર્માણનો લાભ લીધો. આ પછી તો જામનગરથી ગોંઈજ ગામ સુધી વિસ્તરેલાં બાવન ગામોમાં ઓસવાલોનો વસવાટ વધવા માંડ્યો અને એ ગામો હાલારપ્રદેશ તરીકેની તથા એ ગામોમાં સ્થાયી થયેલા વણિકો હાલારી-ઓસવાલ તરીકે વિખ્યાત બનતા ગયા. આજે એ વિખ્યાતિ ચરમસીમા સિદ્ધ કરી ચૂકી છે. આર્યપ્રજા ઉપરાંત જૈનોમાંથી પણ આજે થોડાઘણા અંશે ધર્મને ધક્કો મારીનેય ધન કમાવવાની લોભાંધતા માઝા મૂકી રહેલી જોવા મળે છે, ત્યારે લોહીમાંથી લક્ષ્મી કમાવાની લાલચમાં લગીરે લપેટાયા વિના, આવી કોઈ કટોકટીની પળોમાં ધર્મ ખાતર ધનને ધક્કો મારવાની પ્રેરણા અને ધર્મ કાજે ગ્રામાંતર અને દેશાંતર કરવાનો બોધ આ ઘટનામાંથી કોઈ તારવશે ખરું ?

•

# ૧૦

# મહાજનની માનાર્હતા

વિ.સં. ૧૬૬૯ આસપાસના સમયગાળાના ભારતનું દર્શન કરવા પ્રયાસ કરીશું, તો એક તરફ ઔરંગઝેબથી પ્રારંભિત ધર્મવટાળની વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપતા કાજી અને મૌલવીઓનો ધર્મઝનૂની પંજો ઉગ્રતાપૂર્વક ઉગામાયેલો જોવા મળશે. તો બીજી તરફ અંગ્રેજોની મેલી-મુત્સદ્દીને કૂટકપટભરી નીતિની નાગણ પ્રજાને ફસાવવા માયાજાળની ફેણ ફેલાવીને શિકારની શોધમાં ઘૂમી રહી હોય, એમ જણાયા વિના નહિ રહે. આ બે પ્રબળ પરિબળોની સામે મહાજન-સત્તાની સમર્થતા તો કેટલી આંકી શકાય ? ઠીક ઠીક ન ગણ્ય ગણાય, એવી સમર્થતા ધરાવતું હોવા છતાં 'મહાજન' મોગલ અને અંગ્રેજોની સમક્ષ નમવાની વાત તો દૂર રહી, પણ અણીના અવસરે આ બંને પરિબળોને નાકલીટી તાણીને નમાવવામાં સફળ થતું રહ્યું હોય, તો તે કઈ તાકાત પર ?

તત્કાલીન મહાજન પાસે સમય-સંજોગો જોઈને એકતા દર્શાવવાની વણિકબુદ્ધિ હતી, આના પ્રભાવે મહાજન મોગલો-અંગ્રેજોને પણ નમાવવામાં સફળ-સબળ બનતું રહ્યું હતું, આની પ્રબળ પ્રતીતિ કરાવતો સુરતનો એક પ્રસંગ જાણવા જેવો છે. એ સમયે સુરત બંદર તરીકે ખૂબ જ મહત્ત્વનું સ્થાનમાન ધરાવતું હતું. મહાજનના મોભી તરીકે ત્યારે ત્યાં બે નામ ગાજતાં હતાં : જૈન વેપારી નગરશેઠ વીરજી વોરા અને વૈષ્ણવ વેપારી ભીમજી પારેખ. જૈનો નગરશેઠનો પડ્યો બોલ ઝીલી લેતા, જ્યારે વૈષ્ણવો માટે ભીમજી પારેખનો શબ્દ શિરોધાર્ય ગણાતો. આમ, તો બંનેના ધર્મ જુદા જુદા હતા, એથી આચાર-વિચારમાંય ભિન્નતા રહેતી. છતાં જ્યારે ન્યાય ખાતર લડવાનો અવસર આવતો, ત્યારે બંને શ્રેષ્ઠીઓ એક બનીને લડત આપતા જેથી યશસ્વી-વિજયના અધિકારી બનતા.

એક વાર સુરતમાં કાજી અને મૌલવીઓએ એકબીજાનો સાથ સહકાર મેળવીને ત્રણ વણિક વેપારીઓને વટલાવીને ઈસ્લામપંથી બનાવ્યા. આ રીતની વટાળ-પ્રવૃત્તિ સામે સુરતમાં ઠીક ઠીક વિરોધનું વાતાવરણ પેદા થયું. એ વિરોધને શાંત પાડવાનો રસ્તો એક જ હતો : કાજી અને મૌલવીઓ આવી વટાળ-પ્રવૃત્તિ બદલ ક્ષમાયાચના કરે, અને વણિક પુનઃ પોતાના ધર્મનો સ્વીકાર કરે.

આ રસ્તાને અપનાવવાને બદલે કાજી અને મૌલવીઓ ઉપરાંત વટલાયેલા વણિકોએ પણ પોતાની વાતને પકડી રાખી.એથી વિરોધે ઉગ્ર સ્વરૂપ પકડ્યું. વિરોધને વાચા આપવા સભાઓ થઈ. સમજાવટના અનેક ઉપાયો વિચારાયા. પણ આ બધું નિષ્ફળ નીવડતા નગરશેઠ વીરજી વોરા અને ભીમજી પારેખે એક સભાનું આયોજન કરાવ્યું.

જૈનો-વૈષ્ણવોની વિશાળ હાજરી ધરાવતી આ સભામાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવાયો.

મોટાભાગનો વેપાર-ધંધો વણિકોના હાથમાં હોવાથી દુકાનોની ‘તાળાબંધી’ જ એવો અસરકારક નિર્ણય હતો કે, ખાન-પાનની સામગ્રી મળવી મુશ્કેલ બની જાય, આના કારણે કાજી અને મૌલવીઓને નમતું તોળીને માફી માગવા મજબૂર બનવું જ પડે. પરંતુ ‘બજારબંધી’નો આ નિર્ણય પણ જ્યારે કારગત નીવડી શકે એમ ન લાગ્યું ત્યારે મહાજને લડતને હજી વધુ ઉગ્ર બનાવવા માટેની મંત્રણાઓ આરંભી દીધી.

‘બજારબંધી’નો અમલ એવી ચુસ્તતાપૂર્વક થતો હતો કે, એથી પ્રજાને પડતી પારાવાર મુશ્કેલીઓનો પડઘો પાડતો એક પત્ર અંગ્રેજી કોઠીના પ્રમુખ જિરાલ્ડ ઑંગીયરને લંડન બોર્ડ ઓફ ડિરેક્ટર્સને તાત્કાલિક લખવાની ફરજ પડી. પત્રમાં સુરતની બધી પરિસ્થિતિ જણાવીને અંતે લખવામાં આવ્યું કે, સુરતના બજારમાં એવી હડતાલ દિવસોથી ચાલુ છે કે, લોકોને શાકભાજી અને અનાજ કરિયાણું મેળવવું પણ મુશ્કેલ થઈ પડ્યું છે.

મહાજનના નિર્ણયની અણનમતા અંગે કોઈને જરાય આશંકા જાગે, એવી સંભાવનાય સંભવિત ન હતી. અંગ્રેજી કોઠી તરફથી લંડનના બોર્ડ પર લખાયેલ પત્રના પરિણામે કોઈ સુખદ ઉકેલ નીકળે, એવી આશા હજી અમર જ હતી, કાજી-મૌલવીઓની ઉગ્રતા હજી એવી ને એવી જ હતી. સમસ્યાગ્રસ્ત સુરતની પ્રજા એવી દ્વિધામાં હતી કે, મહાજન હવે કેવું પગલું ઉઠાવશે !

કટોકટી એવા વળાંક આગળ આવીને ઊભી રહી ગઈ હતી કે, હવે તો જરાય ઢીલું ન જ મૂકી શકાય. લડત હજી

વધુ ઉગ્ર બને, તો જ મહાજનની અણનમતાની આબરૂ અણદાગ રહી શકે. પ્રજાના મનમાં સંકલ્પ-વિકલ્પોની વધતી જતી ગડમથલને તીવ્ર આંચકો આપતું એક એલાન મહાજન તરફથી અપાયું કે, છોડ દો સુરત, ચલો ભરૂચ!

સુરતથી હિજરત કરીને ભરૂચ જવાના મહાજનના આદેશને શિરોધાર્ય ગણીને ધીરે ધીરે વેપારીઓએ જ્યારે ભરૂચના રસ્તે પ્રયાણ કરવા માંડ્યું, ત્યારે તો સુરતમાં સોપો પડી ગયો. અંગ્રેજો પણ આ હિજરત જોઈને હચમચી ઊઠ્યા, ઈસ્લામી વર્ગ પણ પ્રજાની આવી હિજરતથી હલબલી ઊઠ્યો. થોડા જ દિવસોમાં ૮ હજાર આસપાસની સંખ્યા ધરાવતા વેપારીઓ સુરતથી હિજરત કરી ગયા, એથી ભરૂચે તો ભાગ્ય ખીલી ગયાનો આનંદ અનુભવ્યો, પણ સુરતમાં તો સૂનકાર છવાઈ ગયો હતો, અને સૌભાગ્યનો સૂર્ય ડૂબી જવા જેવી અણીએ આવીને અટક્યો હતો. એને ઉગારી લેવા કાજી અને મૌલવીઓ આજ સુધી જાળવી જાણેલી મક્કમતાને તિલાંજલી આપવાપૂર્વક કંઈક પુનર્વિચાર કરવા તૈયાર થયા, એમની પર અંગ્રેજી કોઠી તરફથી માફી માંગી લઈને વિવાદ પર પડદો પાડી દેવા માટેનું દબાણ થયું. મન માનતું ન હતું. પણ પરિસ્થિતિએ એવી લાચાર દશામાં મૂકી દીધા હતા કે, અંતે માફી માંગી લઈને કાજી ને મૌલવીઓએ મહાજનની શરણાગતિ સ્વીકારી, એથી બધો મામલો થાળે પડ્યો. મહાજનની મક્કમતા એ રીતે એ દહાડે વિજયી નીવડી કે, પછી કાજી અને મૌલવીઓ આવી વટાળ-પ્રવૃત્તિ કરતાં હજાર વાર વિચાર કરતા થઈ ગયા.

— • —

આવો જ એક પ્રસંગ અંગ્રેજોની શેહશરમમાં તણાયા વિના સાચેસાચું સુણાવી દેવાની શૂરવીરતા ને સાહસિકતાના

સ્વામી અમદાવાદ મહાજનનો પણ જાણવા જેવો છે. ત્યારે નગરશેઠ્ અને મહાજનના મોવડી તરીકેની જવાબદારી શેઠ શાંતિદાસ ઝવેરીના મસ્તકે મુગટ તરીકે શોભી રહી હતી. શાંતિદાસ શેઠની સત્તા અને એમને વંશવારસામાં મળેલી સંપત્તિ અંગ્રેજોની આંખમાં કણાની જેમ ખૂંચતી હોવાથી શેઠને કોઈ ને કોઈ રીતે હેરાન પરેશાન કરવાની તક અંગ્રેજો પડદા પાછળ રહેવાપૂર્વક ડચ-વેપારી જેવાં તત્ત્વોને આગળ કરીને ઝડપી લીધા વિના ન રહેતા. ડચ વેપારીઓએ ચાંચિયાઓને ચડાવી દઈને એક વાર શાંતિદાસનાં વહાણોની લૂંટ ચલાવી. ૧૬૧૮ના એ સમયમાં નૂરજહાંના પિતા ઈતિમાદ ઉદ્ દૌલા અમદાવાદના સૂબા ગવર્નર તરીકેના સત્તાસૂત્રો સંભાળી રહ્યા હોવાથી શઠે એમની સમક્ષ પોતાનાં અને મહાજનનાં વહાણો લૂંટાયાની ફરિયાદ નોંધાવી, પણ એમ લાગ્યું કે, આ ફરિયાદ પર લક્ષ્ય અપાયું નથી, ત્યારે શેઠે જહાંગીર સુધી પોતાની ફરિયાદનો સૂર પહોંચાડ્યો. આની ધારી અસર થવા પામી.

જહાંગીર તરફથી શેઠ શાંતિદાસની ફરિયાદનો ઉકેલ લાવવાનો હુકમ તથા અમદાવાદના સૂબા ઈતિમાદ અને એના પુત્ર આસફખાનને સક્રિય થવું પડ્યું. આ પિતાપુત્રે અમદાવાદ મહાજનના મોવડીઓ અને કોઠીમાં રહેતા અંગ્રેજ-વેપારીઓની એક સંયુક્ત સભાનું આયોજન કર્યું. ઈંગ્લેન્ડની રાણી ઈલિઝાબેથે જહાંગીરના દરબારમાં જેને એલચી તરીકે પાઠવેલ, એ સર ટોમસ રોન, ત્યારે અમદાવાદમાં હાજર હોવાથી એણે સંયુક્ત સભા સમક્ષ એક એવી અપીલ રજૂ કરી કે, અવારનવાર વહાણો લૂંટાયાની ઘટનાઓ બનતી રહે છે, આવી ઘટનાઓનું હવે પુનરાવર્તન ન થાય, એ માટે અગાઉના વેપારીઓની જેમ પૈસા ખરચીને મહાજન પરવાના

મેળવે અથવા તો અંગ્રેજ વહાણોનો જ ઉપયોગ કરવાનું સ્વીકારે, તો વહાણો લૂંટવાની કોઈ હિંમત જ ન કરે.

એલચીનો આ પ્રસ્તાવ અંગ્રેજોની એક જાતની ગુલામીને જ પ્રોત્સાહન આપનારો હતો. એથી આ પ્રસ્તાવને વધાવી લેવા પિતાપુત્રએ કહ્યું કે, શેઠ શાંતિદાસ! આવો પ્રસ્તાવ તો મહાજને આંખ મીંચીને વધાવી જ લેવો જોઈએ. સુરક્ષાનો આવો કોલ તો સગો ભાઈ પણ ન આપે. આ પ્રસ્તાવ પાછળની મેલી મુરાદ ખ્યાલમાં આવી જતાં મહાજન વતી શેઠે સ્પષ્ટ શબ્દોમાં જવાબ વાળતા જણાવ્યું કે, વિદેશી વહાણોના વપરાશ કરવા દ્વારા મહાજન કદી પણ ભારતીય વહાણવટા પર પોતાના હાથે કુહાડો મારવા તૈયાર થાય ખરું? અમે અમારાં વહાણો દ્વારા જ ધંધો વિકસાવવા માંગીએ છીએ, તમે અંગ્રેજોવતી કબૂલાત આપો કે, લૂંટારાઓને પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની તાકાત અમારી પાસે નથી, તો પછી ભારતીય વહાણોની સુરક્ષા કરવાની સમર્થતા કેળવવી, એ કંઈ મહાજન માટે બહુ મોટી વાત ન ગણાય. અમારાં વહાણોની અમે જ સુરક્ષા કરી શકીએ એમ છીએ. તમે તમારી નબળાઈ કબૂલી લો, તો આવી સબળતા વિકસાવવાની મહાજનની તૈયારી છે જ.

આ પ્રસ્તાવ પાછળના ભેદભરમ કળી જતાં શાંતિદાસ શેઠને જરાય વાર ન લાગી. આ પ્રસ્તાવ સ્વીકારવાથી એક તરફ અંગ્રેજો સમક્ષ ગુલામીખત લખી આપવા ઉપરાંત દેશમાં ફાલીફૂલી રહેલી વહાણવટાની કળા પર કુહાડો મારવા જેવું આત્મઘાતી પગલું હોંશે હોંશે અને જાણી જોઈને ઉઠાવવા જેવી મૂર્ખતાનું ઉઘાડેછોગે પ્રદર્શન થતું હતું. મહાજન જેવું મહાજન આવી બેવડી મૂર્ખતાનો કદી ભોગ બને ખરું?

શેઠની વાતને હસી કાઢતાં એલચીએ જ્યારે પોતાના જ પ્રસ્તાવને માન્ય રખાવવાનો કદાગ્રહ ચાલુ જ રાખ્યો, ત્યારે

શેઠ શાંતિદાસે જરાક ઉગ્ર બનીને એવું સંભળાવી દીધું કે, એટલું કબૂલી લો કે, વહાણની સુરક્ષા કરવામાં અમે કાયર છીએ, તો બધી જ વાતનો ફેંસલો આવી જાય.

આ મુદ્દાના જવાબમાં ગલ્લાંતલ્લાં કરતા એલચીની એવી મનોવૃત્તિ મહાજન કળી ગયું કે, વહાણો લૂંટાયાં, એની નુકસાની ભરપાઈ ન કરવી પડે, એ માટે જ અંગ્રેજી કોઠી દ્વારા આવી વ્યર્થ વાતોનો વિવાદ છેડવામાં આવ્યો છે. ત્યારે મહાજન વતી શેઠ શાંતિદાસે કાયદા-કાનૂનની એવી મુદ્દાસરની લડત લડવાનું શરુ કર્યું કે, લડતના અંતે અમુક અમુક અંગ્રેજોને જેલ ભેગા થવું પડ્યું.

મહાજનનો મોભો તો આ ઘટનાથી જળવાયો, પણ અંગ્રેજ-કંપનીની કીર્તિનું તો ઠીક ઠીક ધોવાણ થઈ જવા પામ્યું હતું. કેદગ્રસ્ત બનેલા અંગ્રેજોએ કંટાળી જઈને અંતે વહાણો લૂંટવાથી થયેલી નુકશાની આનાપાઈ સાથે ભરપાઈ કરી આપવાની મહાજનની શરત શિરોધાર્ય કરી, ત્યારે જ એ અંગ્રેજો કેદમુક્ત બની શક્યા. માનપાત્ર મહાજનની માનાર્હતામાં એ દહાડે જે વૃદ્ધિ થવા પામી, એનો પ્રભાવ મહાજન-સંસ્થાએ વર્ષોનાં વર્ષો સુધી તો આબાદ જાળવી જાણ્યો. 'સાપ ગયા પણ લિસોટા રહ્યા'ની જેમ આજેય એ પ્રભાવ થોડાઘણા અંશે જે મહાજન સંસ્થા જાળવી શકી હોય તો તે મહાજન આવા પ્રસંગોમાંથી પ્રેરણા લઈને પોતાની માનાર્હતા વધારવા પ્રયત્નશીલ બને, એવી આશા-અપેક્ષા રાખવી અસ્થાને તો ન જ ગણાય ને ?

— ● —

મોગલ સત્તાનો અસ્ત થયા બાદ મરાઠા સત્તાનો ઉદય થયો, ત્યારે પણ મહાજન-સત્તા પોતાની માનાર્હતા ઠીક ઠીક માત્રામાં જાળવી જાણવા સફળ થઈ હતી, એની પ્રતીતિ

કરાવતો શેઠ શાંતિદાસ ઝવેરીના પૌત્ર શેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદના જીવનનો એક પ્રસંગ પણ ખાસ જાણવા જેવો છે.

૧૮મા સૈકાનો એક સમય અમદાવાદ માટે કટોકટીનો કાળ સાબિત થયો હતો. મોગલોનો સત્તાસૂર્ય આથમી જતા મરાઠા-સત્તા આક્રમક બનીને ગુજરાતને લૂંટી રહી હતી. એથી ત્રાહિમામ્ પોકારતી પ્રજાની પીડાનો પોકાર ઝીલતી નીચેની પંક્તિ લોકજીભે ત્યારે ગવાતી સાંભળવા મળતી હતીઃ

'હાલતા દંડે ચાલતા દંડે દંડે સારા દિન
છાતી ઉપર પથ્થર મૂકી પૈસા લેતા છીન'.

અમદાવાદમાં ત્યારે નગરશેઠ ઉપરાંત મહાજનના મોવડી તરીકેનું સ્થાન-માન શેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદ શોભાવતા હતા. શ્રી શાંતિદાસ ઝવેરીએ ભોગવી જાણેલી સત્તા અને સંપત્તિના વંશ અને અંશ પૌત્ર તરીકે શેઠ ખુશાલચંદને વારસા રૂપે મળ્યા હતા. પૂર્વજોના મસ્તકે અભિષિક્ત 'નગરશેઠ' તરીકેની જવાબદારીની જાળવણી કરતા શેઠ ખુશાલચંદ માટે આવી જવાબદારીની જાળવણીનું કાર્ય ઠીક ઠીક કઠિન હતું, કારણ કે મરાઠા-સત્તાના આક્રમણોના કારણે 'ગોઝારા' ગણાતા આ કાળમાંય 'મહાજનના મોવડી' તરીકેની જવાબદારી ગાંઠનું ગોપીચંદન કરીને પણ શેઠ ખુશાલચંદે કઈ રીતે અદા કરી એ જાણવા જેવું છે.

મરાઠાઓએ સુરતને લૂંટ્યા બાદ તો સમગ્ર ગુજરાતમાં એવો સોંપો પડી ગયો હતો કે, મરાઠાઓનું નામ પડતાં જ સૌ થરથર ધ્રૂજવા માંડતા. અનેક ગામનગરોમાં લૂંટ થયા બાદ એક દહાડો એવી અફવાએ જોર પકડ્યું કે, મરાઠાઓની કરડી નજરનું ભોગ અમદાવાદ બને, આ દિવસો હવે બહુ દૂર નહિ હોય. શેઠ ખુશાલચંદના કાને પણ આ અફવા અથડાઈ. ત્યારે એમને પોતાની લક્ષ્મી સુરક્ષિત બનાવવા

અંગેનો કોઈ વિચાર ન આવ્યો, પણ મહાજનની માનાર્હતામાં ચાર ચાર ચાંદ ચમકી ઊઠે, એવો એક ઉમદા વિચાર આવ્યો કે, હું નગરશેઠ તરીકે જીવતો જાગતો બેઠો હોઉં, અને અમદાવાદ લૂંટાય, તો તો મારી આબરૂ જ લૂંટાઈ ગણાય. માટે મારે મારી લખલૂટ લક્ષ્મી લૂંટાવી દઈને પણ અમદાવાદને લૂંટાતું ઉગારી જ લેવું જોઈએ. આ અંગેના વિવિધ પાસા વિચારી લઈને ખુશાલચંદે મરાઠાસત્તાના મોવડી સાથે એક મંત્રણા કરવાનો નિર્ણય કર્યો.

અમદાવાદને લૂંટવાના ઈરાદાથી મરાઠા-સેના અમદાવાદ તરફ આવવા નીકળી ચૂકી હતી. અમદાવાદ જ્યારે નજીક રહ્યું, ત્યારે સેનાની આંખમાં લૂંટનાં સ્વપ્નો ઘેરાઈ રહ્યા. કોઈને કલ્પના પણ ન હતી કે, આ સ્વપ્નો સાકાર થવા પૂર્વે જ રોળાઈ-રગદોળાઈ જશે. સેનાના અગ્રણીની આંખમાં તો અનેક જાતની લૂંટનાં સ્વપ્નો રમી રહ્યાં હતાં, ત્યાં જ એક દહાડો એની સમક્ષ શેઠ ખુશાલચંદ ખડા થઈ ગયા, એમણે નીડરપણે એક માંગણી મૂકી : હું નગરશેઠ છું પણ આજે ભિક્ષાપાત્ર લંબાવીને અમદાવાદની અભયતાની ભિક્ષા યાચવા આવ્યો છું.

પોતાની સમક્ષ નગરશેઠ જેવી વ્યક્તિ-શક્તિને આ રીતે નિર્ભયતા સાથે ખડી રહેલી જોઈને આશ્ચર્યચકિત બની ઊઠેલા અગ્રણીએ શો જવાબ આપવો, એવી દ્વિધા અનુભવવા માંડ્યો, છતાં એના મોઢામાંથી એવા શબ્દો નીકળી પડ્યા કે, લૂંટારા પાસેથી ભિક્ષા માંગવાની હોય ખરી ?

'અમદાવાદની અભયતા મારી ભિક્ષા છે, આ જો લૂંટારા પાસેથી જ મળી શકે એમ હોય, તો હું શા માટે ભિક્ષાપાત્ર ન લંબાવું !' શેઠનો આ જવાબ સાંભળીને મરાઠાસેનાને એ સમજી જતાં વાર ન લાગી કે, શેઠ કોઈ પણ હિસાબે એવું

ઈચ્છી રહ્યા છે કે, આપણે મરાઠા અમદાવાદને લૂંટ્યા વિના જ ચાલ્યા જઈએ. આવી માંગણી કરનાર કોઈ શેઠિયો આજસુધી આપણને મળ્યો નથી. માટે આની સામે એવી કોઈ આકરી શરત આપણે મૂકીએ કે, એ જાતે જ અમદાવાદને અભય આપવાની માંગણી પાછી ખેંચી લે.

સેનાના નાયકે એક એવી શરત મૂકતા કહ્યું કે, શેઠ! તમારી માંગણી સ્વીકારવાની અમારી તૈયારી છે. પણ અઢી લાખ રોકડા રૂપિયાનો અમારી સમક્ષ ઢગલો કરવાની તમારી તૈયારી હોય તો! અમદાવાદને લૂંટીશું, તો આથીય વધુ સંપત્તિ અમારા હાથમાં આવશે, આમ છતાં જો અઢી લાખ રૂપિયા આપવાની તમારી તૈયારી હોય, તો અમે અબઘડી જ પાછા વળી જવા તૈયાર છીએ.

મરાઠાસેનાને એવો આકંઠ વિશ્વાસ હતો કે, આ ભલે નગરશેઠ રહ્યા, પણ નગર સુરક્ષિત રાખવા આટલી મોટી રકમ આ શેઠ જતી કરે, એવી તો શક્યતા જ ન ગણાય. જેથી આપણે મજેથી લક્ષ્મીની લૂંટ ચલાવી શકીશું. સેનાનાયકને આ વાતનો પાકો વિશ્વાસ હતો, ત્યાં તો નગરશેઠે કોઈ વાંધોવચકો વચ્ચે લાવ્યા વિના તરત જ ખણખણતા રૂપિયાથી ભરેલી થેલીઓ ત્યાં ખડકી દેતાં પૂછ્યું કે, હવે તો અમદાવાદને અભયતાનું દાન નક્કી ને ? લોકો ભલે તમને લૂંટારા તરીકે વગોવે. પણ તમારી પાસેથી આવું અભયદાન પામવા બદલ હું મારી જાતને ધન્ય ગણીશ. તમારી શરતને શિરોધાર્ય કરીને હું જાઉં છું. તમે વચનની વફાદારી જાળવવા આ ધરતી પરથી ચપટી ધૂળ પણ ચોર્યા વિના જ પાછા ફરી જશો, એવો વિશ્વાસ હોવાથી જતાં જતાં હું પાછું વળીને નજર પણ નહિ કરું.

નગરશેઠ ખુશાલચંદ આવો વિશ્વાસ વ્યક્ત કરીને અમદાવાદ ભણી ચાલવા માંડ્યા અને મરાઠાસેનાએ જે તરફથી આગમન કર્યું હતું, એ તરફ જ પીછેહઠ કરી. અમદાવાદની પ્રજા તો લૂંટફાટના ભયથી ફફડી રહી હતી, સૌને એમ જ હતું કે, અફવાનાં વાદળો હમણાં જ વરસવા માંડશે અને બધી સમૃદ્ધિ ખેદાનમેદાન થઈ જશે. ત્યાં તો વિનાશનાં ગોરંભાયેલા વાદળ વરસ્યા વિના જ વિખેરાઈ ગયાના સમાચાર સત્તાવાર રીતે વહેતા થયા અને પ્રજાની પ્રસન્નતાને આરો-ઓવારો ન રહ્યો.

જાતે લૂંટાઈ જઈને નગરને સુરક્ષિત રાખનારી આવી નગરશેઠાઈની કદર રૂપે અમદાવાદની સમસ્ત પ્રજાએ ભેગા મળીને એવો નિર્ણય કર્યો કે, અમદાવાદને લૂંટની હોનારતમાંથી બચાવનારા નગરશેઠ ખુશાલચંદને આજથી (૮ ઓક્ટોબર - ૧૭૨૫) શહેરમાંથી જતા અને આવતા માલસામાનની થતી આવકનો ૧૦૦ રૂપિયે ચાર આનાનો હિસ્સો-લાગો સૂરજ અને ચન્દ્ર તપે ત્યાં સુધી વેપારી વર્ગ તરફથી મળ્યા કરશે. નગરશેઠના વંશ વારસદારો પણ આ રકમ મેળવવાના અધિકારી ગણાશે.

આ જાતના લેખપત્ર પર એ સમયના જૈન-હિન્દુ વેપારીઓ ઉપરાંત મુસલમાન, ફ્રેન્ચ-અંગ્રેજ વેપારીઓના નામની સહીઓ થવા પામી હતી, ૮ ઓક્ટોબર -૧૭૨૫ ની સાલમાં લખાયેલ આ લેખપત્ર આજેય ઇતિહાસની ઇમારતમાં સુરક્ષિત હોવાનું કહેવાય-સંભળાય છે. આવી હતી મહાજનની માનાર્હતા ! માનાર્હ મહાજનનો આવો યુગ ભારતની ભૂમિ પર ફરી ક્યારે પુનરાવતાર પામશે ?

•

## ૧૧

# ભાવનાનું વિસ્તરતું જતું વર્તુળ

તળાવ વિશાળ હોય, એમાં એકાદ નાનકડી કાંકરી નાખવાથી પેદા થતું વર્તુળ પ્રારંભે ભલે સાવ નાનું જણાતું હોય, પણ એ વર્તુળ વિસ્તરતું વિસ્તરતું વિશાળ બનતું જઈને સમસ્ત તળાવને ઘેરી વળતું હોય છે. સાચા અને શુદ્ધ ભાવે થતી વૃત્તિ-પ્રવૃત્તિ તળાવમાં પેદા થતા કૂંડાળા-વર્તુળની જેમ વિસ્તરતી વિસ્તરતી એટલી બધી વિસ્તૃત થતી હોય છે કે, એની કલ્પના પણ ન આવી શકે.

કચ્છ-માંડવીની નજીક અબડાસા તાલુકામાં આવેલ કોટડી મહાદેવપુરા ગામ આજે તો તીર્થ સમું પ્રતિષ્ઠા પામી ચૂક્યું છે. જીર્ણોદ્ધાર પછીનાં જિનમંદિરમાં પ્રભુ-પ્રતિષ્ઠા પણ થઈ ચૂકી છે અને ભોજનશાળા-ધર્મશાળા જેવી સુવિધાઓ જ્યાં સ્વપ્નેય સંભવિત જણાતી ન હતી, ત્યાં આ બધું સાક્ષાત્ ખડું થઈને અનેક યાત્રીઓને આ તીર્થ દિનરાત આમંત્રી રહ્યું છે. આ બધું સર્જન કઈ રીતે થવા પામ્યું, એ

જાણવા મથીશું, તો એકાદ વ્યક્તિના મનમાં જાગેલો શુભ વિચાર વિસ્તરતો વિસ્તરતો કેટલી બધી વિરાટતાને આંબવા સફળ સાબિત થતો હોય છે, એનો ખ્યાલ આવતા જ અંતર અને આંખ અહોભાવથી છલકાઈ ઊઠ્યા વિના નહિ રહે.

કોટડીના વતનીઓ ધીરે ધીરે વતન છોડીને મુંબઈ જેવા શહેરોમાં વેપારાર્થે સ્થાયી થયા બાદ જીર્ણોદ્ધાર ઝંખતા જિનમંદિર અંગે વિચાર કરવા એક વાર સંઘનું મહાજન ભેગું થયું બહાર વસનારા થોડા અગ્રણીઓ પણ એમાં સામેલ થયા. જિનાલયનો જીર્ણોદ્ધાર કરવો-ન-કરવો, કરવો તો કેવી રીતે કરવો, આવી વિચારણાનું ઘમ્મરવલોણું કલાકો સુધી ચાલ્યું, પણ વલોણાને અંતે જીર્ણોદ્ધાર કરવાનું માખણ ઉપર તરી ન આવ્યું. એ વલોણું પાણીના વલોણા જેવું સાબિત થયું. કેટલાકની ભાવના જીર્ણોદ્ધારની હોવા છતાં ઘણાબધાનો સૂર તો એવો જ નીકળ્યો કે, આપણી વસ્તી રહી નથી, જે પણ જૈન પરિવારો હાલ વતનમાં વસી રહ્યા છે એ ક્યારે વતન છોડીને મુંબઈ ચાલ્યા જાય, એ કહેવાય નહિ. અને ગામમાં કોઈ નવું રહેવા આવે, એ તો શક્ય જ નથી. માટે જીર્ણોદ્ધાર કરાવવાનો કોઈ જ અર્થ નથી. હાલ જેવું છે તેવું જ ટકાવી રાખીએ અને એવા કોઈ સંજોગો ઊભા થાય, ત્યારે મંદિરને વિસર્જિત કરવું કે શું કરવું ? આ પ્રશ્ન ભવિષ્ય પર છોડી દઈને હાલ નિશ્ચિંત બની જઈએ.

આ રીતે દહીં નહિ, પાણીના વલોણા જેવી નિષ્ફળ ફળશ્રુતિ સાથે એ મંત્રણા-વિચારણા સમેટાઈ ગઈ. પણ જાણે ભાવિને આ નિર્ણય મંજૂર નહિ હોય, એથી થોડાં વર્ષો બાદ પરિસ્થિતિએ એકાએક જ પલટો લઈ લીધો.

— ● —

મૂળ કોટડીના વતની મુંબઈ રહેતા શ્રેષ્ઠી મૂળચંદભાઈના સુપુત્ર કેયૂરનું સગપણ મેરાઉના વતની રસિકભાઈ નાનજીભાઈ પરિવારની ધર્મનિષ્ઠ કન્યા સાથે થયું. બંને પરિવારો ગર્ભશ્રીમંત હતા, કન્યાએ શત્રુંજયને શોભાવતી ઉજમફઈની ટૂંકનો ઈતિહાસ વાંચ્યો હતો, ત્યારથી જ એના મનમાં દાયજા રૂપે એવી કોઈ માંગણી મૂકવાના મનોરથ હલચલ મચાવી રહ્યા હતા. એને એવો પણ વિચાર આવી જતો કે, દાયજામાં નંદીશ્વર-મંદિરની ટૂંક જેવી મોટા ગજાની માંગણી મૂકવાની કે એને પૂરી કરવાની સમર્થતા તો એ પૂર્વજોની જ હોય! પણ એ પૂર્વજોના અંશ- વંશ રૂપે એકાદ જિનમંદિરનો જીર્ણોદ્ધાર તો દાયજામાં હું જરૂર માંગી શકું અને મારા પિતાજી આવો દાયજો જરૂર આપી શકે. રાત-દિવસ આવા દાયજાનું સ્વપ્ન નિહાળ્યા કરતી એના લગ્ન જેમની સાથે નક્કી થયાં હતાં, એમનું કોટડી ગામનું જ જિનમંદિર જીર્ણોદ્ધાર ઝંખી રહ્યું હતું. અને યોગાનુયોગ જ નહિ, સફળતા વરે એવો શુભ યોગાનુયોગ સમજીને કન્યાએ દાયજામાં એક મંદિરનો જીર્ણોદ્ધાર અને એ પણ જો શક્ય હોય તો, કોટડી-મહાદેવપુરા ગામના જિનમંદિરના જ જીર્ણોદ્ધારની માંગણી મૂકવાનું નક્કી કર્યું.

કોટડીવાસી અને મેરાઉવાસી બંને પરિવારો હામ-દામ-ઠામથી અતિસમૃદ્ધ હોવાથી લગ્નપ્રસંગ રંગેચંગે ઊજવાઈ ગયા બાદ કન્યાએ પિતાજી સમક્ષ કરિયાવરમાં માંગણી મૂકી કે, ધનની નહિ, ધન કરતાં વધુ તો મને ધર્મની અપેક્ષા છે. માટે મારા સસરાના ગામના દેરાસરનો જીર્ણોદ્ધાર આપ કરાવી આપો, એવી મારી લાગણી અને માંગણી છે.

એક જાતની નવી અને નવાઈભરી છતાં સૌને આનંદિત કરી જાય એવી આ માંગણીને માન્ય રાખતા રસિકભાઈનું

ધર્મીદિલ આનંદી ઊઠ્યું. એમણે કહ્યું : બેટા, આમાં તેં તારા માટે શું માંગ્યું ? તારા સસરા મને પીઠબળ પૂરું પાડશે જ અને એથી કોટડી-મહાજનની સંમતિ પણ મળી જ જવાની ! પછી તો જીર્ણોદ્ધારનું કાર્ય પૂરું થતા કેટલીવાર લાગવાની ? આવો અમૂલ્ય લાભ મને અપાવવા બદલ તારો પણ ઉપકાર મારે માનવો જ રહ્યો. બોલ, હજી બીજી પણ કોઈ માંગણી છે ખરી ?

જીર્ણોદ્ધારની માંગણી સ્વીકૃત થઈ ગયા બાદ કન્યાને મન બીજું કઈ જ માંગવા જેવું રહેતું નહોતું. વેવાઈપક્ષ અને સસરાપક્ષ પણ આનંદથી ઝૂમી ઊઠ્યો. વર્તમાનકાળમાં પણ ભૂતકાળને તાદશ ખડો કરી દેનારા આ જાતના 'કરિયાવર'ની વાત વાયરે ચડીને ચોમેર પ્રસરી ગઈ. બંને પક્ષ સંમિલિત થઈને કોટડી-મહાજન સમક્ષ ઉપસ્થિત થયો, જિનમંદિરના જીર્ણોદ્ધારનો સંપૂર્ણ લાભ સ્વદ્રવ્યથી લેવાની ભાવના રજૂ કરીને મહાજનને આ માટે અનુજ્ઞા આપવાની વિનંતિ વેવાઈપક્ષે રજૂ કરી. થોડાં વર્ષો પૂર્વે થયેલી વિચારણા-મંત્રણા વખતનું વાતાવરણ જાણે પળવારમાં જ પલટાઈ ગયું. બધી જ જવાબદારી મેરાઉના વતની રસિકભાઈ કોટડીના વતની મૂલચંદભાઈની સાખે સહર્ષ સ્વીકારી લેવા તૈયાર હતા, એથી હવે મહાજન માટે બીજું કંઈ જ વિચારવા જેવું ક્યાં કશું રહેતું હતું ? એથી મહાજને એક સૂરે જીર્ણોદ્ધારની 'જય' લાવીને રસિકભાઈની ભાવનાને કંકુ-ચોખાથી વધાવી લીધી.

ટૂંક સમયમાં જ જિનાલયનાજીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. જેમ જેમ નિર્માણકાર્ય પ્રગતિ સાધતું ગયું, એમ એમ રસિકભાઈના અંતરમાં પણ મનોરથોની મહેલાત ચણાતી ગઈ. એથી જીર્ણોદ્ધાર તો ભવ્ય થયો હતો, એમ પ્રતિષ્ઠા-પ્રસંગ પણ અતિભવ્ય ઉજવાયો. વિ.સં. ૨૦૬૭ પોષ વદ-૧ના મુહૂર્તે

પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરિજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા-દિને રસિકભાઈની ઉદારતા અને કન્યાના કરિયાવર અંગેની વાતો જ અનુમોદાઈ રહી હતી, ત્યાં જ કોટડીના વતની મૂલચંદભાઈ ઊભા થઈ ગયા, એમણે વિનયાવનત બનીને સંઘ સમક્ષ વિનંતી કરતાં જણાવ્યું કે,

'સંઘે જે રીતે ઉદારતા કરીને રસિકભાઈ પરિવારની ભાવનાનુસાર જીર્ણોદ્ધાર પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવવાની રજા આપી, એ રીતે હવે મને પણ ભોજનશાળા સહિત બે માળની ધર્મશાળાના નિર્માણનો લાભ આપવાની કૃપા કરે. મારા વેવાઈએ પોતાની દીકરીની ભાવના-પૂર્તિ કરવા જે રીતે જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા પ્રસંગ મારા-આપણા ગામમાં ઊજવી જાણ્યો, એથી પ્રેરિત બનીને પુત્ર કે પુત્રવધૂની પ્રેરણાની અપેક્ષા રાખ્યા વિના જ ભોજનશાળા-ધર્મશાળાનું નિર્માણ કરવાની ભાવના મારા મનમાં જાગી છે. સંઘ આ માટેની મને અનુમતિ આપે, તો મારા આનંદને કોઈ અવધિ જ ન રહે.

મેરાઉના વતનીની જીર્ણોદ્ધાર માટેની ભાવનાને સંઘે જો વધાવી લીધી હતી, તો આ તો કોટડીના જ વતનીની ભાવનાની જ પૂર્તિ કરવાની હતી, માટે બીજા કોઈ વિચાર કે પ્રશ્નને જ હવે ક્યાં અવકાશ હતો ? એ જ ઘડી-પળે મૂળચંદભાઈની ભાવનાને વધાવી લઈને સંઘે ધર્મશાળા - ભોજનશાળાના નિર્માણ માટે અનુમતિ આપતા સંપૂર્ણ માહોલમાં અહોભાવ-અનુમોદનાનું અદ્વૈત છવાઈ ગયું. જ્યોતમાંથી જેમ જ્યોત જલી ઉઠે. એમ શુભ વૃત્તિ-પ્રવૃત્તિના જાગેલા એક વર્તુળમાંથી બીજું વર્તુળ વિસ્તરતું જતું સૌને જોવા મળતું હતું. વર્તુળની આ વિસ્તારયાત્રા હજી આગે ને આગે જ બઢવાનું ભાવિ ધરાવતી હતી, એની પૂર્ણ પ્રતીતિ સસરાપક્ષ અને વેવાઈપક્ષ ઉપરાંત સકળસંઘ અને કચ્છી

પ્રજાને ત્યારે જ થવા પામી કે, નવનિર્મિત ધર્મશાળા-ભોજનશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે જ્યારે વેવાઈપક્ષ તરફથી પાંચ વર્ષ માટે ભોજનશાળામાં સાધર્મિક ભક્તિનો લાભ લેવાની ભાવના દર્શાવવામાં આવી, આના પુણ્ય-પ્રતિભાવ રૂપે નિર્માતા સસરાપક્ષે પણ પોતાના પરિવાર તરફથી પછીનાં પાંચ વર્ષ સુધી આ જ રીતે નિઃશુલ્ક સાધર્મિક ભક્તિનો લાભ લેવાની જાહેરાત કરીને સૌને આશ્ચર્યવિભોર બનાવી દીધા.

કચ્છની યાત્રાર્થે જનારા હરકોઈ યાત્રિકે ભાવનાના વિસ્તરતા વર્તુળના પ્રભાવની પ્રભાવના કરતા રહેતા આ કોટડીના નૂતનતીર્થની યાત્રા જરૂર જરૂર કરવા જેવી છે. ૧૦ વર્ષ સુધી સાધર્મિક-ભક્તિનો પુણ્યલાભ લેવાના મુદ્રાલેખ સાથે શરૂ થયેલી એ ભોજનશાળામાં આજેય પાઈ-પૈસાની અપેક્ષા રાખ્યા વિના સાધર્મિક ભક્તિ જે રીતે થઈ રહી છે, એની અનુમોદના કરતા યાત્રિકના મુખેથી કોટડીના મૂળચંદભાઈ તથા મેરાઉના રસિકભાઈ ઉપરાંત દાયજામાં જીર્ણોદ્ધાર ઇચ્છનારી દીકરી તરફ અહોભાવનો જે અંતર્નાદ જાગે છે, એ કલમથી અલેખ્ય ને શબ્દોથી અવર્ણ્ય હોય, એમાં કંઈ આશ્ચર્ય ખરું ?

●

## ૧૨

# કોઈ કાર્ય અકારણ ન હોઈ શકે

'બંધ સમય ચિત્ત ચેતીએ'ની ચેતવણીથી ભર્યા ભર્યા ઉપદેશને જો હૃદયસ્થ બનાવી દેવામાં આવે તો 'ઉદયે શો સંતાપ'નો વિપાક વેઠવાનો વખત જ ન આવવા પામે. બાકી કર્મબંધના સમયે જો ગાફેલ રહ્યા, તો એના ઉદય ટાણે સંતાપ વેઠ્યા વિના ભલભલા ભડવીરોનો પણ ક્યાંથી છુટકારો થઈ શકે? જ્ઞાનીઓએ સો ટચના સોના જેવો આપેલો આ ઉપદેશ કેટલો બધો સાચો છે, એની પૂરેપૂરી પ્રતીતિ કરાવી જતી એક દુર્ઘટના ઈસવીસન ૧૯૭૧માં શિવગંજ-રાજસ્થાન ખાતે બનવા પામી હતી.

જગદ્ગુરુ તરીકે દુનિયામાં વિખ્યાત હિન્દુધર્મગુરુ શંકરાચાર્યનું આગમન શિવગંજમાં થઈ રહ્યું હોવાથી એમની શાનદાર શોભાયાત્રા નીકળી હતી. એમાં હકડેઠઠ માનવ-મેદની ઊભરાઈ હતી. શોભાયાત્રાની શાન વધારવા ગજરાજો-હાથીઓ પણ એમાં સામેલ કરવામાં આવ્યા હતા.

શોભાયાત્રા નગરમાં આગળ વધતી વધતી જ્યાં બજારમાં આવવા લાગી, ત્યાં જ ભીડમાં ભારે વધારો થવા પામ્યો.

હાથી વફાદાર અને સૌથી વધારે શાણું પ્રાણી ગણાય, એથી ભારે ભીડ થવા છતાં ગભરાવાનું કોઈ જ કારણ ન હતું. પરંતુ બજારની એક પછી એક દુકાનો વટાવીને એક હાથી જ્યાં હંસરાજજી નામના એક શ્રાવકની દુકાનની નજીક આવ્યો, ત્યાં જ એનામાં આવતી જતી મદોન્મત્તતા પરખી જઈને મહાવતે એ હાથીને અંકુશમાં લેવાના પ્રયાસો આદરી દીધા. એ પ્રયાસોને ધારી સફળતા ન મળતાં મહાવતે અંતે તીક્ષ્ણ અંકુશનો આશરો લઈને એની અણી હાથીના ગંડસ્થળમાં ભોંકવા માંડી. અંતે અંકુશ લોહીથી ખરડાયો, પણ હાથીની ઉન્મત્તતા કાબૂમાં તો ન આવી, ઉપરથી એમાં વધારો થવા માંડ્યો.

કોઈને સમજણ પડતી ન હતી કે, હાથીમાં આવું પરિવર્તન કેમ આવ્યું હતું અને એમાં પાગલતાનો પ્રવેશ કોણે કરાવ્યો હતો? હંસરાજજીએ કોઈ એવું નિમિત્ત પૂરું પાડ્યું નહોતું કે, જેથી ગુસ્સે ભરાઈને હાથી પાગલ બને? છતાં એટલું ચોક્કસ કળી શકાતું હતું કે, હંસરાજજી પર નજર કરી કરીને હાથી એમની પર ગુસ્સો ઠાલવી રહ્યો હતો. આવા અકારણ ક્રોધનો આવેશ જોઈને ઘણાને એવો ભય સતાવવા માંડ્યો કે, આ પાગલ હાથી હંસરાજજીને કચડી તો નહિ નાખે ને ?

આવા ભયથી ગભરાયેલા મહાવતે અંકુશના જોરદાર પ્રહાર કરવા દ્વારા હાથીને અંકુશમાં લેવાનો મરણિયો પ્રયાસ શરૂ કરી દીધો. પરંતુ મહાવતની એ તમામ મહેનત પર પાણી ફેરવી દઈને હાથી તો હંસરાજજીને હડપ કરી દેવા ધસમસતો એ દુકાન તરફ દોડી ગયો. હંસરાજજી પરિસ્થિતિ કળી ગયા

અને મૃત્યુના પર્યાય સમા હાથીની ચુંગાલમાંથી છટકી જવા માટેના મરણિયા પ્રયાસો એમણે પ્રારંભી દીધા. પરંતુ કદાવર હાથી ક્યાં અને એની સામે કીડી જેવો ગણાતો માનવ ક્યાં ?

હંસરાજજીને જોતાં જ જેની આંખોમાં લાલાશ ઊભરાવા માંડી હતી, એ હાથીએ જ્યાં છટકવા મથતા હંસરાજને જોયા, ત્યાં જ એની આંખો લાલઘૂમ બનીને આગ ઓકવા માંડી. અને એણે સૂંઢ એવી રીતે લંબાવી કે, એ સૂંઢની પકક્ડમાંથી કોઈ જ હંસરાજજીને છોડાવી ન શકે ? શોભાયાત્રા શોભાયાત્રાના ઠેકાણે રહી અને ચોતરફ ભાગદોડ મચી ગઈ. હાથી અને હંસરાજજી વચ્ચેની ઝપાઝપીના એ સંગ્રામમાં હાથીને વિજયી બનતાં કોઈ રોકી શક્યું નહિ. એથી વળતી જ પળે હંસરાજજી સૂંઢના સાણસામાં પકડાઈ ગયા. આ પછીના દૃશ્યની કલ્પના આવતાં જ સૌ ધ્રૂજી ઊઠ્યા અને સૌની આંખો બંધ થઈ ગઈ.

માનવ-મેદનીની બંધ થઈ ગયેલી એ આંખો ખૂલી ત્યારે તો હંસરાજજીની કાયાનું કચુંબર થઈ જવા ઉપરાંત લોહીનું એક ખાબોચિયું રચાઈ ગયું હતું. સૌને હાથીનો ગુસ્સો જો કે અકારણ જણાતો હતો, પણ કારણ વિના તો આવી મોટી દુર્ઘટના કઈ રીતે ઘટી શકે ? આ ભવની દૃષ્ટિએ અકારણ જણાતી આ દુર્ઘટના પાછળનું કારણ તો જૈનદર્શન જ પકડી શકે એમ હતું.

જૈનદર્શન અને આત્મવાદી દર્શનોના સિદ્ધાંતાનુસાર એકાએક જાગતાં વેર કે વાત્સલ્ય અકારણ હોઈ શકતાં જ નથી. આ ભવનું કોઈ કારણ નજરે ન ચડે, તો આવા પ્રસંગે ગતભવનાં વવાયેલાં વેર કે વાત્સલ્યનાં બીજ કારણ તરીકે હોવા જ જોઈએ. ગત ભવના સંસ્કારોને સિંચનારું નિમિત્ત

મળી જતાં વેર કે વાત્સલ્ય એકાએક જાગ્રત થઈ જતું લાગે, પણ એ જાગરણ અકારણ હોઈ શકતું જ નથી.

ગતભવમાં બંધાયેલા વેરના સંસ્કાર હંસરાજજીને જોઈને જાગ્રત થઈ જતાં એ વેરની વસૂલાત કાજે પાગલ બનીને હાથીએ એમની કાયાને કચડી નાખી, આનું કારણ અકારણ ઘટેલી આ ઘટના પાછળ કલ્પવું, એ જેટલું ન્યાયસંગત છે, એટલું જ બુદ્ધિ સંગત પણ નથી શું ? ખાસ કરીને વેર-વિરોધના કર્મબંધ સમયે આપણે જો જાગ્રત રહી શકીએ, તો ઉદયકાળમાં વેઠવા પડતા આવા વિપાકોથી આપણે આપણી જાતને જરૂર મુક્ત રાખી શકીએ.

●

## ૧૩
# વિરલ વિશેષતા ધરાવતું એકમાત્ર મંદિર

ભારતની ભૂગોળમાં અનેક રાજ્યો શોભી રહ્યાં છે, એમાં 'રાજમાન રાજેસરી' તરીકે શોભાયમાન કોઈ રાજ્યને ગણાવવું હોય, તો તે રાજસ્થાનને ગણાવી શકાય. 'રાજસ્થાન' આ નામમાંથી પણ આવો અર્થ ધ્વનિત થાય છે. રાજ્યોમાં રાજવી તરીકેના સ્થાનમાં શોભાવી શકે એવું જે રાજ્ય એ જ રાજસ્થાન ! કોટ-કિલ્લાઓ, અનેરી સાંસ્કૃતિક મર્યાદાઓ, ઠેર ઠેર ભવ્ય જિનાલયો અને અદ્ભુત જિનમૂર્તિઓથી મંડિત રાજસ્થાનમાં જે અનેક શહેરો શોભી રહ્યાં છે, એમાં 'બીકાનેર' શહેર એક આગવી નામના-કામના ધરાવે છે. વનરાજી કે વનસ્પતિથી રહિત રેતીના ટીલાઓ વચ્ચે વસેલા બીકાનેર શહેરના સંસ્થાપક બીકાજી રાવ હતા.

બીકાનેર પર રાવ બીકાજીથી માંડીને કરણસિંહજી સુધીના ૨૩ રાજવીઓનું શાસન રહ્યું હતું, એથી એક સમૃદ્ધ રાજ્ય તરીકે બીકાનેર વિકસી શક્યું હતું. બીકાનેરમાં

જોવાલાયક સ્થાપત્યો-સ્થાનો તરીકે લાલગઢ, ગજનેર પેલેસ, રાજ્યપરિવારની સ્મૃતિમાં નિર્મિત છત્રીઓ, હવેલીઓ, સંગ્રહાલયો આદિની જેમ 'ભાંડાશાહના મંદિર' તરીકે ઓળખાતા એક જૈન મંદિરની પણ જે ગણના થતી આવી હતી, એ આજેય પૂર્વવત જ જોવા મળે છે.

લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે નિર્મિત અને 'ત્રિલોક દીપક પ્રાસાદ' તરીકે પ્રખ્યાતિ પામેલા આ મંદિરનું નિર્માણ સંવત ૧૫૭૨ની સાલમાં બીકાનેરના ભાંડાશાહ દ્વારા થવા પામ્યું હતું. ત્યારે બીકાનેરનું સિંહાસન રાવ લૂણકરણજી શોભાવતા હતા. શિલ્પ-સ્થાપત્યો-છતો ને દીવાલો પર રેખાંકિત ચિત્રાવલિ આદિ અનેકાનેક વિશેષતાઓથી સમૃદ્ધ આ જિનાલય એવી એક વિરલ વિશેષતા ધરાવે છે કે, જે ભારતભરના કોઈ મંદિરમાં જોવા મળતી ન હોય ! આ મંદિરના પાયાનું ચણતર શુદ્ધ ઘી દ્વારા થવા પામ્યું હતું. એનો ઇતિહાસ જાણવા જેવો છે : ભાંડાશાહની ઉદારતાભરી ભક્તિ સુવાસનો પ્રવાસ કરાવતો એ ઇતિહાસ કંઈક આવો છે :

ભવ્ય જિનમંદિરના નિર્માણની ભાવનાથી ભાવિત શેઠ ભાંડાશાહ એક દહાડો કોઈ શિલ્પી સમક્ષ પોતાની ભાવના મુજબના નિર્માણ અંગે વાર્તાલાપ કરી રહ્યા હતા. શેઠ ઘીના મોટા ગજાના વેપારી હતા. એથી આસપાસ ઘીથી ભરેલાં પાત્રો પડ્યાં હોય અને થોડીઘણી માખીઓ બણબણી રહી હોય, એ સાવ અસંભવિત ન ગણાય. વાર્તાલાપ દરમિયાન એક માખી ઘીના પાત્રામાં પડી જતાં જીવદયાની દૃષ્ટિથી શેઠે એ માખીને બહાર કાઢીને બચાવી લીધા બાદ ઘીથી ખરડાયેલી આંગળીઓ ઢીંચણ પર ઘસવા માંડી, આ જોતાં જ શિલ્પીને એમ લાગ્યું કે, શેઠ વાતો તો મોટી મોટી કરી રહ્યા છે. પરંતુ એમની ભાવના મુજબનાં નિર્માણ માટે તો લાખો

રૂપિયા પણ ઓછા પડે! જ્યારે ઘીના બિંદુનો પણ કસ કાઢવાની કૃપણતા આ શેઠની વૃત્તિ-પ્રવૃત્તિમાં સ્પષ્ટ જોઈ શકાય છે. માટે મંદિરનું કાર્ય સ્વીકારતાં પૂર્વે તો મારે શેઠની ઉદારતાની પરીક્ષા કરી જ લેવી જોઈએ, એમાં શેઠ ઉત્તીર્ણ થાય, તો જ મંદિરના નિર્માણની જવાબદારી સ્વીકારી શકાય. મનોમન આ વાતની ગાંઠ વાળીને શિલ્પીએ વાર્તાલાપ આગળ વધાર્યો.

ભાવનાની ભૂમિ પર અવતરિત મંદિરનું ચિત્ર જેમ જેમ શેઠ ખડું કરતા ગયા, એમ એમ શિલ્પી નિર્માણ પાછળના ખર્ચનો આંકડો વધારતો જ ગયો, પરંતુ શિલ્પીમાં એવી સમર્થતાનું દર્શન થતાં શેઠને એવો વિશ્વાસ બેસી ગયો કે, મારી ધારણા કરતાં સવાયું સર્જન જો કોઈ કરી શકશે, તો તે આ શિલ્પી જ કરી શકશે ! આવો વિશ્વાસ જાગતાં શેઠ નિર્માણ પાછળ ખર્ચના વધતા જતા એ આંકડાને સહર્ષ સ્વીકારતા જ ગયા. ત્યારે ધીરે રહીને શિલ્પીએ એક વિચિત્ર વાત કરી કે, શેઠ ! તમારી ભાવના તો ખરેખર ભવ્ય છે. આવું નિર્માણ હું જરૂર કરી આપીશ. પણ એક શરતને આપ શિરોધાર્ય કરો, તો જ આ જવાબદારી હું સ્વીકારી શકું!

શિલ્પીની આવી તૈયારી જોતાં જ ભાંડાશાહનો મનમોર નાચી ઊઠ્યો. આજ સુધી કોઈ શિલ્પીએ આવી તૈયારી દર્શાવી નહોતી. ઘણાબધા શિલ્પીઓએ તો શેઠની ભાવના મુજબ નિર્માણને અશક્ય જ જણાવીને શેઠની ભાવના સૃષ્ટિમાં ભારેમાં ભારે ભંગાણ પાડવાનું જ કાર્ય કર્યું હતું. એથી આ શિલ્પીની શરતને જાણવા ઉત્કંઠિત બનેલા શેઠે પ્રશ્ન કર્યો: બોલો, શી શરત છે ? ભાવના મુજબનું નિર્માણ કરી આપવાની તમારી તૈયારી હોય, તો આસમાનના તારા

તોડી લાવવા જોવી શરત મૂકો, તોય તારા તોડી લાવવાની મારી તૈયારી છે. બોલો શી શરત છે ?

શિલ્પીને માત્ર શેઠની ઉદારતાની પરીક્ષા જ લેવી હતી. એથી એણે કહ્યું કે, મંદિરના પાયાનું ચણતર જો પાણીના બદલે ઘીથી કરવાની ઉદારતા આપને શિરોધાર્ય હોય, તો આપના મનોરથથી સવાયું સર્જન કરી આપવા હું વચનબદ્ધ બનવા તૈયાર છું.

શેઠ આ સાંભળીને ખુશખુશાલ બની ગયા. એમણે આ શરત સ્વીકારી લેતાં કહ્યું કે, ઓહ ! આટલી સહેલી શરત ? ઘીનો તો હું વેપારી જ છું. પાયો જ શા માટે, સંપૂર્ણ મંદિરના ઘડતર-ચણતરમાં ઘી વાપરવા માંગતા હો, તોય મારી તૈયારી છે.

શેઠની આવી તૈયારી જોતાં જ શિલ્પીને શેઠની ઉદારતાનો સાક્ષાત્કાર થઈ જવા પામ્યો. એણે કહ્યું કે, શેઠ ! મારે તો આપની ઉદારતાનું જ માપ કાઢવું હતું. બાકી પાયા તો પાણીથી જ પુરાય, એમાં કંઈ ઘી ઠાલવવાનું ન હોય. આપે જે ઉદારભાવના દર્શાવી એથી મારો ઉત્સાહ કેઈ ગણો વધી જવા પામ્યો. આપ શુભ ઘડીપળ જોવરાવો, જેથી મંદિરનું કાર્ય વહેલી તકે શરૂ થઈ શકે. શરતની વાતને એક જાતની મજાકથી વધુ ન ગણવાની વિનંતી.

શેઠે જવાબમાં જણાવ્યું કે, મંદિરના પાયા પૂરવામાં ઘી વપરાય, આ જાતના સદુપયોગનો લાભ મને ક્યારે મળવાનો ? માટે પાયા જો પોલાદી ન બની શકે, તો જુદી વાત, બાકી ઘીથી પણ જો પાયા પૂરી શકાતા હોય, તો આ મંદિરના પાયા ઘીથી જ પૂરવાની મારી ભાવના છે. આ ભાવનામાં ભંગ ન પાડવા, હું વીનવું છું.

વાર્તાલાપ પૂર્ણ થયો. શિલ્પીને શેઠની ઉદારતાની પૂરી પ્રતીતિ થઈ જવા પામી હતી, છતાં સાચેસાચ ચૂના-ઘીના મિશ્રણથી જ પાયાનું ચણતર શેઠે કરાવ્યું, ત્યારે તો શિલ્પીને એવો વિશ્વાસ બેસી ગયો કે, મારી ધારણા કરતાંય સવાયું સર્જન શેઠની ઉદારતા મારા માધ્યમે કરાવી જ જશે.

જેના પાયામાં ઘીની સ્નિગ્ધતા સિંચાઈ હતી, એ મંદિરનું સર્જન જેમ જેમ આગળ વધતું ગયું, એમ એમ ભાંડાશાહની ભાવનામાં પણ ભરતી આવતી જ ગઈ. એ ભરતીનો અંદાજ આજે બસો વર્ષ બાદ પણ પામવો હોય, તો બીકાનેર જઈને ભાંડાશાહ દ્વારા નિર્મિત એ જિનમંદિરનાં દર્શન કરવાં જ રહ્યાં.

બીકાનેરની આસપાસ વનરાજી ઓછી હોવા છતાં અને રેતના ટીલેટીલા છવાયા હોવા છતાં ભાંડાશાહ દ્વારા નિર્મિત આ 'ત્રિલોક દીપક પ્રાસાદ' માં પ્રવેશીશું, તો જાણે વનસ્થલીમાં અને સૌન્દર્યસભર સપાટ ભૂમિની સહેલગાહ માણી રહ્યા હોઈએ, એવી અદ્‌ભુત અનુભૂતિ માણવા મળશે. કારણ કે આજથી ૨૦૦ વર્ષ પૂર્વેના એ સમયગાળામાં નિર્મિત ૧૧૫ ફૂટની ઊંચાઈ ધરાવતા એ મંદિર માટે ભાંડાશાહે હાથીના હોદ્દે અને બળદની કાંધે સ્થાપન કરાવીને જેસલમેરની ખાણમાંથી પીળો પાષાણ મંગાવ્યો હતો અને લાલ પથ્થરનું પણ સંયોજન કરાવ્યું હતું. કારીગરોએ અરસપરસ આરસ-ખંડોનું જોડાણ એ રીતે કરાવ્યું હતું કે, ચૂનાનો વપરાશ નહિવત થયો હોવા છતાં સ્વયંભૂ રીતે જ એ જોડાણ ટકી શકે! ઈરાન અને ઈરાક જેવા દૂરના દેશોમાંથી ખાસ આમંત્રિત ભીત્તી ચિત્રકારોએ દીવાલો અને છતો પર આજ સુધી ઝાંખા ન પડે એ જાતના પાકા રંગોમાં તીર્થંકરોની ચિત્રાવલિ અંકિત કરાવી

કે, જાણે સૌન્દર્યસભર વનસ્થલીની અનુભૂતિ-પ્રતીતિ થયા વિના ન રહે.

બસો બસો વર્ષનાં વહાણાં વાઈ ગયા બાદ પણ શ્રી સુમતિનાથ જિનાલય સ્વરૂપમાં શેઠ ભાંડાશાહ આજે પણ જીવંત સ્વરૂપે જ જાણે દર્શન દઈ રહ્યા છે, આ ઘટના જાણ્યા બાદ આપણે પણ એ વાતમાં વિના વિલંબે સંમત થઈ જઈશું કે, કોઈ પણ મંદિરને ન વરી હોય, એવી વિરલ વિશેષતા એક માત્ર બીકાનેર શેઠ ભાંડાશાહ દ્વારા નિર્મિત ત્રિલોક-દીપક-પ્રાસાદને જ વરી છે.

•

૧૪

# પૂર્વભવના પડદે પ્રતિબિંબિત અભયકુમાર

૨૬૦૦ આસપાસ વર્ષો પૂર્વેના સમય સાગરના તીરે પહોંચી જઈને ભૌગોલિક ભ્રમણ કરવા નીકળી પડીશું, તો તે વખતની ઐતિહાસિક નગરીઓ તરીકે બેનાતટ અને ઉજ્જયિની પર આપણી આંખ અહોભાવથી વિસ્ફારિત બની ગયા વિના નહિ જ રહે. આ જ બેનાતટમાં અગણિત વર્ષો પૂર્વે રુદ્રદત્ત બ્રાહ્મણની વેદ-પુરાણના જ્ઞાતા તરીકેની વિખ્યાતિ ફેલાયેલી હતી. ચાર વેદ અને અઢાર પુરાણમાં એણે માત્ર પારંગતતા જ મેળવી લીધી હતી, એમ ન હતું. આવી પારંગતતા ઉપરાંત વેદ-પુરાણ પરની એની અડગ શ્રદ્ધા અને શ્રદ્ધાનુસારી વર્તાવ માટે પણ એનું નામ એટલા જ આદરપૂર્વક લેવામાં આવતું.

બેનાતટમાં જેમ રુદ્રદત્તની બ્રહ્મનિષ્ઠા બહુમાન્ય હતી, એમ ઉજ્જયિની નગરીમાં અર્હદ્દાસની જિનધર્મ પ્રતિની શ્રદ્ધા-નિષ્ઠા પણ ઘરે ઘરે ગવાતી હતી. એમાં પણ રાત્રિભોજન ત્યાગની પ્રતિજ્ઞાનું એ એવી મક્કમતાપૂર્વક

પાલન કરતો કે, જ્યાં રાત્રિભોજનના ત્યાગની વાત આવતી, ત્યાં સૌના મુખે 'અર્હદ્દદાસ'નાં નામકામ અચૂક સરી પડતાં. એ પોતે તો ગમે તેવી કટોકટી અને કસોટી ખડી થાય, તોય રાત્રિભોજન ન જ કરતો, તદુપરાંત રાત્રે એના ઘરમાં કોઈ મહેમાન-અતિથિ-અભ્યાગત આવી ચડે, તો આ બધાને એ હાથ જોડીને વિનયપૂર્વક પ્રાર્થના કરતો કે, કાલે સવાર પછી મારે ત્યાં પધારવા આપને અત્યારથી જ મારું આમંત્રણ છે. સૂર્યોદય પછી બે ઘડી બાદ મારા ઘરનાં દ્વાર આપ જેવા માટે ખુલ્લાં અને છેક સૂર્યાસ્ત સુધી અભંગ જ રહેશે. જિનધર્મનો અનુયાયી હોવાથી રાત્રિભોજન જેમ હું કરતો નથી, એમ અન્યને રાત્રિભોજન કરાવતો પણ નથી.

આવી અણનમ ટેક માટે ઉજ્જયિનીમાં અર્હદ્દદાસનાં નામકામ ખૂબ ખૂબ આદરપૂર્વક લેવામાં આવતા. ક્યાં બેનાતટ અને ક્યાં ઉજ્જયિની ! તેમજ ક્યાં બ્રહ્મનિષ્ઠા અને ક્યાં જૈનશાસન તરફની અચલ શ્રદ્ધા! આ બંનેનો સંગમ થવો સ્વપ્નેય સંભવિત જણાતો ન હતો. પરંતુ અસંભવિત જ્યાં સંભવિત બની જાય, એનું જ નામ સંસાર ! રુદ્રદત્ત એક વાર બેનાતટથી તીર્થયાત્રા માટે નીકળ્યો અને તીર્થભ્રમણ કરતાં કરતાં એનું આગમન ઉજ્જયિનીમાં જ થવા પામ્યું, તેમાં પણ સમી સાંજે રુદ્રદત્તને પેટનો પોકાર શમાવવા અર્હદ્દદાસના આંગણે જ પ્રવેશવાનું મન થયું.

જે પ્રયોજનથી રુદ્રદત્ત અથિતિના રૂપે અર્હદ્દદાસના આંગણે આશાભેર પ્રવેશ્યો હતો એ પ્રયોજન સાંભળીને અર્હદ્દદાસે હાથ જોડીને વીનવતાં કહ્યું કે, રાત્રિભોજન ત્યાગની મારે પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરવા જેમ હું રાતે જમતો નથી, એમ બીજાને રાતના સમયે જમાડતો પણ નથી. માટે રાતે આરામ કરવાની મારી વિનંતી

માન્ય રાખવાપૂર્વક આવતીકાલનું મારું આતિથ્ય સ્વીકારવા હું વીનવું છું. મારી આટલી વિનંતી અવશ્ય સ્વીકારીને મને અનુગૃહીત કરશો, એવી હું આશા જ નહિ, પણ વિશ્વાસ સેવું છું.

રુદ્રદત્તને ભૂખ તો કડકડીને લાગી હતી, પણ અર્હદ્દાસે ભાવભીની ભાષામાં જે આમંત્રણ આપ્યું હતું, એ અમૃત સમું મીઠું અને ગમે તેવી ભૂખ-તરસ શમાવી દે એવું હતું. એથી રુદ્રદત્તે આમંત્રણ સ્વીકારી લીધું. અર્હદ્દાસની અણનમ ધર્મશ્રદ્ધાને અહોભાવપૂર્વક વાગોળતો વાગોળતો રુદ્રદત્ત સૂઈ ગયો. ભૂખ ભુલાઈ ગઈ અને અર્હદ્દાસની ધર્મનિષ્ઠા તથા અહોભાવભરી આગતા-સ્વાગતાએ જ એના મનનો કબજો લઈ લીધો. આ જાતની ધર્મ-ચુસ્તતાનું દર્શન એને આજે પહેલી જ વાર થઈ રહ્યું હતું.

રુદ્રદત્ત અનેકવિધ વિચારોની ગડમથલપૂર્વક રાત્રિ પૂર્ણ કરી. એ વેદનિષ્ઠ હતો. એથી સવારે ઊઠ્યા બાદ ભૂખને ભૂલી જઈને એણે રોજના ક્રમ મુજબ વૈદિક વિધિ- વિધાનોનો પ્રારંભ કરી દીધો. એ યુગની રીત-રસમ મુજબ એણે પીપળાના વૃક્ષને પ્રદક્ષિણા આપવાપૂર્વક લળીલળીને નમસ્કાર કર્યા. આ જોઈને અર્હદ્દાસે પૂછ્યું : આ રીતે પીપળાને નમવાનું પ્રયોજન શું ? પીપળો કંઈ ભગવાન નથી.

બ્રાહ્મણે જવાબમાં જણાવ્યું કે, આ પીપળાને આશ્રયીને તો અનેક દેવોનો વાસ હોય છે. માટે પીપળાને કરેલ પૂજા-નમસ્કાર એ દેવોને પહોંચે છે, એથી સંતુષ્ટ દેવોની દુઆ આપણને મળે છે. દેવની પ્રતિમામાં તો એકાદ દેવનો જ વાસ સંભવે છે, જ્યારે આ પીપળાને આશ્રિત દેવોની સંખ્યા તો ઘણી મોટી હોય છે. માટે કોઈપણ પ્રતિમા કરતાં આ પીપળો

વધુ પૂજ્ય ગણાય. આનાં થડ, ફલ, ફૂલ, શાખા, પાંદડાં બધું જ દેવાશ્રિત હોવાથી પરમ પૂજનીય ગણાય.

બ્રાહ્મણની આવી અશ્રદ્ધેય વાત સાંભળીને અર્હદ્દાસને હસવું આવી ગયું. એણે હાસ્યને રોકવાપૂર્વક સણસણતો સવાલ કર્યો કે, દેવો હાજરાહજૂર હોય તો મારા પગ નીચે આ પીપળાનાં પાંદડાં ચગદાઈ રહ્યાં છે, એથી મને કોઈ પ્રત્યક્ષ પરચો જોવા મળવો જ જોઈએ ને ? આવો થોડોઘણો પણ પરચો મને જોવા મળે, તો હું તમારા કરતાં પણ વધુ શ્રદ્ધાપૂર્વક આ પીપળા-દેવનો પૂજારી બની જવા તૈયાર છું. બોલો, તમે તમારા પીપળા-દેવને વિનંતી કરીને આવો કોઈ પરચો મને દર્શાવી શકો એમ છો ખરા ?

સણસણતો આ સવાલ હતો. બ્રાહ્મણ પાસે આનો કોઈ જ જવાબ ન હોવાથી થોડાક આવેશમાં આવી જઈને એણે વેધક સવાલ કર્યો કે, અર્હદ્દાસ ! એક વાર માની લઈએ કે, મારા દેવ પરચો બતાવવા સમર્થ નથી. પરંતુ તમે જે દેવને માનો-પૂજો છો એ તો સર્વ શક્તિમાન છે, એવો તમારો દાવો અને વિશ્વાસ છે ને ? તો તમે મને તમારા દેવનો પરચો બતાવવામાં સફળ સાબિત થાવ, તો હું તમારો દાસ બની જાઉં અને તમારા ધર્મની દાસાનુદાસ બનીને ઉપાસના કરવા માંડું.

કાળજાને વીંધી જાય, એવો આ કટાક્ષ હતો, પણ અર્હદ્દાસની ધર્મશ્રદ્ધા થોડી પણ ચલ-વિચલ થઈ જાય, એવી તકલાદી ન હતી, પોલાદી વિશ્વાસ સાથે એણે બ્રાહ્મણનો પડકાર ઝીલી લીધો અને દૃઢ પ્રણિધાનપૂર્વક એણે મનોમન નમસ્કાર મંત્રનો જાપ શરૂ કરી દીધો. હજી તો બેત્રણ નવકારનો જ જાપ થયો ન થયો ત્યાં જ પરચાની પ્રત્યક્ષ પ્રતીતિથી અકળાઈ ઊઠેલા બ્રાહ્મણે કહ્યું : અર્હદ્દાસ ! સાચે

જ તમારો ધર્મ સર્વશક્તિમાન છે, એથી એનો પરચો ખમવો એ મારા માટે તો ગજા બહારની વાત છે. તમે જે મંત્રજાપ શરૂ કર્યો, એના પ્રભાવે તો મારા અંગે અંગમાં અગન જલી ઊઠી હોય , એમ મને લાગી રહ્યું છે. આ પરચો હું ખમી શકું એમ નથી. માટે હવે એવો મંત્રજાપ કરો કે, હું પાછો સ્વસ્થ બની જાઉં નાકની લીટી તાણીને હું કબૂલ કરું છું કે, જૈન ધર્મના દેવ સર્વ શક્તિમાન અને હાજરાહજૂર છે.

બ્રાહ્મણનું આ કબૂલાતનામું સાંભળીને અર્હદ્દાસની ધર્મશ્રદ્ધા વધુ દૃઢરુઢ બની ગઈ. મંત્રજાપ કરતાં પૂર્વે એણે તો એટલો જ સંકલ્પ કર્યો હતો કે, બ્રાહ્મણને સાચા ધર્મની પ્રાપ્તિ થાય, એવો કોઈ ચમત્કાર સર્જાય, આ જાતનો મારો મનોરથ સફળ થાય ! પરંતુ ચમત્કાર કરતાં પરચો વધુ અસરકારક નીવડવાનો હશે, એથી બ્રાહ્મણના અંગેઅંગમાં જ્વલન જાગી ઊઠી . જે મંત્રજાપ જ્વલન પ્રગટાવી શક્યો, એ જ મંત્ર-જાપ દ્વારા જ્વલન શમી ગયાનો ચમત્કાર પણ બ્રાહ્મણને તરત જ જોવા અનુભવવા મળ્યો. કારણ કે થોડી જ વારમાં જ્વાળા જલી ઊઠ્યા જેવી વેદના શમી જતાં ચંદનનો લેપ થયા જેવી શીતળતા અનુભવાવા લાગી.

મનોમન જિનધર્મ તરફ અહોભાવિત થનારો બ્રાહ્મણ થોડા સમય બાદ નદીસ્નાન કરવા દ્વારા પાપશુદ્ધિ કરવા તૈયાર થયો. ત્યારે અર્હદ્દાસને થયું કે, જિનધર્મથી ભાવિત થવા છતાં વૈદિક વિકૃતિઓથી એકદમ મુક્ત થઈ જવું સહેલું ન ગણાય. માટે સમય જોઈને ટકોર કરીશ, તો કદાચ ધાર્યું નિશાન તાકી શકીશ.

નદીસ્નાન કરીને આવી ગયેલા બ્રાહ્મણને ભોજન માટે આમંત્રિત કરીને અર્હદ્દાસે બાજોઠ ઢાળીને બેસાડ્યો, પણ આજુબાજુનું વાતાવરણ જોઈને બ્રાહ્મણે કહ્યું કે વૈદિક-માન્યતા મુજબ તો આ ભોજન અપવિત્ર બની ગયું ગણાય. માટે મારે

મારી રીતે શુદ્ધ ભોજન જાતે જ તૈયાર કરવું પડશે. આટલું કહીને બ્રાહ્મણે શુદ્ધિના કારણ તરીકે ચોકાની ચોખ્ખાઈ, અબોટ વસ્ત્રો, સ્નાનશુદ્ધિ વગેરે હેતુઓ જ્યારે આગળ કર્યા, ત્યારે તકને સાધી લઈને અર્હદ્દાસે તીર તાકતાં કહ્યું : નદીસ્નાન જો પાપશુદ્ધિ કરાવી શકતું હોય, તો નદીના જળથી આહારશુદ્ધિ શક્ય ન બને શું? આટલી બધી ઝંઝટ કરવા કરતાં, નદીના જળનો છંટકાવ કરી દો, તો ગમે તેવું અશુદ્ધ ભોજન શુદ્ધ કેમ ન થઈ શકે ?

બ્રાહ્મણને માટે બીજી વાર મૌન બની જવું પડ્યું. નદીસ્નાન દેહ ઉપરાંત જો પાપશુદ્ધિ કરવા પણ સમર્થ નીવડતું હોય તો પછી એના દ્વારા ભોજનથાળની શુદ્ધિ કેમ ન થાય, આ સવાલ સાચો હતો. આ એક જ સવાલ બ્રાહ્મણના દિલ-દિમાગમાં પ્રશ્નોના તરંગો સરજી ગયો. જૈનધર્મ તરફ વૃત્તિ-પ્રવૃત્તિમાં ભારોભાર અહોભાવ તો જાગ્રત થઈ જ ચૂક્યો હતો. એથી બાળકની અદાથી જિજ્ઞાસુ બનીને એ અર્હદ્દાસના ચરણનો ચાકર બની ગયો. અને એક પછી એક પ્રશ્ન રજૂ કરતા રહીને એણે થોડા દિવસોમાં જિનધર્મની તલસ્પર્શી માહિતી મેળવી લીધી આમ, ઉજ્જયિનીનું આગમન એના જીવનમાં ધર્મના સૂર્યોદયમાં નિમિત્ત બની જવા પામ્યું. ઉજ્જયિનીમાં પ્રવેશ કર્યો ત્યારે એ ચુસ્તવૈદિક હતો, વિદાય ટાણે એ શ્રદ્ધાળુ જૈન બની ચૂક્યો હતો.

આ પછી તો બ્રાહ્મણ રુદ્રદત્ત પરમશ્રાવક રુદ્રદત્ત તરીકે ધીમે ધીમે બેનાતટમાં પણ પ્રખ્યાત બનતો ચાલ્યો. વેદ-પુરાણ કરતાં પણ જૈન શાસ્ત્રોમાં વધુ પારંગતતા પામીને જ્ઞાનસ્ય ફલં વિરતિઃ આ સૂત્રને સાર્થક બનાવવા પરમાર્હત્ રુદ્રદત્તે એક દહાડો ગીતાર્થ ગુરુનાં ચરણે સંયમજીવનનો સ્વીકાર કર્યો. જિનધર્મ તરફની આસ્થાને અસ્થિમજ્જાવત્ આત્મસાત કરી

જાણનારા મુનિ રુદ્રદત્ત કાળધર્મ પામીને કાળક્રમે સ્વર્ગના સ્વામી બન્યા. સ્વર્ગની સમયાવધિ પૂર્ણ થતા મુનિ રુદ્રદત્તનો આત્મા મનુષ્યલોકમાં રાજવી શ્રેણિકના પુત્ર અભયકુમાર તરીકે અવતર્યો, એથી અભયકુમાર તરીકેના આ ભવમાં પણ બેનાતટ અને ઉજ્જયિની સાથેનો એ ઋણાનુબંધ પુનઃસંધાન સાધતો જોવા મળે, એમાં શી નવાઈ ?

**(આધાર : ઋષભદાસ-કવિ રચિત અભયકુમાર રાસ)**

●

## ૧૫

# સાધર્મિક ભક્તિનો સદેહાવતાર

ઘણીવાર સેતુ અને સાંકળ બનીને કોઈ સદ્‌ગુણ વ્યક્તિના નામ સાથે ગામનું અને ગામની સાથે વ્યક્તિના નામનું એવું અતૂટ જોડાણ સાધી આપતો હોય છે કે, નામની સાથે ગામની અને ગામની સાથે નામની અચૂક સ્મૃતિ થયા વિના ન જ રહે. ચૌદમી સદીના ઈતિહાસમાં નામ-ગામનું આવું જોડાણ શોધવા મથીશું, તો તરત જ થરાદ અને સંઘવી આભુ શેઠની સ્મૃતિ થઈ આવશે અને બે વચ્ચે સેતુ કે સાંકળ બનનારા સદ્‌ગુણ તરીકે સાધર્મિક વાત્સલ્ય પર આપણી નજર સ્થિર થઈ ગયા વિના નહિ રહે. સાધર્મિક વાત્સલ્યના ગુણે કઈ રીતે થરાદસાથે આભુ શેઠનું જોડાણ જગપ્રસિદ્ધ બનાવ્યું હતું, એનો ઈતિહાસ રોમાંચક છે.

થરાદમાં વસતા આભુ સંઘવીએ અદ્‌ભુત સંઘ પણ કાઢ્યો હતો. બીજા બીજા પણ અનેક ધર્માનુષ્ઠાનો એમણે યોજ્યાં હતાં. પણ એમને એ યુગમાં જે પ્રસિદ્ધિ વરી હતી, એમાં તો એમનામાં આત્મસાત બનેલી સાધર્મિક ભક્તિ જ

મુખ્ય કારણ હતી. એ યુગમાં એમની સાધર્મિક ભક્તિ એટલી બધી વખણાઈ ચૂકી હતી કે, લોકો કથા રૂપે કે ગાથા તરીકે એના ગુણગાન કરતાં થાક્તા જ નહિ. ગુજરાત અને માલવપ્રદેશ પણ એમની કીર્તિકથાઓથી જ્યારે મુખરિત બની ઊઠ્યો, ત્યારે એક દહાડો મંત્રીશ્વર ઝાંઝણ શાહ જેવાને પણ એવો વિચાર આવી ગયો કે, 'નામ ઘણા મોટા ને કામ સાવ છોટા' એવું ઘણી ઘણી વાર જોવા મળે છે, માટે મારે જાતે થરાદ જઈને એવી ખાતરી કરી આવવી જોઈએ કે, આભુ શેઠની આબરૂમાં 'નામ મોટા અને કામ તો એથીય વધુ મોટા' આવી નક્કરતા છે કે 'નામ જ મોટા અને કામ તો સાવ જ છોટા' આવી ઢોલ જેવી પોલ છે.

મંત્રીશ્વર ઝાંઝણને ઈર્ષ્યા-પ્રેરિત આવો વિચાર આવે, એ સંભવિત જ નહોતું. એમને તો એવી ગુણ-ગરિષ્ઠતા વરી હતી કે, આ જાતના પારખામાં નામ કરતાં કામ મોટું સાબિત થઈ જાય, તો મંત્રીશ્વર આભુ શેઠના પગ પકડી લઈને એવી અનુમોદના ને ગુણયાચના કરવા માંગતા હતા કે, ઓ ! આભુ શેઠ ! મારી પર એવું કૃપાકિરણ ફેલાવો કે, મારામાં પણ આપના જેવી સાધર્મિક ભક્તિનો અંશ-વંશ પ્રગટ થવા પામે !

મંત્રીશ્વર વણિકબુદ્ધિ ધરાવતા હતા, એથી એવી યુક્તિપૂર્વક પરીક્ષાના પાસા ફેંકવાનું આયોજન એમણે કર્યું કે, જેથી ખોટું ખુલ્લું થઈ ગયા વિના ન રહે, અને સચ્ચાઈને કોઈ ઢાંકી ન શકે !

માંડવગઢથી પાંચસો સાગરીતો સાથેની ત્રણ ટુકડીઓ ચૌદસ જેવી પર્વતિથિના દિવસે જ થોડા થોડા સમયના અંતરે થરાદ પહોંચે અને આભુશેઠનું આતિથ્ય એકસામટું અને અણ-ધાર્યું જ સ્વીકારે, એવો વ્યૂહ ઘડાઈ ગયો. આવી વ્યૂહરચનાની

આગેવાની ઝાંઝણમંત્રીએ સ્વીકારી અને દિવસોની બરાબર ગણતરી કરવાપૂર્વક માંડવગઢથી થરાદ તરફનું એ પ્રયાણ પ્રારંભાયું. ચૌદસ જેવી પર્વતિથિ પર પસંદગી ઉતારવાનું કારણ એ હતું કે, આભુ શેઠ ચૌદસે પૌષધવ્રતનું અચૂક પરિપાલન કરતા હતા, એથી ઘરમાં એમની હાજરી ન જ હોય, આ કારણે પરિવારજનોની સાધર્મિક-ભક્તિમૂલક આતિથ્ય-ભાવનાનું પાકું પારખું થઈ જાય.

ઝાંઝણ મંત્રીનો ૧૫૦૦નો કાફલો પ્રવાસ ખેડતો ખેડતો નિર્ધારિત દિવસે થરાદની નજીક એકઠો થઈ ગયો. મંત્રીશ્વરે ૫૦૦/૫૦૦ની ટુકડીના નાયકને બોલાવીને કાનમાં કહી દીધું કે, આપણે બધા માંડવગઢથી આવીએ છીએ, એ હાલ ગુપ્ત જ રહેવું જોઈએ. વળી પૂર્વયોજનાપૂર્વક આપણે બધા આવી ચડ્યા છીએ, એ ભેદ ગુપ્ત રાખીને અણધાર્યા જ જુદી જુદી દિશા અને દેશ તરફથી આપણે બધા આવ્યા હોઈએ, એવો આબાદ આભાસ ઊભો કરવાનો છે.

આ રીતની જરૂરી સૂચના આપ્યા બાદ પાંચસોની સૌથી પહેલી મંત્રીશ્વરની ટુકડી થરાદ પ્રવેશી. આભુ શેઠના મહેલ અંગે પૂછપરછ કર્યા વિના મંત્રીએ પ્રથમ તો કોઈ જિનમંદિરનાં દર્શન કરવાનો નિર્ણય કર્યો. એક વિશાળ જિનમંદિરનાં દર્શન થતાં જ સૌ અંદર પ્રવેશ્યા. ભાગ્યજોગે આભુ શેઠ એ જ મંદિરમાં દર્શન કરી રહ્યા હતા. એમની નજર મંદિરમાં દર્શનાર્થે આવનારા અતિથિ પર પડી. સાધર્મિકભક્તિની ભાવનાએ એમનામાં એવી વિચારધારા વહેતી કરી કે, બહારગામથી આવનારા આ કોઈ સાધર્મિક-અતિથિઓ લાગે છે. થરાદના મહેમાન મારા જ મહેમાન ગણાય. માટે એમને આમંત્રણ આપવું, મારો કર્તવ્યધર્મ બની જાય છે.

ચૌદસ હોવાથી આભુ શેઠ પૌષધવ્રત સ્વીકારવા જઈ રહ્યા હતા, પણ મંદિરની બહાર આવી એમણે અતિથિઓની પ્રતીક્ષામાં થોડી પળો પસાર કરી. લઘુબંધુ જિનદાસ સાથે જ હતા. દર્શન કરીને બહાર આવેલા અતિથિઓને આભુ શેઠે નતમસ્તકે વિનંતિ કરી : બહારગામથી આપ બધા પધાર્યા લાગો છો. માટે સાધર્મિક-ભક્તિનો લાભ મને જ મળવો જોઈએ. વ્યક્તિત્વ, વિનમ્રતા અને ભાવ-ભાષા પરથી અનુમાન કરીને મંત્રીએ પૂછ્યું : શું આભુ શેઠ આપ જ ? આભુ શેઠની સાધર્મિક ભક્તિ અંગે ઘણી ઘણી વાતો સાંભળી છે.

જવાબ મળ્યો : લોકો તો વાતો કરી જાણે, લોકોના મોઢે ગળણું થોડું જ બંધાય, બાકી સાધર્મિક ભક્તિનો થોડોઘણો લાભ મને મળે છે, એટલું મારું ભાગ્ય ગણાય. આજે ચૌદશ હોવાથી હું તો પૌષધવ્રત સ્વીકારવા જઈ રહ્યો છું, પરંતુ મારી વિનંતી સ્વીકારીને મને આપે ઉપકૃત તો કરવો જ પડશે.

સામેથી સવાલ થયો : આભુ શેઠ ! આપની વિનંતી બદલ તો આનંદ.પણ અમે કંઈ પાંચ પચીસની સંખ્યામાં જ નથી. પૂરો પાંચસોનો અમારો કાફલો છે. માટે વિનંતી સ્વીકારતાં સંકોચ થાય છે.

શેઠે કહ્યું : આમાં સંકોચ રાખવાનો સવાલ જ ક્યાં છે ! હજાર હોય તો ય મારા ઘરમાં સમાવેશ થઈ જાય એમ છે. મારા ભાઈ જિનદાસની સાથે આપ સૌ ઘરે પધારો. કાલે પણ આપને રોકાઈ જવાની વિનંતી કરું છું. જેથી મને પણ સેવાભક્તિનો લાભ મળી શકે.

આભુ શેઠ પૌષધશાળા તરફ વિદાય થયા, પાંચસો અતિથિઓને આગ્રહ કરવાપૂર્વક સાથે લઈને જિનદાસ શેઠ ઘર તરફ વળ્યા, મંત્રીશ્વરને થયું કે, ખરેખર જેવું સાંભળ્યું

હતું, એવું જ આભુ શેઠનું નામકામ હોવું જોઈએ. સૌ તરેહ તરેહની કલ્પના કરતા જ્યાં આભુ શેઠના મહેલમાં પ્રવેશ્યા, ત્યાં જ ત્યાંનો રાજદરબાર જેવો દોરદમામ જોતાની સાથે જ સૌ આભા જ બની ગયા. સંપૂર્ણ મહેલ જાણે અતિથિઓને આવકાર આપવા મુખરિત બની ઊઠ્યો. નાના-મોટા સૌના ચહેરા પર એવી પ્રસન્નતા છવાઈ ગયેલી જણાતી હતી કે, જાણે વર્ષોથી વિખૂટા પડેલા મિત્રોનો અણધાર્યો જ ભેટો થવા પામ્યો હોય!

અનોખા માહોલ વચ્ચે અદ્‌ભુત અને અભૂતપૂર્વ આગતા-સ્વાગતા માણ્યા બાદ મુખશુદ્ધિ કર્યા પછી મંત્રી સહિત સૌએ શેડકઢા દૂધના કટોરા મોઢે માંડ્યા, તો એ દૂધમાં ઘી જેવી સ્નિગ્ધતા અને એ ઘીમાં અમૃતનો આસ્વાદ અનુભવીને સૌ બપોરના ભાણાની ભવ્યતાની સ્વપ્નસૃષ્ટિમાં વિહરી રહ્યા. ત્યાં તો બહાર મચી ગયેલી હલચલ સૌના કાને પડી.

પાંચસો અતિથિઓની આગતા-સ્વાગતા હજી પૂરી થાય, ત્યાં તો બીજા પાંચસો અતિથિઓનું આગમન સાંભળીને આભુ શેઠના મહેલમાં બમણો ઉત્સાહ ઉછાળા મારતો જોવા મળતાં જ મંત્રીશ્વર મંત્રમુગ્ધ બનીને નવા આવેલા અતિથિઓની આગતા-સ્વાગતામાં છલકાતો આનંદ જોઈને આશ્ચર્યમાં-આકંઠ ગરકાવ બની ગયા. એમને થયું કે, સાચે જ જે સાભંળ્યું હતું, એ તો પાશેરામાં પહેલી પૂણી જેટલું જ હતું. બીજા પાંચસો અતિથિઓ અચાનક જ આવ્યા હતા, છતાં જાણે એ આગમન પૂર્વસૂચિત જ હોય, એ રીતે થોડી જ વારમાં શેડકડાં દૂધના કટોરા મંડાઈ ગયા અને બીજી ખાદ્યસામગ્રી પણ પીરસાઈ ગઈ.

વૈવિધ્યસભર એ આતિથ્યને મંત્રીશ્વર અહોભાવ અને અચરજથી ભરી ભરી આંખે જોઈ જ રહ્યા હતા, ત્યાં તો

આવેલા બીજા પાંચસો અતિથિઓને આવકારવા પૂરો મહેલ જાણે પાછો ટટ્ટાર બનીને ખડો થઈ ગયો, અતિથિઓની સંખ્યા વધી રહી હતી, એમ જાણે આભુ શેઠના મહેલનો થનગનાટ અને ઉત્સાહ પણ વૃદ્ધિંગત બની રહ્યો હતો. માત્ર સાધર્મિક સિવાયનું બીજું કોઈ પણ સગપણ ન હોવા છતાં બધા અતિથિઓને અંતરનો જે આવકાર મળી રહ્યો હતો, એવો આવકાર તો સ્વપ્નેય મળવો સંભવિત જણાતો ન હતો.

જોતજોતામાં પંદરસો અતિથિઓનો મેળો જામી ગયો, છતાં એ મહેલમાં પૂરતી મોકળાશ અનુભવાતી હતી. મહેલ કરતાય કેઈગણી વધુ વિશાળતા તો આભુ શેઠના પરિવારના પ્રત્યેક હૈયે જોવા મળી રહી હતી, જેનાં દર્શને મંત્રીશ્વર એટલા બધા તો ઓળઘોળ બની ગયા હતા કે, એમના હૈયે હર્ષ સમાતો જ ન હતો. છલકાઈ જતા એ હર્ષમાં અહોભાવ અને અદ્ભુતને જોયા-જાણ્યા-માણ્યાનું અનહદ આશ્ચર્ય પણ મોતી બનીને મલકી રહ્યું હોવાથી 'સાગર છલકે મોતી મલકે' જેવું સૌન્દર્ય સરજાઈ જવા પામ્યું.

પંદરસો અતિથિઓનો મેળો આભુ શેઠના મહેલમાં મહાલી રહ્યો હતો. બપોરના ભોજનિયા માટેનાં ભાણાં મંડાયાં. 'બત્રીસાં શાક અને તેત્રીસાં પકવાન' સમા ભાણામાંથી જે માદક સોડમ આવી રહી હતી, એ સોડમનો નાસિકાસ્વાદ માણીને જ સૌ ધરાઈ ગયા. અને ભાણાનો રસાસ્વાદ સૌએ મમળાવી મમળાવીને માણ્યો. એવો રસાસ્વાદ ફરી પાછો માણવાનું મન થાય, તો દૂરદૂરથી ખેંચાઈને થરાદ સુધી લંબાવું જ પડે અને આભુ શેઠનું જ આતિથ્ય પાછું માણવું પડે.

મહેલનો માહોલ જોતાં જોતાં મંત્રી સહિત સૌને એ જ વિચારો આવતા રહ્યા હતા કે, ધન તો હજી ઘણા ઘણાને મળી

શકે, પણ આભુ શેઠ આવું વિશાળ-મન અને સાધર્મિક તરફનો ભક્તિભાવ કઈ રીતે મેળવી શક્યા હશે? આભુ શેઠનું પારખું એમની ગેરહાજરીમાં જ થયું હોવા છતાં એઓ અગ્નિ-પરીક્ષામાં ઝળકતા સુવર્ણ જેવી જ્વલંતા જાળવી શક્યા હતા, બાકી એમની ગેરહાજરી ન હોત, તો તો એ જ્વલંતતાની આગળ અંતર અને આંખ એકદમ અંજાઈ ગયા વિના ન જ રહત.

પરીક્ષા અને પારખું કરવાની પળ વીતી ચૂકતાં હવે પ્રણામ, પૂજ્યતા અને અહોભાવની અભિવ્યક્તિ કરવા મંત્રીશ્વરનું મન તલપાપડ બન્યું હતું. પોતાના આગમન પાછળનું થોડુંક પ્રયોજન વ્યક્ત કરીને મંત્રીશ્વર સીધા જ એ પૌષધશાળા તરફ ગયા કે, જ્યાં ગુરુ-નિશ્રાની ગોદમાં કોઈ બાળકની અદાથી આભુ શેઠ પૌષધ-વ્રતનું પરિપાલન કરી રહ્યા હતા.

પૌષધશાળામાં પ્રવેશીને મંત્રીશ્વરે જે દશ્ય જોયું, એથી એઓ છક થઈ ગયા. ગુરુદેવની નિશ્રામાં આભુ શેઠ સહિત કેટલાય શ્રેષ્ઠીઓ પૌષધના ગણવેશમાં સજ્જ હતા અને સૌનો સહિયારો સ્વાધ્યાય ઘોષ જાણે પૌષધશાળાને શ્રુતની સંગીતશાળામાં પલટાવી રહ્યો હતો. સ્વાધ્યાયની થોડીક સુરાવલી માણ્યા બાદ મંત્રીશ્વર ગુર્વાજ્ઞા મેળવીને આભુ શેઠની સમક્ષ બેઠા. મંત્રીશ્વરની પિછાણ ન હોવા છતાં એમની આંખમાં ઝળઝળિયાં જોઈને આભુ શેઠની આંખમાં આશ્ચર્યચકિતતા જોવા મળતાં જ મંત્રીશ્વરે ખુલાસો કર્યો કે, આ સ્થળ પૌષધશાળાનું છે અને આપ પૌષધવ્રતધારી છો. માટે મારે વાત ટૂંકમાં જ રજૂ કરવી રહી. હું આપને સવારે આભુ શેઠ તરીકે ઓળખી ગયો, પણ આપે મને ઝાંઝણ તરીકે નહિ પિછાણ્યો હોય ?

'આપ મંત્રીશ્વર ઝાંઝણશાહ ?' પૌષધશાળાઓની દીવાલોમાંથી જાણે એક સામટો પડઘો પડ્યો.

'શેઠ ! હા હું ઝાંઝણ. સાધર્મિક ભક્તિના સદેહાવતાર તરીકેની આપની કીર્તિ સાંભળીને મને એ કીર્તિનું પારખું કરવાનું મન થયું, આજે સવારે પાંચસો-પાંચસોની ત્રણ ટુકડીઓને આપના ઘરમાં પ્રવેશ કરાવીને પછી મેં પારખા-પરીક્ષા માટેના પાસા નાખવાની ધિઢાઈ કરી, આમાં મને કારમી હાર મળી, એની કબૂલાત કરતાં મેં અનુભવેલો રોમાંચ વ્યક્ત કરવાની આ પળે મારી આંખમાં ઝળઝળિયાં આવી જાય એ સાવ જ સહજ ગણાય. આપ ખરેખર સાક્ષાત્ સાધર્મિક ભક્તિનો જ સદેહાવતાર છો. છતાં આપને સંદેહ-શંકાની નજરે નિહાળવાનો મેં અક્ષમ્ય અપરાધ કર્યો, આ બદલ ક્ષમા ચાહું છું અને આપની આવી સાધર્મિક-ભક્તિની આછીપાતળી ઝાંખી ઝીલવાની સમર્થતા-પાત્રતા મારામાં પ્રગટે, એ માટે આપના આશીર્વાદ હું ઝંખું છું.

મંત્રી ઝાંઝણશાહના મુખમાંથી ગદ્ગદ્ કંઠે નીકળેલા આટલા શબ્દોએ તો એ પૌષધશાળાના સંપૂર્ણ વાતાવરણને અહોભાવ અને આનંદથી ઝળકાવી દીધું. એ અહોભાવ અને એ આનંદનું ઝરણું પાતાળમાંથી ફૂટ્યું હતું, માટે તો આજે આટલાં બધાં વર્ષો બાદ પણ એ સેર-સરવાણી વણથંભી વહી જ રહી છે. પર્યુષણના પર્વ દિવસોમાં થરાદની સાથે આભુ શેઠ અને આભુ શેઠની સાથે થરાદની સ્મૃતિ આજેય થયા જ કરે છે. એને એ પાતાળી-સેરનો જ પ્રભાવ ગણવો રહ્યો ને?

•

# ૧૬

## સાધુ એટલે ખુમારીનો ખજાનો

ગર્વ-અભિમાન જો રાજાઓને વરેલું દૂષણ ગણાય તો સ્વમાનને સાચા સાધુના જીવનને શોભાવતું ભૂષણ ગણવું જ રહ્યું. આ દૂષણ અને ભૂષણ પણ જો અતિમાત્રા ધરાવતાં હોય, તો બહુ તાણેલું તૂટી જાય, આ જાતનો વિપાક સરજાયા વિના ન રહે. પણ વિવેકની સીમામાં રહેલા દૂષણ અને ભૂષણ એકબીજાને માટે ભૂલને સુધારી લેવામાં બાધક ન બનતાં સાધક બની જવા પામે. રાજવી સિદ્ધરાજ અને જૈનાચાર્ય શ્રી વીરસૂરિજી મહારાજના જીવનમાં બનેલી એક ઘટના આ સત્યનો સાક્ષાત્કાર કરાવી જાય એવી હોવાથી જાણવા જેવી છે.

શ્રી વીરસૂરિજી મહારાજ એવું વિરલ વ્યક્તિત્વ હતું કે, જેને રાજા-મહારાજાની કોઈ શેહશરમ નડે નહિ. બીજી તરફ સિદ્ધરાજનો સ્વભાવ એવો હતો કે, મળેલું સત્તા-સામ્રાજ્ય આવા વિરલ વ્યક્તિત્વની સામે પણ અભિમાનથી ફુલાઈ જવાની ભૂલનો ભોગ બની બેસે, તો એ નવાઈ ન ગણાય.

બંને વચ્ચે આમ તો જોકે ગુરુ-શિષ્ય જેવો વ્યવહાર હતો. આમ છતાં પોતાની વાતમાં જરાય અંજાઈ ન જવાની શ્રી વીરસૂરિજીની વૃત્તિ-પ્રવૃત્તિ ક્યારેક સિદ્ધરાજના મનમાં ગર્વ પ્રેરિત એવો વિચાર જન્માવી જતી કે, રાજ્યાશ્રયના કારણે જ શ્રી વીરસૂરિજી મહારાજનું ગુજરાતમાં આટલું બધું માન-સન્માન સચવાય છે, આ દીવા જેવી ચોખ્ખી-સ્પષ્ટ વાતનો એમને ખ્યાલ હોવો જ જોઈએ. કોઈ એવો અવસર આવશે, ત્યારે આ વિષયમાં મારે એમનું ધ્યાન દોરવું જ રહ્યું.

એક દિવસ રાજસભામાં 'સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે' જેવા કોઈ મુદ્દા પર ચર્ચા ચાલી. સુભાષિતના સંદેશનો સાર એ જાતનો તારવી શકાતો હતો કે, રાજા તો માત્ર પોતાના દેશના સીમાડા પૂરતો જ પૂજ્ય ગણાય છે. જ્યારે વિદ્વાન તો દેશ-પરદેશ, યત્ર-તત્ર-સર્વત્ર પૂજ્યપાત્ર બનતો હોય છે. આ ચર્ચા થોડી લંબાતી ગઈ, ત્યારે સિદ્ધરાજે એને ટૂંકાવવાના આશયથી મનમાં ઘૂંટાઈ રહેલી એક એ વાતને જરા કટાક્ષ અને મશ્કરીના સ્વરૂપમાં રજૂ કરવાની તકને ઝડપી લેતાં કહ્યું કે, મહારાજ! 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે'ની વાત કરો છો, પણ એ કેમ ભૂલી જાવ છો કે, તમે મારા રાજ્યાશ્રિત છો, માટે જ આટલા બધા માન-પાન-સન્માન પામી શકો છો ને ?

કટાક્ષબાણ રૂપે આટલો પ્રશ્ન કરીને સિદ્ધરાજે જ્યાં મૌન સ્વીકાર્યું, ત્યાં જ સાધુ અને સૂરિ તરીકેના સ્વમાનને સાચવવા શ્રી વીરસૂરિજી મહારાજે શેહશરમમાં જરાય તણાયા વિના પ્રશ્નાત્મક પડકાર ફેંક્યો કે, રાજ્યાશ્રયમાં આવું સામર્થ્ય હોત, તો રાજ્યાશ્રિત કૂતરો પણ સિંહની અદાથી ગર્જના કરી શકતો હોત! માટે ગર્જના કરવા માટે જરૂરી પરિબળ તો સત્ત્વ જ ગણાય, નહીં કે રાજ્યાશ્રય !

પોતાની સામેના આ પડકારથી જરાક છંછેડાયેલા સિદ્ધરાજે થોડાક આવેશમાં આવી જઈને સંભળાવી દીધું કે! મહારાજ! ગુજરાત છોડીને બીજા પ્રદેશમાં વિચરણ કરો, પછી ખબર પડશે કે, રાજ્યાશ્રયનો પ્રભાવ કેવો છે!

સત્યને સમજવા માટે પણ અમુક યોગ્યતા-ભૂમિકા હોવી જરૂરી ગણાય. બહુ ખેંચવામાં સાર ન જોઈને શ્રી વીરસૂરિજી મહારાજે મનોમન નક્કી કરી નાખ્યું કે, ગુજરાત બહારના પ્રદેશમાં વિચરવાની વાતમાં આમ તો સિદ્ધરાજ સંમત થાય, એવી શક્યતા નથી પણ આજે એમના મોઢામાંથી વાતવાતમાં જે શબ્દો સરી પડ્યા છે એને સંમતિ માની લઉં, તો ગુજરાત બહાર જવાની છૂટ મળી ગઈ ગણાય. અન્યત્ર વિચરણ કરવાની આ સારી તક છે. આ તક સાધી લેવાથી સાધુ તરીકે જૈનાચાર્યમાં કેવું સ્વમાન હોવું જોઈએ, એનો ખ્યાલ આવશે અને એથી જ પોતાની ભૂલ સમજાઈ જતાં એને સુધારી લેવાની સદ્બુદ્ધિ પણ સિદ્ધરાજમાં જાગશે.

મનોમન લઈ લીધેલા આવા નિર્ણયનો જરા પણ અણસાર આવવા દીધા વિના શ્રી વીરસૂરિજી મહારજ એકાદ દિવસમાં જ ઝડપી વિહાર દ્વારા ગુજરાત બહારના પ્રદેશમાં પહોંચી જઈને વિચરણ કરવા માંડ્યા. એમની કીર્તિ તો ગુજરાત કરતાંય અન્યત્ર વધુ ગાજી રહી હતી. એથી ઠેર ઠેર ગુજરાત કરતાંય સવાયું માન-સન્માન પામતા એઓશ્રી રાજસ્થાનમાં પાલી આસપાસના પ્રદેશમાં વિચરી રહ્યા. એ વિચરણ જે રીતે પુણ્ય-પ્રભાવક બની રહ્યું હતું, એની રોમાંચક વાતો ફેલાતી ફેલાતી પાટણમાં પહોંચી, ત્યારે જ સિદ્ધરાજને એવો ખ્યાલ આવવા પામ્યો કે, અભિમાન અને આવેશમાં આવી જઈને મેં જે ભૂલ કરી છે, એનું પ્રાયશ્ચિત્ત કરાવવા જ શ્રી વીરસૂરિજી મહારાજ પાલી પહોંચી ગયા લાગે છે.

પોતાની ભૂલનો વિપાક આટલો બધો તીવ્ર આવશે, એની તો સિદ્ધરાજને કલ્પના જ ન હતી. જો કે શ્રી વીરસૂરિજી મહારાજનું રાજસભામાં ગમનાગમન બંધ થઈ જતાં એમના દિલમાં જાતજાતના વિકલ્પો-વિચારોનું વાવાઝોડું તોફાન મચાવી રહ્યું હતું. એમાં જ્યાં પાલી આસપાસ વિચરણના પાકા સમાચાર મળ્યા ત્યાં જ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા સિદ્ધરાજે પોતાના મંત્રીઓને પાલી રવાના કર્યા અને એમની સાથે શ્રી વીરસૂરિજી મહારાજ પર લેખિત આમંત્રણ પત્ર ઉપરાંત એવો મૌખિક સંદેશ પણ પાઠવ્યો કે, આપના આશ્રય વિના હું અનાથતા વેઠી રહ્યો છું. મને એ ભૂલનું હવે જ ભાન થઈ રહ્યું છે કે, આપ તો એવા સૂર્ય છો કે, જેને પ્રકાશિત બનવા રાજ્યાશ્રયની જરૂર જ ન પડે. રાજ્યાશ્રય આપને પ્રકાશિત રાખે છે, આમ માનીને હું ભીંત જેવી ભારેખમ ભૂલનો ભોગ બન્યો હતો. મારે હવે આ ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવું છે, માટે હું આપને પાટણ પધારવાની વિનમ્ર વિનંતી કરી રહ્યો છું. મને વિશ્વાસ છે કે, ઉદાર દિલ ધરાવતા આપ મારી વિનંતી અવશ્ય સ્વીકારશો.

મંત્રીઓની આ વિનંતી જે રીતે સાંભળવામાં આવી અને જે રીતે એનો જવાબ શ્રી વીરસૂરિજી મહારાજે વાળ્યો, એ જોતાં મંત્રીઓને એવો વિશ્વાસ બેસી ગયો કે, આમના મનમાં સિદ્ધરાજ તરફ અસદ્ભાવનો થોડોય અંશ જોવા મળતો નથી. જવાબમાં એમણે કહ્યું કે, સિદ્ધરાજને ધર્મલાભ સાથે જણાવજો કે, ગુજરાતમાં તો ઘણું ઘણું વિચરણ કર્યું છે, હવે આ તરફ વિચરણની ભાવના છે. આમ છતાં ક્ષેત્ર-સ્પર્શના કરતાં કરતાં ગુજરાતની દિશા લઈશું, તો પાટણ તરફ આવવાની ભાવના અવશ્ય રાખીશું.

આ જવાબ સાંભળીને મંત્રીઓને થયું કે, થોડાઘણા સમય પછી પણ જરૂર સિદ્ધરાજની ભાવના ફળશે અને શ્રી

વીરસૂરિજી મહારાજ પાટણ તરફ પધારશે. આવા આશાવાદ સાથે મંત્રીઓ પાટણ તરફ વિદાય થયા, પાટણ પહોંચીને એમણે જે માહિતી દર્શાવી, એ સાંભળીને સિદ્ધરાજને પણ એવી આશા બંધાઈ કે, થોડાક જ સમયમાં મારી ભાવના ફળીભૂત બન્યા વિના નહિ જ રહે.

સિદ્ધરાજ તરફ એવો ને એવો સદ્ભાવ હોવા છતાં શ્રી વીરસૂરિજી મહારાજ હજી પાકી ચકાસણી કરવા માંગતા હતા કે, સિદ્ધરાજ સાચે જ પ્રાયશ્ચિત્ત કરવા માગે છે કે માત્ર વ્યવહાર ખાતર જ મને આમંત્રવા માંગે છે ! જો બીજી વાર પણ મંત્રીઓ પાછા વિનંતી માટે આવે, તો સિદ્ધરાજના પાટણ પધારવાના આગ્રહને દેખાવ નહિ, ભાવના ગણીને એ ભાવના-પૂર્તિ માટે પગલું ઉઠાવવાનો નિરધાર કરીને શ્રી વીરસૂરિજી મહારાજ રાજસ્થાનમાં જ વિચરતા રહ્યા.

સિદ્ધરાજના હૈયામાં પ્રાયશ્ચિત્ત કરવાની જાગેલી ભાવના સાચી હતી, એથી એમણે પોતાના અંગત માણસો દ્વારા એવી તપાસ ચાલુ રાખી હતી કે, શ્રી વીરસૂરિજી મહારાજનો વિહાર ગુજરાત તરફ થયો કે નહિ ? આ તપાસમાં જ્યારે એવું જાણવા મળ્યું કે, વિચરણક્ષેત્ર હજી રાજસ્થાન જ છે. ત્યારે એમણે બીજી વાર મંત્રીઓને શ્રી વીરસૂરિજી મહારાજની સેવામાં આગ્રહપૂર્ણ વિનંતીપત્ર સાથે રવાના કર્યા.

પાલી આસપાસ જ વિચરણ કરી રહેલા શ્રી વીરસૂરિજી મહારાજની સમક્ષ એક દહાડો જ્યાં પાટણના મંત્રીઓ ઉપસ્થિત થયા અને ભક્તિભાવિત બનીને એમણે સિદ્ધરાજ વતી જે રીતે વિનંતી દોહરાવી, એ સાંભળીને રાજસ્થાનવાસી ભાવિકોને ખાતરી થઈ ગઈ કે, ગુજરાતનું ભાગ્ય પ્રબળ છે, એથી માંડ માંડ પોતાના આંગણે આવેલી ધર્મગંગા પાછી ગુજરાતની દિશામાં જ વળી જશે.

ગુજરાતના મંત્રીઓની વિનંતીમાં પ્રાયશ્ચિત્ત કાજે તલપી રહેલા સિદ્ધરાજના હૈયાનો પોકાર પણ ભળ્યો હતો. એથી એ વિનંતીને અસ્વીકૃત કરવાનો અવકાશ જ ન હતો. પાટણની વિનંતિ સ્વીકૃત થતાં મંત્રીઓ પ્રસન્ન હૈયે વિદાય થયા, ગુજરાતમાંથી રાજસ્થાન તરફ આવેલી એ ધર્મગંગા જ્યારે ગુજરાત તરફ જ પાછી ફરી, ત્યારે રાજસ્થાને રોશની ખોયાનો આઘાત અનુભવ્યો, જ્યારે ગુજરાતમાં ઠેરઠેર ધર્મપ્રભાત ખીલી ઊઠ્યાની પ્રસન્નતા રેલાઈ રહી.

શ્રી વીરસૂરિજી મહારાજ પાટણ પ્રવેશ પૂર્વે ચારૂપમાં પધાર્યા, ત્યારે ખુદ સિદ્ધરાજે એમની સેવામાં ઉપસ્થિત થઈને અશ્રુભરી આંખે પોતાની એ ભૂલનો એકરાર કરતાં કહ્યું કે, અભિમાનનો ભોગ બનીને મેં રાજ્યાશ્રયને વધુ પડતું મહત્ત્વ આપ્યું, એથી ગુજરાતને ઘણું ખોવું પડ્યું અને આપને આટલું બધું વિહારકષ્ટ વેઠવું પડ્યું, આ બદલ ક્ષમા ચાહું છું.

શ્રી વીરસૂરિજી મહારાજના મંગલમુખેથી જવાબ રૂપે એટલા શબ્દો સરી પડ્યા કે, સાધુ તરીકે સ્વમાનરક્ષાનું કર્તવ્ય અદા કરવા જતાં રાજસ્થાનની તીર્થભૂમિઓની સ્પર્શનામાં તમે નિમિત્ત બન્યા, એનો આનંદ છે. છતાં તમારા સંતોષ ખાતર મારે પણ ક્ષમાનું પ્રદાન કરવું જ રહ્યું.

ક્ષમાના આદાનપ્રદાનની એ પળો ઈતિહાસના પાને સુવર્ણાક્ષરાંકિત બની જવા પામી. સૌ મનોમન બોલી ઊઠ્યા કે, સિદ્ધરાજનું અભિમાન અને સૂરીશ્વરજીનું સ્વમાન સીમાતીત નહોતું, માટે જ આજે આપણે આવી ફલશ્રુતિ નિહાળવા સૌભાગ્યશાળી નીવડી શક્યા.

●

## ૧૭

# અહિંસા/અભયનો અવતાર

જાત જળવાતી હોય, તોય અન્યને અભયદાન આપનારી કરુણાનો આજે કારમો દુકાળ પડ્યો છે. આજે સુકાળ છે : માત્ર એવી ક્રૂરતાઓનો, જે અન્યની કબર ખોદીનેય ત્યાં પોતાનું ઘર ચણતી હોય ! આવા આ યુગમાં થોડોક જ જૂનો એ ભૂતકાળ સહેજે - સહેજે યાદ આવી જાય છે, જ્યારે જાતના જોખમેય અન્યને અભય આપનારા જીવદયાના જ્યોતિર્ધરો ઠેર-ઠેર પ્રકાશ પાથરતા જોવા મળતા હતા.

મેરુશાહ આવા જ એક જ્યોતિર્ધર હતા. એમના જીવનનો એક પ્રસંગ એમ કહી જાય છે કે, જાન-જાતને જોખમમાં મૂકીનેય જીવોની જતના કરવાની કમનીય કરુણાના તેઓ ઝરણાં હતા. જૈનત્વથી જ્વલંત કુળ-સંસ્કારો એમને ધાવણમાં જ પીવા મળ્યા હતા. અને વીરતાની તો તેઓ મૂર્તિ જ હતા ! એથી જોધપુર જેવા રાજ્યનું મંત્રીપદ મળવા છતાં તેઓ પોતાની આ વીરતાને તલવારનું નહિ, ઢાલનું જ કર્તવ્ય અદા કરવામાં જોડતા ! એમની વીરતા જીવદયાના સંસ્કાર પામીને વધુ વિખ્યાતિ મેળવી શકી હતી.

એકવાર મેરુશાહ દિલ્હીની સફરે ઉપડ્યા. દિલ્હી તો ઘણું દૂર હતું. પણ વચમાં એક પ્રસંગ એવો બની ગયો કે, દિલ્હીનું એ અંતર ખૂબ જ ઝડપે કાપવું પડ્યું. મેરુશાહ મંત્રી તો હતા જ, પણ સાથે એક મોટા ઝવેરી અને શાહસોદાગર પણ હતા. એથી લાખ્ખોની કિંમતનું ઝવેરાત લઈને તેઓ પોતાના કામકાજ માટે દિલ્હી તરફ જઇ રહ્યા હતા, ત્યાં અધવચ્ચે જ એકવાર તો દિલની કરુણા ઝરણાં રૂપે ખળખળ નાદે વહેવા માંડે, એવી એક ઘટના બની ગઈ ! મેરુશાહ દિલ્હી તરફ આગે બઢી રહ્યા હતા, ત્યાં સામેથી એક એવું ટોળું આવતું જણાયું, જેનું દૃશ્ય લશ્કર કે લૂંટારાની ટોળી જેવું હોય ! છતાં મેરુશાહ જરાય ગભરાયા નહિ. થોડી વધુ પળો પસાર થઈ અને મેરુશાહના મનમાં એક શંકા જાગી કે, આ ટોળું ગુલામોનું તો નહિ હોય ને ?

ઓહ્ ! આટલા બધાં ગુલામો કોણે પકડ્યા હશે ? આ ગુલામો ક્યાંથી પકડાયા હશે ને ક્યાં લઈ જવાતા હશે ? મેરુશાહની આવી વિચાર-ધારા થોડી આગળ વધે, એ પૂર્વે તો એ ટોળામાંથી ઉઠતા દયાજનક અવાજો અને જીવનની ભિક્ષા કાજે થતી કાકલૂદીભરી પ્રાર્થનામાં ઘૂંટાતો હૈયાનો વલોપાત મેરુશાહના દિલને અડી ગયો અને તેઓ વિચારી રહ્યા : આ બિચારા ગુલામોને કોણ મુક્ત કરશે ? શું રીબાઈ રીબાઈને જીવવા જ આ બધા ગુલામો સરજાયા હશે ?

મેરુશાહના મનમાં જાગેલી દયા-ભાવના વિચારી રહી : આ બધા ગુલામોને બચાવી લેવા, એ એક માનવ તરીકેનીય મારી ફરજ થઈ પડે છે. જ્યારે હું તો માનવ ઉપરાંત જૈન પણ છું, એથી આ ફરજમાંથી તો હું કઈ રીતે છટકી શકું ? સામ-દામ-દંડ-ભેદ : આમાંથી ગમે તેનો આશરો લઈને પણ મારે આ ગુલામોને બચાવવા જ રહ્યા ! પોતાના સાથીદારોને

એમણે આ વાત જણાવી, તો કોઈએ એને અશક્ય કહીને અવગણી, તો કોઈએ આને સાવ જ અસંભવિત ગણાવીને આ વિચારને સ્વપ્નેય અવકાશ ન આપવાની સલાહ આપી. પણ મેરુશાહ તો પોતાની વિચારધારામાં આગળ વધ્યે જ જતા હતા.

થોડીવારમાં તો એ ટોળું નજીક આવી પહોંચ્યું. એના નાયકની સાથે પૂછપરછ કરતા મેરુશાહને એવું જાણવા મળ્યું કે, આ બધા ગુલામોની માલિકી શહેનશાહ હુમાયુની છે. અને વેચાણ માટે આ ગુલામો જુદા જુદા શહેરોમાં લઈ જવાની યોજના છે. ગુલામોની વાતમાં ઊંડા ઉતરીને માહિતી મેળવતા મેરુશાહને જોઈને ગુલામોના સરદારને મશ્કરી કરવાનું મન થયું. એણે મશ્કરીમાં પૂછ્યું : મેરુશાહ ! આ બધા ગુલામોને ખરીદી લેવાનો વિચાર છે કે શું ? તમારો પરિચય ?

મેરુશાહની કરુણા તો એક પણ ગુલામની બંધન-દશાનો વિચાર કરતાં જ ધ્રૂજી ઉઠતી હતી. જો પોતાની પાસે સંપત્તિનું બળ હોત, તો બધા જ ગુલામોને ખરીદી લેતા તેઓ પળનોય વિલંબ ન કરત ! ભલે આમ કરવા જતા પોતાને ભીખ માંગવાનો વખત આવે ! પણ આવી સંપત્તિ-શક્તિ પોતાની પાસે ન હતી. છતાં એમણે સરદારને પૂછ્યું : કેટલા ગુલામો છે ?

જવાબ મળ્યો : બાર હજાર ! આ જંગી આંકડો સાંભળતા જ મેરુશાહ વિચારમાં ગરકાવ થઈને ગંભીર બની ગયા. પણ એમના મનમાં એક નવા જ વિચારની વીજ ઝબૂકી ગઈ. એના પ્રકાશમાં ભાવિને ભાળીને એમણે કહ્યું : સરદાર ! આપ જો દિલ્હી-દરબારના માનવંતા સરદાર છો, તો હું પણ જોધપુરના દરબારનો વજીર છું અને જોધપુરના રાજવી વળી દિલ્હીના શહેનશાહ હુમાયુના તાબેદાર છે ! આથી

શહેનશાહની પણ મારી ઉપર ઠીકઠીક કૃપા છે. એથી આપણા બંનેના સ્વામી તો એક જ ગણાય ને ? આપણે આ દૃષ્ટિએ મિત્ર પણ ગણાઈએ. મિત્રતાના દાવે હું તમને પૂછું છું કે, તમે આટલા બધા ગુલામોને પકડ્યા છે, તો આમાં તમને શો લાભ મળવાનો ?

'લાભ ?' સરદારે કહેવા માંડ્યું : લાભનું તો લેખું જ ક્યાંથી લગાવી શકાય ? આ ગુલામોના વેચાણની જે રકમ આવશે, એનો અમુક હિસ્સો અમને મળવાનો ! તદુપરાંત આટલા ગુલામો પકડવા બદલ બાદશાહ તરફથી જે માન-સન્માન અને ઈનામ ઈલ્કાબ મળશે, એ તો વળી નફામાં ! શું આ લાભ ઓછો છે ?

સરદારની આ વાત સાંભળતા જ મેરુશાહનું દિલ દ્રવી ઉઠ્યું. એમણે વળતી જ પળે જાનની સલામતીના વિચારને અળગો કરી દઈને કહ્યું : સરદાર ! હું બાદશાહસલામત પાસેથી એક હુકમ લઈને આવ્યો છું. આનું પાલન તમારે કરવું જ પડશે.

આ વિચિત્ર વાત સાંભળતા જ પોતાનું સ્વપ્ન વિખેરાઈ જતું જણાતા સરદારે જરા ગુસ્સામાં આવી જઈને પૂછ્યું : મેરુશાહ ! શેનો હુકમ અને શેનું પાલન ?

મેરુશાહે કહ્યું : અમે સૌ જૈન છીએ. જૈનોને જીવદયા કાળજાથીય વધુ પ્યારી હોય છે. એક વખત બાદશાહ મારી પર ખુશ થયેલા, ત્યારે મેં માંગેલું કે, આપના સરદારો ગુલામોને પકડવાની જે પ્રવૃત્તિ કરી રહ્યા છે, એમાં એકવાર આવા ગુલામોને મુક્ત કરવાનો મને અવસર મળવો જોઈએ. ત્યારે ખુશ થયેલા બાદશાહે મારી આ માંગણી સ્વીકારી લીધેલી. આજે આ માંગણી મુજબ હું આ બધા ગુલામોને મુક્તિનું દાન આપવા ઈચ્છું છું.

આ સાંભળતા જ સરદાર બરાડી ઉઠ્યો : મેરુશાહ ! દગો રમવાની આવી વાતમાં આવી જાય, એ બીજા ! આ તમારી વાત સાવ બનાવટી છે. માટે તમે તમારા રસ્તે પડો, નહિ તો ગુલામ તરીકે તમને સૌને પણ ગિરફતાર કરતા અમે પળનીય પ્રતીક્ષા નહિ કરીએ !

મેરુશાહ કંઇ આ સાંભળીને ડરી જાય એવા ન હતા. એમણે કહ્યું : સરદાર ! આમ બાદશાહના હુકમને બનાવટી કહીને એનો અમલ નહિ કરો, તો બાદશાહનો કોપ ખમવો પડશે. મારી પર એમની ખૂબ જ મહેર છે. માટે જે કંઈ બોલો, એ ખૂબ વિચાર કરીને પછી જ બોલજો. જો તમને ફરમાનની નકલ જ જોઈતી હોય, તો હું એ ફરમાનને અહીં હાજર કરવા તૈયાર છું. બોલો, એ ફરમાન અહીં હાજર કરું, તો તો આ બધા ગુલામોને મુક્તિ આપવાની તમારી તૈયારી છે ને ? હા. એટલું જરૂર કે, હું ફરમાન લઈ આવું, ત્યાં સુધી બે ત્રણ દિવસ તમારે અહીં રોકાવું પડશે. કારણ કે જોધપુર કંઇ નજીક નથી કે, ફરમાન અબી ને અબી હાજર કરી શકું ?

આ સાંભળીને સરદાર જરા ઢીલો પડ્યો. એણે કહ્યું : મેરુશાહ ! તમારી વાત કબૂલ ! ફરમાન હાજર કરો, તો આ બધાને અભયનું દાન કરવામાં હું પળનોય વિલંબ નહિ કરું. પણ વચગાળાના આ ત્રણચાર દિવસ સુધી આ બધા ગુલામોના ભોજન-પાણીનો ખર્ચ કોણ ભોગવશે ?

મેરુશાહ ખુશ થતા બોલ્યો : સરદાર ! એની ચિંતા શી કરો છો ? આ ખર્ચ હું ભોગવી લઈશ. જીવનદાન આપવાની જેની તૈયારી હોય, એ અન્નદાન માટે આનાકાની કરે ખરો ?

સરદાર હવે બંને બાજુથી બંધાઈ ગયો. મેરુશાહની આ વાત ગુલામોમાં ફેલાતા સૌના આનંદનો પાર ન રહ્યો. 'અભયના અવતાર' મેરુશાહની સૌ શુભેચ્છા ઇચ્છી રહ્યા.

વળતી જ પળે પવનવેગી સાંઢણી પર સવાર થઈને જોધપુરના બદલે મેરુશાહ દિલ્હીના માર્ગે પોતાની સાંઢણી હંકારી ગયા !

— ● —

દિલ્હીનો દરબાર ઝવેરાતના ઝળકાટ જોવામાં મશગુલ હતો. બાદશાહ હુમાયુએ પોતાની જિંદગીમાં ન જોયું હોય, એવું તેજસ્વી એ ઝવેરાત હતું. એક આગંતુક વિનયાવનત બનીને કહી રહ્યો હતો : શહેનશાહ હુમાયુ ! આપના ઝનાનખાના માટે આ મામૂલી-ભેટ લઈને હું ઉપસ્થિત થયો છું. મને આપ નિરાશ નહિ જ કરો, એવો વિશ્વાસ છે. આપની દૃષ્ટિએ તો આ ઝવેરાતનું મૂલ્ય કદાચ કોડી જેટલુંય નહિ હોય, પણ મારા જીવનની તો આ કમાણી છે. આપ આને સ્વીકારશો, તો હું ધન્ય ધન્ય બની જઈશ.

બાદશાહ આગંતુક-માણસને નિહાળી રહ્યો. કોઈ નવો જ ચહેરો દેખાતો હતો. છતાં એની ઓળખાણ પૂછવાનું ભૂલી જઈને બાદશાહ તો દીવા પાછળ પાગલ બનતા પતંગિયાની જેમ ઝવેરાતના ઝાકઝમાળ પર જ મોહી પડ્યા હતા. એમણે કહ્યું યહ તો બહુત બડા નઝરાના હૈ. ઈસકા મૂલ્યાંકન કરના મેરી શક્તિ સે પર હૈ. ઈસકા તો હમ સહર્ષ સ્વીકાર કર લેતે હૈ. મગર આપ દિલ્હી કે ઈસ દરબાર મેં સે ખાલી હાથ નહીં લૌટ સકતે. આપ કુછ સ્વીકારેંગે, તો હમ આપકી ભક્તિ કો થોડે ઠુકરાનેવાલે હૈ ! ઈસ લિયે આપકો કુછ તો માંગના હી પડેગા.

ઝવેરાતની રાશિને બાદશાહના હાથમાં સમર્પિત કરતા એ આગંતુકે કહ્યું : જહાપનાહ ! આપકી કૃપા કા હી મૈં માશુક હૂં. કિંતુ મેરી ઈસ નાચીઝ ભેટ કા સ્વીકાર કરવાને કે લિયે હી મુઝે આપકે પાસ હાથ બઢાના ઉચિત લગતા હૈ. મૈં એક નેકકાર્ય કે લિયે કોરે કાગજ પર આપકે દસ્તખત ચાહતા

હૂં. વિશ્વાસ રખના, ઈસ કાગજ કા જરા ભી દુરુપયોગ નહીં હોગા !

હુમાયુ તો ઝવેરાત પર એટલો બધો ખુશ થઈ ગયો કે, આ ઝવેરાતની કિંમત કરતા ચારગણું મૂલ્ય માંગવામાં આવ્યું હોત, તોય વિચાર્યા વિના એ મૂલ્ય આપી દેત ! આટલા પ્રમાણમાં રીઝેલા રાજા પાસે વળી સહીવાળો કોરો એક કાગળ મેળવતા ક્યાંથી મુશ્કેલી પડે ? હુમાયુએ તરત જ સહીવાળો કોરો કાગળ એ આગંતુકને આભારવશ બનીને આપી દીધો. આગંતુક જ્યાં દરબારમાંથી જવા રવાના થયો, ત્યાં જ કંઈક યાદ આવતા બાદશાહે એને પાછો બોલાવીને પૂછ્યું કે, મૈં આપકા નામ-ઠામ તો પૂછના હી ભૂલ ગયા ! આપ કૌન હો ઔર કહાં સે આ રહે હો ?

આગંતુકે પોતાની ઓળખાણ આપતા કહ્યું : જહાંપનાહ ! નામ તો મેરા મેરુશાહ હૈ. મૈં જોધપુર-રાજ્ય કા વજીર હૂં. મેરી ઈતની પિછાણ કાફી હૈ.

લાખ્ખો રૂપિયાની કિંમતના ઝવેરાતના બદલામાં હુમાયુની સહીવાળો એક કોરો કાગળ મળી જતા ખુશ ખુશ થઈ ગયેલા મેરુશાહને હવે પળનોય વિલંબ પાલવે એમ નહતો. પળ લાખેણી વીતી રહી હતી. એથી મારતે ઘોડે તેઓ પાછા ફર્યા. કોરા કાગળ પર જરૂરી લખાણ એમણે જાતે લખ્યું અને એ કાગળને એમણે ફરમાનમાં ફેરવી નાખ્યો. કાગળમાં નીચે બાદશાહની સહી તો હતી જ.

જંગલમાં ગુલામોનું પેલું ટોળું અભયના અવતાર મેરુશાહની કાગડોળે પ્રતીક્ષા કરતું સ્વતંત્રતાના ગીત ગાતું નાચગાન કરી રહ્યું હતું. ત્યાં એક દહાડો મેરુશાહ સરદાર સમક્ષ આવી ઊભા. ફરમાનને સરદારના હાથમાં મૂકતાં એમણે કહ્યું : આ ફરમાન તમારું ! ને આ બધાનું અભયદાન મારું !

સરદારે ફરમાન વાચ્યું. હવે એ શું બોલી શકે ? એ ફરમાનને પોતાના ખિસ્સામાં મૂકતા મૂકતા એણે બારે બાર હજાર ગુલામોની મુક્તિ જાહેર કરી દીધી. મુક્તિનો આ સ્વર ફેલાતા જ જંગલમાં મંગલ રચાઈ રહ્યું અને બધા જ કેદીઓ મેરુશાહની 'અભયના અવતાર' તરીકેની આરતી ઉતારવા માંડ્યા. ત્યારે મેરુશાહે સૌને કહ્યું કે, આ તો બાદશાહ હુમાયુની કૃપા છે. માટે મારા નહિ, એ બાદશાહના ગુણગાન બધે ફેલાવજો ! હું તો એમની ચિઠ્ઠીનો ચાકર ગણાવું. મારા વળી ગુણ ગાવાના હોય ?

પાંજરામાંથી મુક્ત થયેલા પંખીઓની જેમ કિલકિલાટ કરતા બધા ગુલામો થોડી જ ઘડીઓમાં પોતપોતાના રસ્તે ચાલી નીકળ્યા. એ દશ્ય જોઈને મેરુશાહનો આનંદ સમાતો ન હતો. પણ એમને પાકી ખાતરી હતી કે, બાર હજાર ગુલામોની મુક્તિનો અંજામ પોતાના મોતમાં જ પલટાવાનો હતો ! કારણ કે આ રીતે ૧૨ હજાર ગુલામોને મુક્તિદાન એ કાંઈ સામાન્ય ગુનો નહતો ! આના વિપાક રૂપે પોતાને મળનારા મોતને સહર્ષ ભેટવા કાજે આ જાતના અભયદાનથી મળેલા પુણ્યના ગીત ગાતા ગાતા મેરુશાહ એક અપરાધી તરીકે સામે પગલે બાદશાહ પાસે જઈને ગુનો કબૂલી લેવા માગતા હતા. કારણ કે બીજાના મોતથી તેઓ જેટલા ડરતા હતા, એટલા જ પોતાના મોતથી તેઓ નીડર અને નિર્ભીક હતા.

મેરુશાહે પોતાના માણસો સમક્ષ આ મુક્તિ દાનનો બધો ભેદ ખોલી દઈને કહ્યું કે, હું 'અહિંસા પરમો ધર્મ'માં માનું છું. અને અહિંસા વીરોનું વ્રત છે. માટે જ વીરોચિત-મૃત્યુનો હું આશક છું. મારી ગણતરી મુજબ આ ગુનાની સજા રૂપે મને મોત મળવાનું જ છે. પછી મારે શા માટે એ મોતથી

ભાગતા ફરવું ? ઘરમાં મારા વતી સૌને ક્ષમાપના જણાવજો ને કહેજો કે, મારા મૃત્યુ બદલ કોઈ શોક ન કરે ! કારણ કે મારા એકનું મૃત્યુ ૧૨ હજાર ગુલામોને જીવનનો આનંદ આપવામાં નિમિત્ત બન્યું છે. બસ ! હવે હું વીરોચિત મૃત્યુને વરવા સામે પગલે દિલ્હીના દરબારમાં હાજર થઈ જવા પ્રયાણ કરું છું.

મેરુશાહની આ વાત સાંભળતા જ સૌની આંખે આંસુના તોરણ રચાયા. એમના મેરુ જેવા મનોબળને ચલાવવાની તાકાત કોઈની પાસે નહતી. એથી કશું જ બોલવા જેવું નહતું. સૌને જુહાર કરીને મેરુશાહ મોતને ભેટવા ચાલી નીકળ્યા. ઝડપી-પ્રવાસ ખેડીને તેઓ એક ગુનેગારના રૂપ-સ્વરૂપમાં હુમાયુના પગ પકડતા બોલ્યા : મેં આપકા બડા ગુનહગાર હૂં, ઔર ઉસકી સજા ભુગતને કે લિયે હી આ ખડા હૂં.

બાદશાહ આ વિચિત્ર-ગુનેગારને નિહાળી જ રહ્યા. એમણે પૂછ્યું : મેરી ઈસ જિંદગીમેં તેરે જૈસા કોઈ ગુનહગાર મૈને દેખા નહીં, જો ઈસ તરહ ઈકરાર કરતા હો. બોલ, ક્યા હૈ તેરા કસૂર !

મેરુશાહે બધી વાત 'અથ' થી 'ઈતિ' સુધી કહી સંભળાવી. થોડા દિવસો પૂર્વે જ ઝવેરાતનું નજરાણું ધરી ગયેલા મેરુશાહને આ રીતે પોતાની જાતને ગુનેગાર તરીકે કબૂલતા સામે ખડા થયેલા જોઈને બદશાહની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. એમણે સજા પાત્ર જણાતા મેરુશાહને પૂજા પાત્ર જાહેર કરતાં કહ્યું :

'આપ તો સજા કે નહીં, પૂજા કે પાત્ર હો, હજારોં કી આઝાદી કે લિયે અપને શિર પર મૌત મોલ લેનેવાલે આપકા તો મૈં આભારી હૂં. આપને અપની દોલત ઔર દેહ કા બલિદાન દિયા ઔર ગુલામોં કે પાસ ગીત મેરે ગુંજિત/ઘોષિત

કરાયેં. કિતની આપ કી સજ્જનતા ! ગુલામોં કી ઈસ મુક્તિ સે મૈને તો કુછ ખોયા નહીં હૈ. ઈસસે જો દુઆ મિલી ઔર ઈસકે કારણ અભયદાતા કી જો કીર્તિ મુઝે મિલી, ઈસસે બઢિયા કમાઈ ક્યા હો સકતી હૈ !'

બાદશાહ બરાબર રીજ્યો હતો. મેરુશાહ તો મોતને હાથમાં લઈને જ આવ્યા હતા. એમણે યશના પૂરેપૂરા ભાગીદાર તરીકે બાદશાહને ઠરાવતા કહ્યું : જહાંપનાહ ! ઈસ મેં મૈંને તો ક્યા કિયા હૈ ! યહ તો આપકી કૃપા હૈ. આપ યદિ મુઝ પર વિશ્વાસ રખ કર કોરે કાગજ પર દસ્તખત નહી દેતે, તો મૈં ક્યાં કર સકને વાલા થા !

મેરુશાહ હુમાયુના ચરણને સ્પર્શીને ઊભા રહ્યા. બાદશાહે મેરુશાહની આ દયાભાવનાની ખૂબ ખૂબ કદર કરી. મેરુશાહ જ્યારે દિલ્હીથી જોધપુર જવા રવાના થયા, ત્યારે 'અભયના અવતાર' તરીકેની એમની કીર્તિ ઝડપી પ્રવાસ કરતી કરતી છેક જોધપુર પહોંચી ગઈ અને સમસ્ત પ્રજા મેરુશાહના આગમનને વધાવવા સજ્જ થઈને પોતાના પ્રિય-મંત્રીની પ્રતીક્ષા કરતી ખડી રહી !

•

## ૧૮

# આંસુના અક્ષર

ઈજ્જતના ચન્દ્રની આડે, ઈર્ષાનો રાહુ ન આવતો હોત, તો આ દુનિયાનો ઇતિહાસ કોઈ ઓર જ વાંચવા મળત ! પણ ઈજ્જતને ઈર્ષાનું ગ્રહણ ખમવું જ પડતું હોય છે અને જ્યારે જ્યારે આવાં ગ્રહણો થાય છે, ત્યારે ત્યારે ઇતિહાસમાં વધુ ને વધુ કાળી કથાઓનો ઉમેરો થતો રહે છે. કાળેકાળે ને પળેપળે, દેશેદેશે ને દિશાએ દિશાંએ, આવાં ગ્રહણો થતાં જ રહે છે અને ત્યારે જ રામાયણ/મહાભારતના યુદ્ધો જેવી કાળી કથાઓ રચાય છે.

વામનસ્થલી એટલે આજના વણથલીમાં એક દિવસ ઈર્ષાની પક્કડમાં ઈજ્જત આવી ને સવચંદ શેઠને એની માઠી અસર ભોગવવાનો વખત આવ્યો.

નેકીનો નેજો જેમના મહેલે કાયમ લહેરાતો ! ઈજ્જતની ઈત્ર-સુગંધ જેમની આસપાસ સદૈવ બની રહેતી, એ સવચંદ શેઠની છાપ વણથલીમાં જ નહિ, ચોમેર ફેલાયેલી હતી. એમને ત્યાં મૂકાયેલું ધન કદીય ધૂળ ન બને, આવી છાપ

હોવાથી વગર સહી-સિક્કે એમને ત્યાં લોકો પોતાનો પૈસો ગીરવે મૂકી જતા !

તારાઓને કદી ગ્રહણ નડતું નથી, ગ્રહણ તો સૂર્ય/ચન્દ્રને નડે છે ! મોટાઓની મોટાઈ પર જ દુર્જનોની આંખ વાંકી હોય છે ! સવચંદ શેઠની જામતી જતી ઈમાન ને ઈજ્જત જોઈને એક વેપારીને ઈર્ષા આવી અને એણે એક ગરાસદારની કાન ભંભેરણી કરવા માંડી :

'સવચંદ શેઠનો વેપાર હમણાં હમણાં ખોટમાં ચાલે છે હોં ! અને પરદેશની સફરે ગયેલાં વહાણોની વીતક પણ સારી નથી ! માટે તમારાં પૈસા દૂધે ધોઈને મળવા-મેળવવાની તમે ઘેલછા ન રાખતાં. આ તો ખાનગી સમાચાર મળ્યાં છે અને તમારાં જેવા મિત્રને નુકશાનીમાંથી ઉગારી લેવાની મારી ફરજ છે.'

પહેલાં ગુંજન કરીને પછી ડંખ મારવાની મચ્છર-વૃત્તિથી વેપારીએ ગરાસદારને કહ્યું.

ગરાસદાર તો સવચંદ શેઠને નેકી ને નીતિનો અવતાર લેખતો હતો, એને વિશ્વાસ હતો કે, શેઠને ત્યાં મૂકેલી દોલત કદીય ખોટી ન થાય, અડધી રાતે માંગો તોય દુધમાં ધોઈને એ દોલત મળે ! પણ વેપારીની વાતોએ એના વિશ્વાસ પર જબ્બર ફટકો લગાવવાનું કામ કર્યું ને એ દ્વિધામાં ફસાયો.

વેપારીને તો આટલું જ ખપતું હતું. શેઠની ઈજ્જતની ઈમારતમાંથી આમ ઈંટો ખેરવવાની જ એની ખેવના હતી. એણે ગરાસદારને અશ્રદ્ધા ને અવિશ્વાસની આંધી વચ્ચે સપડાવી દીધો.

ગરાસદારે શેઠને ત્યાં મોટી રકમ મૂકી હતી. એ ગભરાયો ને સીધો જ એ શેઠની પેઢીએ જઈ ઉભો, એણે કહ્યું :

'શેઠ ! તમારી નેકી પર તો મને પૂરે પૂરી ઈમાન છે, પણ અબઘડી જ મારે મારી રકમની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઈ છે, એથી એ રકમ લેવા જ હું આવી પહોંચ્યો છું !'

શેઠે મુનીમને બોલાવ્યા અને ગરાસદારની રકમ કેટલી છે, એની તપાસ કરવા મુનીમને કહ્યું.

પરભોમનાં વહાણોની કુશળ-વાર્તા હજી આવી ન હતી. એ વહાણો પર મોટી મીટ હતી. શેઠ એના વિચારમાં હતા, ત્યાં તો મુનીમજી હિસાબ-કિતાબ લઈને આવી પહોંચ્યા.

શેઠે હિસાબ-કિતાબ જોયા, તો રકમ ખૂબ જ મોટી હતી અને એનું વ્યાજ પણ ઠીક જ વધી ગયું હતું. પેઢી અત્યારે આટલી મોટી રકમ ભરપાઈ કરી શકે, એમ ન હતી. ઈજ્જતનો સવાલ હતો. અને ઈમાનનો પ્રશ્ન હતો. સવચંદ શેઠના મોં પર અંકાયેલી રેખાઓ જોતાં જ ગરાસદારને પેલો વેપારી સાચો જણાવા માંડ્યો.

શેઠે અને મુનીમે આજુ-બાજુની ઘણી પેઢીઓ પર નજર દોડાવી, પણ એવી કોઈ પેઢી એમની નજરમાં ન આવી, જે ઈર્ષાના વમળમાં ફસાયેલી પોતાની ઈજ્જતને ઉગારે ! અંતે શેઠની નજર સોરઠને વીંધીને દૂરદૂર છેક અમદાવાદ ભણી મંડાઈ.

ત્યારે અમદાવાદમાં સોમચંદ શેઠના નામ પર વેપારના વહાણ ચાલતા, એમની ઝિંદાદીલી, નેકી અને દરિયાદિલી એ વખતે જીભે જીભે ગવાતી.

સવચંદ શેઠને અમદાવાદના આવા સોમચંદ શેઠ સાંભર્યા, આંખની ઓળખ પણ એમની સાથે સવચંદ શેઠને ન હતી. છતાંય એક વેપારી બીજા વેપારીને નામ-કામથી ઓળખે, સંકટ આવ્યે અક્ષરો પર જ લાખોની લેવડ-દેવડ થાય અને કોઈની આબરુ પર ફરી વળનારા પાણી અટકે. એ વખતના વેપારી આલમની નીતિ રીતિ આવી હતી.

સવચંદ શેઠે સોમચંદ શેઠ પર હૂંડી લખવાનો વિચાર કર્યો. એમને વિશ્વાસ હતો કે, એક વેપારી બીજા વેપારીની વહારે ધાશે જ ! અત્યારે ગમે તેમ કરીને પેઢીની પ્રતિષ્ઠા જાળવવાની હતી ને ગરાસદારને ખાતરી કરાવવાની હતી કે, સવચંદનો પૈસો કદીય ખોટો ન થાય !

શેઠે કલમ ઉઠાવી, મુનીમે કાગળ આપ્યો ને હૂંડી લખાવી શરુ થઈ, પણ આવી ખોટી હૂંડી લખવા બદલ શેઠના દિલમાં આંસુઓ ઘૂંટાતા હતાં, પણ એ સિવાય છૂટકો જ ન હતો. પરંતુ જેમ જેમ અક્ષરો લખાયે જતાં હતાં, એમ એમ આંસુઓ ઉપર આવી રહ્યાં હતા !

હૂંડી પૂરી થવા આવી, પણ શેઠના આંસુ હવે ખળાય એમ ન હતા. પોતાના નામના સહી-સિક્કા કર્યા ને એક આંસુ હૂંડી પર ટપકી પડ્યું. એ આંસુના અક્ષરોથી હૂંડી પૂરી થઈ.

સવચંદ શેઠે એ હૂંડી ગરાસદારને આપી અને અમદાવાદની સોમચંદ શેઠની પેઢીનું નામ સૂચવ્યું. ગરાસદારને હવે વિલંબ કરવો પાલવે એમ ન હતો, એ દિવસે જ ગરાસદારે અમદાવાદ જવા પગ ઉપાડ્યો, સાથે આંસુના અક્ષરોની હૂંડી હતી ! શેઠને અક્ષરો કરતાં આંસુ પર વધુ શ્રદ્ધા હતી !

— ● —

અંતે આંસુએ જ પાસું ફેરવ્યું ! સોમચંદ શેઠનું નામ પૂછતાં પૂછતાં ગરાસદારે એમની પેઢી પર પગ મૂક્યો અને સવચંદ શેઠની હૂંડી એમના હાથમાં મૂકી.

અજાણ્યાં અક્ષર ! અજાણ્યું આંસુ ! ! સોમચંદ શેઠને હૂંડીમાં કંઈક વહેમ જેવું જણાયું. એમણે ગરાસદારને પોતાના નોકર સાથે 'અતિથિખંડ' માં મોકલ્યો ને બપોરે આવવાનું સૂચન કર્યું.

સોમચંદ શેઠે મુનીમના હાથમાં હૂંડી આપી, હૂંડી વાંચીને મુનીમનું આશ્ચર્ય પણ નિરવધિ બન્યું. એણે કહ્યું :

'શેઠ, ન ખાતું છે ! ન ખત છે ! ન ખબર છે ! ચોપડામાં કોઈ ખૂણે સવચંદ શેઠ શોધ્યાંય જડતા નથી. એથી આટલી મોટી રકમની હૂંડી એમના નામે શી રીતે સ્વીકારાય ?'

શેઠે ફરીથી હૂંડી હાથમાં લીધી અને મુનીમને ફરીથી ચોપડો તપાસવાની સૂચના કરી. એકવાર, બે વાર, ત્રણવાર શેઠ હૂંડી વાંચી ગયા, પણ કંઈ સમજણ ન પડી ! મુનીમની આંખ પણ ચોપડાના કાળા અક્ષરોની મુલાકાત લઈ રહી હતી, પણ સવચંદ શેઠની મુલાકાત મુનીમજીને ન થઈ, તે ન જ થઈ !

શેઠે ચોથીવાર હૂંડી વાંચવી શરુ કરી અને એમની આંખ છેલ્લે છેલ્લે ત્યાં સ્થિર થઈ ગઈ, જ્યાં અક્ષર સાથે આંસુ ભળ્યું હતું. શેઠ સમજી ગયા કે, કોઈ વેપારીએ પોતાની ઈજ્જત જાળવવાં, મારા પર વિશ્વાસ રાખીને આ હૂંડી લખી છે ને છેલ્લે છેલ્લે દુઃખનું આંસુ અહીં ટપકી પડ્યું છે !

એ અક્ષરોમાંથી નહિ, પણ એ એક આંસુમાંથી સોમચંદ શેઠે, સવચંદશેઠની કટોકટી વાંચી લીધી ને જતાં જતાં શેઠ મુનીમને આજ્ઞા કરતાં ગયા કે, બપોરે ગરાસદાર આવે, ત્યારે લાખની રકમ વ્યાજ સાથે ચૂકતે કરી આપજો, અને મારા નામે એ રકમની ખતવણી કરી નાંખજો !

સવચંદ શેઠનાં અક્ષરો જે કામ ન કરી શક્યાં, એ કામ એક આંસુએ કર્યું. એ આંસુએ આખું પાસું ફેરવી નાંખ્યું. મુનીમજી ન સમજી શક્યા કે, એકાએક શેઠને આ હૂંડીમાંથી શું જડી આવ્યું કે, જેથી તેઓ લાખ રૂપિયા જેટલી ગંજાવર રકમ જતી કરવા તૈયાર થઈ ગયા ?

બપોરને હજી વાર હતી, ત્યાં જ ગરાસદાર આવી પહોંચ્યો, મુનીમે રૂપિયાની થેલીઓ ભરીને તૈયાર જ રાખી

હતી, ગરાસદાર આનંદ સાથે વણથલી તરફ પાછો વળ્યો ને એ દહાડે ઈર્ષાની પક્કડમાંથી ઇજ્જત આબાદ બહાર નીકળી આવી.

— ● —

દિવસો પછી, મહિનાઓ પછી, વર્ષો પછી, અમદાવાદના આ જ સોમચંદ શેઠની પેઢીનું નામ પૂછતો પૂછતો એક વેપારી અમદાવાદના રાજરસ્તાઓ પરથી પસાર થઈ રહ્યો હતો. અંતે એ વેપારી જ્યારે સોમચંદ શેઠની પેઢીને ઊંબરે આવી ઊભો, ત્યારે સૂર્ય મધ્યના આકાશે આવી ઊભો હતો, રૂપિયાની થેલીઓ પર થેલીઓ એણે સોમચંદ શેઠની પેઢી પર ઠાલવવા માંડી, બધાં આશ્ચર્યના વમળમાં ખેંચાયે જતા હતા.

વેપારી સાવ અજાણ્યો હતો અને એની થેલીઓ ઠાલવવાની ક્રિયા કલ્પનાતીત હતી, અંતે એ વેપારી સોમચંદ શેઠના પગ પકડતા બોલ્યો :

'મારી ઇજ્જતની ઈમારતનાં રાખણહાર ઓ શેઠ ! વ્યાજ સાથેની આ રકમ સ્વીકારીને મને ઋણમાંથી મુક્ત કરો !'

ને એ વેપારી એક પછી એક રુપિયાની થેલીઓ શેઠની સામે ખડકવા માંડ્યો, શેઠ અવાક્ હતા. એમને કંઇ જ સમજાતું ન હતું. શેઠ આશ્ચર્ય સાથે પૂછી બેઠા :

'શેઠ ! રકમ શું ? વ્યાજ શું ? ને વળી ઇજ્જત શું ?'

'શેઠ, મારી વાતને આમ ન ઉડાડી દો ! વણથલીથી આવેલી એક અજાણી હૂંડી સ્વીકારીને ઇજ્જતની પડુંપડું થતી મારી ઈમારતને નવ-જીવન આપનાર તમે જ હતા કે બીજું કોઇ ?'

'ઓહ્ ! શું તમે સવચંદ શેઠ ? પધારો, પધારો, પણ એમાં ઉપકાર જેવું મેં શું કર્યું છે કે, તમે મને આટલાં મહાન લેખો છો ? એ તો મારી ફરજ હતી, એક વેપારી બીજા વેપારીની વહારે ન ધાય, તો વેપારના વહાણ કેમ ચાલે ?'

સવચંદ શેઠનો હાથ પકડીને એમને ગાદી પર બેસાડતા સોમચંદ શેઠે, પોતે તો માત્ર એક ફરજ જ અદા કરી છે, એવો ભાવ બતાવ્યો.

'સૂર્ય કદી નથી કહેતો કે, પ્રકાશ આપીને હું ઉપકાર કરું છું. વાદળ નથી યાદ કરતાં કે, આખી સૃષ્ટિને સૌંદર્ય સભર રાખનાર મારો અહેશાન તમે માનો ? એ હૂંડી આપે અણીને અવસરે સ્વીકારીને મારી ઈજ્જતની ઈમારતને જબ્બર ટેકો આપ્યો, એ ઉપકારનો બદલો આજીવન હું આપનાં પગની પગરખી બની જાઉં, તોય વળે એમ નથી !'

'તમારી વાત સાચી ! પણ હવે આ ધન તો હું ન જ લઈ શકું. મારે માટે તો આ 'દેવ-નિર્માલ્ય' જેવું ગણાય ? આ રકમ તો મેં મારા ખાતે ખતવી દીધી હતી. માટે આનો ઉપયોગ હવે તમે બીજી કોઈ ઈજ્જતને રક્ષવામાં કરી શકો છો !'

શેઠ સોમચંદની આગળ રુપિયાની થેલીઓ ખડકાયેલી પડી હતી, એની પર એમનો હક્ક ગેરકાયદેસર ન હતો. પણ દરિયાવ એ દિલ, દીધેલું પુનઃ લેવા તૈયાર ન જ થયું.

સવચંદ શેઠે સોમચંદ શેઠને સમજાવવા આકાશ-પાતાળ એક કર્યા, પણ સોમચંદશેઠના સંગીતનું ધ્રુવપદ એ જ નીકળતું કે, શેઠ ! આંસુના એ અક્ષરે મારાં અંતરને વલોવ્યું, ને અંતરની એ આગ બુઝાવવાં જ મેં એ હૂંડી સ્વીકારી, એથી હવે આ થેલીઓ પર મારો કોઈ જ અધિકાર નથી !

'ન ઘરના ન ઘાટના' જેવી સ્થિતિ હવે સરજાઈ હતી ! રુપિયાની એ થેલીઓને સોમચંદ શેઠ સ્વીકારવા તૈયાર થતા ન હતા અને સવચંદ શેઠે પણ એ ધન પરથી પોતાની તમામ માલિકી ખેંચી લીધી હતી. એ થેલીઓ હવે કોઈ પણ હિસાબે વણથલી લઈ જવા સવચંદ શેઠ તૈયાર ન હતા.

પીરસ્યાં ધાન હવે ઠંડા થઈ રહ્યા હતા. બપોરનો તાપ જામી રહ્યો હતો. પણ શેઠ સોમચંદની પેઢી પર જામેલી/ ચગેલી 'ત્યાગ' ની એ રકઝકનો અંત આવતો ન હતો. બેમાંથી એકે રુપિયાની એ થેલીઓ પર નજર નાખવાય તૈયાર ન હતા.

ત્યાં તો બેનાં ત્યાગભર્યા વિવાદમાં જાણે ત્રીજાનું જ ભાગ્ય-દ્વાર ખુલ્લું થયું ! સોમચંદ શેઠને હવે પ્રશ્નનો ઝડપી ઉકેલ લાવવો હતો. નવી જ દિશા અને નવું દ્વાર શેઠને દેખાયું, એમણે કહ્યું : શેઠ ! તો એમ કરો, આ રુપિયામાંથી તમે એક દેરૂં પાલિતાણામાં બંધાવો.

સવચંદ શેઠને આ વિચાર ગમી ગયો, એમણે કહ્યું :

'શેઠ ! તમે નહિ, આપણે દેરું ચણાવીએ એમ બોલો. એ ધન તો તમારું જ છે ! આના જેટલી જ બીજી રકમ મારાં તરફથી આ દેરામાં ખર્ચવાનું હું વચન આપું છું. સારાં કામમાં તો સો વિઘ્ન ! માટે શેઠ, જલદી શિલ્પી-સલાટ તેડાવો ! જલદી જોશ જોવરાવો અને તાકીદે શેત્રુંજાની કોઈ ભૂમિને મંદિરનો મુકુટ પહેરાવીને શોભાવો !'

નિર્ણય લેવાઈ ગયો. રુપિયાની એ થેલીઓનું સ્થાન વણથલીમાં નહિ, અમદાવાદમાં નહિ, પણ પાલિતાણામાં લખાયું હશે ? થોડા વર્ષોમાં એક ટૂક તૈયાર થઈ. શત્રુંજયની શોભા સમી આજની 'સવા-સોમા'ની ટૂક પાછળનો આ ઈતિહાસ છે !

આ ઈતિહાસનો પહેલો અક્ષર જ 'આંસુનો અક્ષર' છે ! આંસુનો ઈતિહાસ લખનાર કોઈ પણ ઈતિહાસકાર આવા આંસુને ન ભૂલી શકે, જો ભૂલે, તો એના એ ઈતિહાસને 'પૂર્ણ' ની પુષ્પાંજલિ આપવા કોઈ તૈયાર ન થાય.

●




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

॥ नमो आयरियाणं ॥

આચારજ મુનિપતિ ગણી, ગુણછત્રીશી ધામોજી
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી

– મહોપાધ્યાય શ્રી યશોવિજયજી



સૂર્ય જેવા તેજસ્વી

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત